RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૮ મંગળવાર, તા.૦૨-૦૪-૨૦૨૪ અંક : ૨૪૫ વર્ષ : ૧૮ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# આગામી સપ્તાહથી ગુજરાતમાં ૨ થી ૮ દિવસ હીટવેવ

## એપ્રિલથી જૂન વચ્ચે ૧૦ થી ૨૦ દિવસ તીવ્ર ગરમીની આગાહી

અમદાવાદ,

સાત તબક્કામાં યોજાનારી સામાન્ય ચૂંટણીઓ વચ્ચે હવામાન વિભાગે પણ તીવ્ર ગરમીની આગાહી વ્યક્ત કરી છે. ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું હતું કે એપ્રિલથી જૂન વચ્ચે ૧૦ થી ૨૦ દિવસની ગરમીની સંભાવના છે, જ્યારે આ ત્રણ મહિનામાં ગરમીના મોજાની સંખ્યા ૪ થી ૮ ની વચ્ચે રહે છે.

IMD એ સોમવારે ઉનાળાની આગાહીનો અહેવાલ જાહેર કર્યો. જેમાં વિભાગે જણાવ્યું હતું કે દેશના મધ્ય અને પશ્ચિમી રાજયોમાં એપ્રિલથી જૂન દરમિયાન મહત્તમ ગરમી પડવાની સંભાવના છે.

આ ગરમીના દિવસોની સંખ્યામાં વધારો કરી શકે છે. આ દરમિયાન પૃથ્વી વિજ્ઞાન મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે પ્રથમ તબક્કાના મતદાન બાદ ગરમીનું પ્રમાણ વધવા લાગશે.

હવામાન વિભાગના મહાનિર્દેશક ડૉ.એમ.મહાપાત્રાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીના જૂના આંકડા મુજબ સામાન્ય રીતે એપ્રિલમાં માત્ર ૧ થી ૩ દિવસ જ હીટવેવ રહેવાની શક્યતા છે. જો કે આ વખતે ૨ થી ૮ દિવસ હીટવેવ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિ દેશના લગભગ તમામ મેદાની વિસ્તારોમાં થઈ શકે છે. સૌથી વધુ ભય ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, ઉત્તર કર્ણાટક, મધ્ય પ્રદેશ, ઉત્તર છત્તીસગઢ, ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે એક સપ્તાહ બાદ દેશના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

મહાપાત્રાએ જણાવ્યું હતું કે પશ્ચિમ હિમાલય પ્રદેશ, ઉત્તરપૂર્વીય રાજયો અને ઉત્તર ઓડિશાના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય અથવા સામાન્ય કરતાં ઓછું રહેવાની શક્યતા છે. તે જ સમયે, એપ્રિલમાં, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની સંભાવના છે અને તે મધ્ય દક્ષિણ ભારતમાં રહેવાની વધુ સંભાવના છે.

મહાપાત્રાએ જણાવ્યું હતું કે એપ્રિલમાં મહત્તમ તાપમાન પશ્ચિમ હિમાલય ક્ષેત્ર અને ઉત્તરપૂર્વીય રાજયોના ભાગોમાં સામાન્ય અથવા સામાન્ય કરતાં ઓછું રહેવાની અપેક્ષા છે.

# ૧૫મી સુધી કેજરીવાલનું નવું સરનામું તિહાર જેલ

## ૩ પુસ્તકો ની માંગ કરી જેલમાં મળવા માટે ૬ લોકોના નામ આપ્યા

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આ તિહારની જેલ નંબર ૨ના બેરેકમાં બંધ છે. કેજરીવાલને દારૂ કૌભાંડ કેસમાં ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડી માટે તિહાર જેલમાં મોકલવામાં આવ્યા છે. સોમવાર, ૧ એપ્રિલ, ૨૦૨૪, સાંજે ૪:૧૩ વાગ્યે, અરવિંદ કેજરીવાલે તિહારમાં પ્રવેશ કર્યો. ૧૫ એપ્રિલ સુધી અરવિંદ કેજરીવાલનું નવું સરનામુ તિહાર જેલ બની ગયું છે.

કેજરીવાલે જેલમાં અભ્યાસ કરવા માટે કોર્ટ પાસેથી ૩ પુસ્તકોની માંગણી કરી હતી. કેજરીવાલે રામાયણ, ગીતા અને નીરજા ચૌધરીના પુસ્તક હાઉ પ્રાઈમ મિનિસ્ટર ડિસાઈડ્સની માંગ કરી છે. આ સિવાય જેલમાં દવાઓ રાખવાની પરવાનગી માંગવામાં આવી છે. આ સિવાય તેને જેલમાં મળવા માટે ૬ લોકોના નામ આપ્યા છે.

# ભૂકંપથી ધણધણ્યું જાપાન

## રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૬.૧ની નોંધાઈ




ઓમોરી,

જાપાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૧ નોંધવામાં આવી હતી. આજે ઉત્તરી જાપાનના ઈવાતે અને ઓમોરી પ્રાંતમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અગાઉ, નવા વર્ષે પશ્ચિમ જાપાનમાં આવેલા ભૂંકપમાં ૫૦થી વધુ લોકોના મોત થયા હતા. ભૂકંપના જોખમને ધ્યાનમાં રાખીને અધિકારીઓએ ચેતવણી જાહેર કરીને કેટલાક વિસ્તારોમાં લોકોને તેમના ઘરોથી દૂર રહેવા જણાવ્યું હતું. જાપાની મીડિયાના અહેવાલો અનુસાર, હાલમાં આ ભૂકંપના કારણે કોઈ નુકસાનની કોઈ માહિતી નથી. હવામાન વિભાગે સુનામીને લઈને કોઈ એલર્ટ જાહેર કર્યું નથી, જેથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જાપાનની હવામાન એજન્સીના જણાવ્યાનુસાર, ભૂકંપનું કેન્દ્ર ઈવાતે પ્રાંતના ઉત્તરીય તટીયમાં હતું.

# 100% EVM વોટ - VVPAT વેરિફિકેશન મામલે ચૂંટણી પંચને નોટિસ

## તમામ વોટર પેપર સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી

નવીદિલ્હી,

સંસદીય મતવિસ્તારના દરેક વિધાનસભા મતવિસ્તારમાં માત્ર ૫ રેન્ડમલી સિલેક્ટેડ ઈવીએમના વેરિફિકેશનને બદલે ચૂંટણીમાં તમામ વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ પેપર સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી છે. જસ્ટિસ બીઆર ગવઈ અને સંદીપ મહેતાની ડિવિઝન બેન્ચે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા માંગ કરતી અન્ય અરજી સાથેનો આદેશ પસાર કર્યો હતો.

અરજીમાં ECની માર્ગદર્શિકાને પણ પડકારવામાં આવ્યો છે જે જણાવે છે કે VVPAT ચકાસણી ક્રમિક એટલે કે એક પછી એક રીતે કરવામાં આવશે, જેનાથી બિનજરૂરી વિલંબ થશે. અરજીમાં એવી દલીલ કરવામાં આવી છે કે જો




વેરિફિકેશન એકસાથે કરવામાં આવે અને દરેક વિધાનસભા મતવિસ્તારમાં ગણતરી માટે વધુ સંખ્યામાં અધિકારીઓ તૈનાત કરવામાં આવે તો સંપૂર્ણ VVPAT વેરિફિકેશન ૫-૬ કલાકમાં થઈ શકે છે.

અરજદારે દલીલ કરી હતી કે જ્યારે સરકારે લગભગ ૨૪ લાખ VVPAT ની ખરીદી પર લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે, હાલમાં માત્ર ૨૦,૦૦૦ VVPAT સ્લિપની ચકાસણી કરવામાં આવે છે

VVPAT અને EVM ને લઈને નિષ્ણાતો દ્વારા ઘણા પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે અને હકીકત એ છે કે ભૂતકાળમાં EVM અને VVPAT મત ગણતરી વચ્ચે મોટી સંખ્યામાં વિસંગતતાઓ નોંધવામાં આવી છે તે જોતાં તે આવશ્યક છે કે તમામ VVPAT સ્લિપની ગણતરી કરવામાં આવે. આ યોગ્ય રીતે ચકાસવાની તક છે કે બેલેટ પેપરમાં તેના મતની ગણતરી પણ તેને મતપેટી પર શારીરિક રીતે તેની VVPAT સ્લિપ મૂકવાની મંજૂરી આપીને કરવામાં આવે છે.

# મોદી આજે રાજસ્થાન અને ઉત્તરાખંડમાં

## ઉત્તરાખંડમાં લોકસભાની પાંચ બેઠકો માટે પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે ચૂંટણી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૨ એપ્રિલે રાજસ્થાન અને ઉત્તરાખંડમાં ચૂંટણી પ્રચાર કરશે. મોદી ઉત્તરાખંડના ઉધમ સિંહ નગર જિલ્લાના રૂદ્રપુર અને રાજસ્થાનના જયપુર ગ્રામીણમાં કોટપુતલીમાં જનસભાને સંબોધિત કરશે. આ દરમિયાન તેઓ ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં રેલી પણ કરશે. રેલીની સલામતી સુનિશ્ચિત કરવા માટે પોલીસ પ્રશાસન દ્વારા કડક સુરક્ષાના પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે.

લોકસભા ચૂંટણીને કારણે, ૅ મોદી આજે ઉત્તરાખંડની મુલાકાતે છે. ઉત્તરાખંડમાં લોકસભાની પાંચ બેઠકો માટે પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે ચૂંટણી યોજાવાની છે. આ દિવસે તેઓ નૈનીતાલ-ઉધમ સિંહ નગર સંસદીય બેઠક હેઠળના રૂદ્રપુરમાં પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ચૂંટણી રેલીને સંબોધિત કરશે. હાલમાં ઉત્તરાખંડની પાંચેય બેઠકો ૨૦૧૪થી ભાજપ પાસે છે અને રાજ્યમાં પણ ભાજપ સત્તામાં છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, ભાજપના ઉમેદવારો અને રાજ્યના અધિકારીઓ હાજર રહેશે. પીએમ મોદી ઉત્તરાખંડમાં પોતાનો કાર્યક્રમ પૂરો કરીને રાજસ્થાન જવા રવાના થશે.

પીએમની બેઠક જયપુર ગ્રામીણના કોટપુતલીમાં બપોરે યોજાશે.

# આગ્રા- લખનઉ એક્સપ્રેસ વે પર ઉતરશે ફાઈટર પ્લેન

## ૧૦ દિવસીય 'ગગન શક્તિ-૨૦૨૪' સૈન્ય કવાયત શરૂ

નવીદિલ્હી,

ભારતીય વાયુસેના એ ગઈ કાલે સોમવારથી ૧૦ દિવસીય 'ગગન શક્તિ-૨૦૨૪' સૈન્ય કવાયત શરૂ કરી છે. આ ડ્રિલ હેઠળ દેશના તમામ એરફોર્સ સ્ટેશનો પર યોજવામાં આવશે, આ વાયુ સેનાની સૌથી મોટી ડ્રિલ છે. એવામાં આજથી ઉત્તર પ્રદેશના આગરા- લખનઉ એક્સપ્રેસવે પર ફાઈટર પ્લેન લેન્ડીંગ અને ટેકઓફ કરતા જોવા મળશે, જે માટે આજે ૨ એપ્રિલ થી ૧૧ એપ્રિલ સુધી હાઈવે પર ટ્રાફિક બંધ રહેશે, આગામી ૧૦ દિવસો માટે ટ્રાફિક માટે ડાયવર્ઝન લાગુ કરવામાં આવ્યું છે.

અહેવાલો મુજબ એક્સપ્રેસ વેની એર સ્ટ્રીપ પર ત્રીજી વખત યોજાઈ રહેલા ફાઈટર પ્લેનના રિહર્સલ હેઠળ ૬ અને ૭ એપ્રિલે જેગુઆર, સુખોઈ, મિરાજ-૨૦૦૦ એરક્રાફ્ટ ઉતરશે. જેના કારણે ઉન્નાવના બાંગરમાઉની એરસ્ટ્રીપના સાડા ત્રણ કિમી વિસ્તારને ૨ થી ૧૧ એપ્રિલ સુધી બ્લોક રાખવામાં આવશે. સર્વિસ રોડ પરથી વાહનો પસાર થશે.

# ચિત્રકૂટમાં ડમ્પરે ઓટોરિક્ષાને ટક્કર મારતા પાંચ લોકોના મોત

## ઓટો ચિત્રકૂટ રેલવે સ્ટેશનથી રામઘાટ જઈ રહી હતી

ચિત્રકુંટ,

ઉત્તર પ્રદેશના ચિત્રકૂટમાં એક ઝડપી ડમ્પરે ઓટો-રિક્ષાને જોરદાર ટક્કર મારી. આ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા છે. ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ છે. ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલો શહેર કોતવાલી વિસ્તારના કપસેઠી અમનપુર ગામના નેશનલ હાઈવે પર બન્યો હતો.ડમ્પર તેજ ગતિએ આવી રહ્યું હતું અને સામેથી આવી રહેલી ઓટોરિક્ષાને ટક્કર મારી હતી. જેના કારણે ઓટોનો આગળનો આખો ભાગ નાશ પામ્યો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે ટક્કર બાદ ઓટોમાં બેઠેલા લોકો બહાર પડી ગયા હતા. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ રાહત કાર્ય શરૂ કર્યું હતું.

ઓટોરિક્ષા સાથે અથડાયા બાદ ડમ્પરનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. આ અકસ્માત કારવી કોતવાલી વિસ્તારના અમનપુરમાં થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે ઓટો ચિત્રકૂટ રેલવે સ્ટેશનથી રામઘાટ જઈ રહી હતી, જેમાં ૯ લોકો મુસાફરી કરી રહ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે ઓટોએ આગળ જઈ રહેલા વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે સામેથી આવતા ડમ્પરે તેને ટક્કર મારી હતી.

# ભોજશાળામાં ૧૧ દિવસ ચાલ્યો એએસઆઈ સર્વે

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે ભોજશાળા સંકુલમાં વૈજ્ઞાનિક સર્વેક્ષણ પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો હતો. હિંદુઓની સાથે મુસ્લિમો પણ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં સ્થિત પ્રાચીન ભોજનશાળા પર દાવો કરે છે. જો કે, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું છે કે ASI સર્વેના પરિણામોના આધારે તેની પરવાનગી વિના કોઈ નિર્ણય લેવામાં ન આવે. હિન્દુઓ ભોજશાળાને વાગ્દેવી (દેવી સરસ્વતી)નું મંદિર માને છે. તે જ સમયે, મુસ્લિમ સમુદાય તેને કમાલ મૌલા મસ્જિદ માને છે. ૧૧મી સદીના આ સંકુલને પુરાતત્વીય વારસો ગણવામાં આવે છે. છજીૈએ ૭ એપ્રિલ ૨૦૦૩ના રોજ વ્યવસ્થા કરી હતી. આ અંતર્ગત હિંદુઓ દર મંગળવારે અહીં આવે છે અને પૂજા કરે છે. તે જ સમયે, મુસ્લિમો શુક્રવારે અહીં નમાઝ અદા કરે છે.મૌલાના કમાલુદ્દીન વેલ્ફેર સોસાયટીએ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચના ૧૧ માર્ચના વૈજ્ઞાનિક સર્વેના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. તેના પર જસ્ટિસ હૃષિકેશ રોય અને પીકે મિશ્રાની બેંચે કેન્દ્ર, મધ્યપ્રદેશ સરકાર, ASI અને અન્યને નોટિસ પાઠવી છે.

# વોટ્સએપએ એક સાથે ૭૬ લાખ એકાઉન્ટ પર મૂક્યો પ્રતિબંધ

## ૧૪,૨૪,૦૦૦ એકાઉન્ટ હંમેશા માટે બેન કરી દેવામાં આવ્યા

નવીદિલ્હી,

વોટ્સએપએવધુ એક મોટુ એક્શન લીધુ છે. જેના હેઠળ લગભગ ૭૬ લાખ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર ૧ ફેબ્રુઆરીથી ૨૯ ફેબ્રુઆરી સુધી લગભગ ૭૬,૨૮,૦૦૦ ઉરકંજર્છ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. તેમાંથી ૧૪,૨૪,૦૦૦ એકાઉન્ટને હંમેશા માટે બેન કરી દેવામાં આવ્યા છે.

વોટ્સએપએએ કહ્યું છે કે તેમની તરફથી આઈટી નિયમ ૨૦૨૧ના ઉલ્લંઘનના આરોપ ફેબ્રુઆરી મહિનામાં ૭૬ લાખ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા છે. મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપને ભારતમાં લગભગ ૫૦૦ મિલિયનથી વધારે યુઝર્સ છે. ફેબ્રુઆરીમાં દેશમાં રેકોર્ડ ૧૬,૬૧૮ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. સાથે જ રેકોર્ડ સંખ્યામાં કાર્યવાહી કરવામાં આવી. તેના પહેલા જાન્યુઆરી મહિનામાં ૬૭,૨૮,૦૦૦ વોટ્સએપ એકાઉન્ટને બેન કરી દેવામાં આવ્યા હતા.

તમારૂ એકાઉન્ટ ભૂલથી બેન થઈ ગયું હોય તો તમે વોટ્સએપને ઈમેલ કરીને રિવ્યૂ રિક્વેસ્ટ કરી શકો છો.

# અરુણાચલ પ્રદેશ ભારતનું રાજ્ય હતું, છે અને રહેશે. નામ બદલવાથી કંઈ થતું નથી

## વિદેશ મંત્રી જયશંકરનો ચીન પર વળતો પ્રહાર

સુરત,

ચીન દ્વારા અરુણાચલ પ્રદેશમાં ૩૦ સ્થળોના નામ બદલવાનો ભારતે જડબાતોડ જવાબ આપ્યો છે. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે અરુણાચલ પ્રદેશ ભવિષ્યમાં પણ ભારતનું રાજ્ય હતું, છે અને રહેશે. સોમવારે સુરતમાં પત્રકારો સાથે વાત કરતા જયશંકરે કહ્યું હતું કે નામ બદલવાથી કંઈ થશે નહીં. જો હું તમારા ઘરનું નામ બદલીશ, તો શું તે મારું થઈ જશે?

તેણે આગળ કહ્યું, અરુણાચલ પ્રદેશ ભારતનું રાજ્ય હતું, છે અને રહેશે. નામ બદલવાથી કંઈ થતું નથી અને તેની કોઈ અસર થતી નથી. તમે બધા જાણો છો કે. અમારી સેના ત્યાં (ન્છઝ) તૈનાત છે. સેનાના લોકો જાણે છે કે તેઓએ ત્યાં શું કરવાનું છે.”

આ પહેલા ચીને અરુણાચલને લઈને વધુ એક

આભાર - નિહારીકા રવિયા

વિવાદાસ્પદ પગલું ભર્યું છે. રાજ્ય પર પોતાનો દાવો દાખવવાના પ્રયાસો વચ્ચે, તેણે ભારતીય રાજ્યમાં ૩૦ સ્થાનોના નવા નામોની તેની ચોથી યાદી બહાર પાડી. રાજ્ય સંચાલિત અખબાર ગ્લોબલ ટાઈમ્સે રવિવારે અહેવાલ આપ્યો છે કે ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે જાંગનાનમાં પ્રમાણિત ભૌગોલિક નામોની ચોથી સૂચિ બહાર પાડી છે. ચીન અરુણાચલ પ્રદેશને જંગનાન કહે છે અને રાજ્યને દક્ષિણ તિબેટનો ભાગ હોવાનો દાવો કરે છે.

અરુણાચલ પ્રદેશમાં ૩૦ સ્થળો માટે વધારાના નામ મંત્રાલયની સત્તાવાર વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવ્યા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નવા નામ ૧ મેથી લાગુ થશે. વિદેશી ભાષાઓમાં નામો કે જે ચીનના પ્રાદેશિક દાવાઓ અને સાર્વભૌમત્વના અધિકારોને નુકસાન પહોંચાડી શકે છે તે અધિકૃતતા વિના સીધા અવતરણ અથવા અનુવાદિત કરવામાં આવશે નહીં.

# લાલ સમુદ્રમાં થતાં હુમલાએ ગુજરાતના ઉત્પાદકોને હવાઈ માર્ગ પસંદ કરવાની ફરજ પાડી

### સુએઝ કેનાલ એશિયા અને યુરોપ વચ્ચેનો સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ છે

અમદાવાદ,

છેલ્લા કેટલાક મહિનાઓમાં, વૈશ્વિક વેપાર ગંભીર રીતે પ્રભાવિત થયો છે, જેનું મુખ્ય કારણ લાલ સમુદ્રમાં યેમેની બળવાખોરો દ્વારા કરવામાં આવતો હુમલો છે. ઈઝરાયેલ હમાસ યુદ્ધમાં હમાસને સમર્થન આપવા યેમેની બળવાખોરોએ લાલ સમુદ્રના રૂટને નિશાન બનાવ્યો છે.



ઈન્ટરનેશનલ મોનેટરી ફંડમુજબ, લાલ સમુદ્રના પ્રદેશમાં જહાજો પરના હુમલાને કારણે સુએઝ કેનાલ દ્વારા ટ્રાફિકમાં ઘટાડો થયો છે, સુએઝ કેનાલ એશિયા અને યુરોપ વચ્ચેનો સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ છે અને તેથી, વિક્ષેપને કારણે ભારતમાંથી થતી નિકાસ પર ગંભીર અસર પડી છે, ખાસ કરીને ગુજરાતના ઉત્પાદકોને અસર કરી છે. રેડ સી કટોકટીના કારણે વિલંબિત શિપમેન્ટની ચિંતાઓ વચ્ચે, નિકાસકારોને ઊંચા ખર્ચ છતાં એર કાર્ગો તરફ વળવાની ફરજ પડી હતી. ખાદ્ય ઉત્પાદનો, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ અને એન્જિનિયરિંગ માલસામાનની નિકાસ પર કટોકટીની વધુ અસર પડી હતી.

રમઝાન અને ઈસ્ટર સીઝન દરમિયાન ખરીદદારોની માંગને સંતોષવી એ નિકાસકારો માટે એક પડકાર બની ગયું છે, જે ઊંચા ટર્નઅરાઉન્ડ સમય વચ્ચે છે. ફાર્માસ્યુટિકલ્સ જેવા નાશવંત માલના ઉત્પાદકોએ શિપમેન્ટને એર કાર્ગો તરફ વાળ્યું છે. દેશના ફાર્મા ઉદ્યોગની લગભગ ૫૦% આવક યુએસ અને યુરોપમાં થતી નિકાસમાંથી આવે છે. ભારતીય ફાર્મા નિકાસનો લગભગ બે તૃતિયાંશ ભાગ દરિયાઈ માર્ગે થતો હોવાથી, અહીંની ફાર્મા કંપનીઓ માટે ખર્ચ એ મુખ્ય ચિંતાનો વિષય છે. મધ્ય પૂર્વ અને યુરોપમાં તહેવારોની મોસમને કારણે માંગમાં રહેલા ટેક્સટાઈલ, ઓટો પાર્ટ્સ અને ઈલેક્ટ્રોનિક્સ જેવા નોન-પેરીશેબલ કાર્ગો પણ હવાઈ માર્ગ અપનાવી રહ્યા છે.

# ક્રિપ્ટોકરન્સી કેસ મામલે ED દ્વારા ૪૩૩ કરોડની સંપત્તિ સીલ

### એફઆઈઆરના આધારે પીએમએલએની જોગવાઈઓ હેઠળ તપાસ

અમદાવાદ

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અમદાવાદના અધિકારીઓએ ક્રિપ્ટોકરન્સી, સોનું અને રોકડના રૂપમાં રૂ. ૪૩૩ કરોડની જંગમ મિલકતો ટાંચમાં લીધી છે જે ક્રિપ્ટોકરન્સી કૌભાંડની આવકમાંથી વસાવેલ હોય તેવો ખુલાસો થયો છે, જેમાં દિવ્યેશ દરજી અને અન્યો લોકો સામેલ છે જે મની લોન્ડરિંગ વિરોધી જોગવાઈઓ હેઠળ જોડાયેલ છે.

ઈડી દ્વારા કહેવામાં આવ્યું હતું કે, ‘ઈડીએ દિવ્યેશ દરજી, સતીશ કુંભાણી, શૈલેષ ભટ્ટ અને અન્ય આરોપીઓ સામે સીઆઈડી ક્રાઈમ પોલીસ સ્ટેશન, સુરત દ્વારા નોંધાયેલી એફઆઈઆરના આધારે પીએમએલએની જોગવાઈઓ હેઠળ તપાસ શરૂ કરી હતી. PMLA હેઠળ તપાસ દરમિયાન, તે બહાર આવ્યું હતું કે આ મિલકત સંબંધિત વ્યક્તિઓ દ્વારા તેમની કાયદેસરની આવકમાંથી હસ્તગત કરવામાં આવી ન હતી અને PMLA હેઠળ સુનિશ્ચિત ગુનાઓના પરિણામે હસ્તગત/પ્રાપ્ત કરવામાં આવી હતી. નવેમ્બર ૨૦૧૬ થી જાન્યુઆરી ૨૦૧૮ સુધી, ક્રિપ્ટોકરન્સી બિટકોઈન કોઈનના પ્રમોટર કુંભાણીએ પ્રમોટરોનું વિશ્વવ્યાપી નેટવર્ક સ્થાપ્યું અને વિશાળ વળતરની ઓફર કરીને લોકોને વિવિધ રોકાણ યોજનાઓમાં રોકાણ કરવા આકર્ષ્યા હતા.

# બૂથ લેવલ ઓફિસરની કામગીરી નકારનાર શિક્ષિકાને ઘરેથી ઉપાડી આવી પોલીસ

### આખા ગુજરાતમાં આ પહેલો કેસ, કોર્ટ જવાની જરૂર પડે તો પણ અમે જઈશું : શિક્ષિકાના પતિ

અમદાવાદ,

લોકસભા ચૂંટણી જાહેર થઈ ચૂકી છે અને સમગ્ર દેશમાં ચૂંટણી લક્ષી કામગીરી પણ શરૂ થઈ ચૂકી છે. આ વચ્ચે અમદાવાદમાં ચૂંટણીની કામગીરીમાં ન જોડાયેલા શિક્ષિકા સામે કાર્યવાહી થઈ છે. બૂથ લેવલ ઓફિસર-BLOના કામમાં ન જોડાતા ચેનપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા હિનલ પ્રજાપતિની પોલીસે અટકાયત કરી છે. મામલતદારના હુકમ બાદ પોલીસે કાર્યવાહી કરી છે. શિક્ષિકાને કે.કે.નગર ઘાટલોડિયા પાસે BLOની કામગીરી સોંપવામાં આવી હતી. જોકે તે જગ્યા પોતાના વિસ્તારની બહાર હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો.

બીજી તરફ શિક્ષિકાના પતિનું કહેવું છે કે, મહિલાને BLOની કામગીરી સોંપાઈ હતી. ગુજરાત ચૂંટણી પંચનો પત્ર છે કે કોઈ મહિલાને અનિવાર્ય સંજોગોમાં જ BLOની કામગીરી સોંપવી. મહિલાને ગમે ત્યાં કામગીરી ન સોંપવી. જ્યાં તેમનો મત વિસ્તાર છે ત્યાં જ મુકવી. તેથી અમે ચૂંટણી પંચના પત્રને જોડીને રજૂઆત કરી હતી કે અમને આ કામગીરી ન આપો. અને જો કામગીરી આપો તો અમારા મત વિસ્તારમાં જ આપો. તેમ છતા તેમણે દૂરના સ્થળે કામગીરી આપી છે. જેને લઈને અમે આ કામગીરીનો અસ્વીકાર કર્યો છે. આખા ગુજરાતમાં આ પહેલો કેસ છે, જ્યારે મહિલા શિક્ષિકાની ધરપકડ કરાઈ છે. અમે લેખિતમાં આધાર પૂરાવા સાથે રજૂઆત કરી છે. આ બાબતને અમે સંઘમાં રજૂઆત કરીશું અને જો કોર્ટ જવાની જરૂર પડે તો પણ અમે જઈશું.

# અમદાવાદમાં ૧૦૦ સ્થળોએ લગાવાશે ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ

### ટ્રાફિક સિગ્નલ પર વધારે ઊભું નહીં રહેવું પડે

અમદાવાદ,

અમદાવાદીઓને ખુશી મળે તેવા સમાચાર સામે આવ્યા છે. વાત એવી છે કે, ટ્રાફિક સિગ્નલ પર થતો તમારો ટાઈમ વેસ્ટ હવે ઓછો થશે. કારણ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક એવી સિસ્ટમ લાવી રહ્યું છે કે જેનાથી લોકોનો સમય અને સાથે જ પેટ્રોલ પણ બચશે. કોર્પોરેશન ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લાવી રહ્યું છે. જે સિસ્ટમની મદદથી લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય



ઉભા રહેવામાંથી મુક્તિ મળશે.

અમદાવાદ શહેરમાં અંદાજે ૬ કરોડના ખર્ચે ૧૦૦ સિગ્નલ પર આ સિસ્ટમ લગાવાશે. જેની મદદથી લોકોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે. આ સિસ્ટમ કોર્પોરેશન આગામી સમયમાં લાવવા જઈ રહ્યું છે. જેના કારણે લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવુ નહી પડે. એટલે કે જો ચાર રસ્તા પર એક સિગ્નલ ખુલે જેનો દોઢ મિનિટ સમય હોય અને ત્યાથી ૬૦ સેકન્ડમાં ટ્રાફિક હળવો થઈ જાય, તો તરત ઓટોમેટિક સિગ્નલ બંધ થઈ જશે અને અન્ય સિગ્નલ ખુલી જશે. જેથી સામેના સિગ્નલના ચાલકોને જલ્દી નીકળવા મળશે. એટલે કે વાહન ચાલકોનો સમય બચશે. પેટ્રોલ પણ બચશે અને ગરમી વચ્ચે કે કોઈ પણ સમયે વધુ સમય વાહનચાલકોએ ઉભા રહેવુ નહી પડે. અમદાવાદ શહેરનો વિસ્તાર અને વસ્તી બને સતત વધી રહ્યા છે. જેના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા પણ દિવસેને દિવસે જટિલ બનતી જઈ રહી છે.

# શરૂ થયું NOTAમાં મતદાનનું અભિયાન : નેતાઓ પરેશાન

અમદાવાદ,

રાજ્યમાં હજી ઘણા રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તાર છે જ્યાં સુવિધાઓનો અભાવ છે. આવા વિસ્તારમાં ચૂંટાયેલા લોક પ્રતિનિધિને અનેકવાર રજૂઆત કરવામાં આવે છે, પણ ચૂંટાયેલા નેતાઓ ચૂંટણી સિવાય પાંચ વર્ષ દેખાતા નથી.

જે નેતા પાસે આશા હોય એ જ નેતા પ્રજાના કામો ન કરે અને અન્ય નેતાને પણ ચૂંટણીમાં મત ન આપવો હોય, તો આ માટે ચૂંટણી પંચે મતદારો માટે NOTAનો વિકલ્પ આપ્યો છે. NOTA એટલે ઉપરમાંથી કોઈ ઉમેદવારને મત નથી આપવો તે. ચૂંટણીમાં NOTA મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જયારે NOTAમાં મત વધુ પડે ત્યારે લીડીંગ ઉમેદવાર સહિત અન્ય ઉમેદવારના પણ મત કપાય છે.

ચૂંટણી સમયે વિકાસથી વંચિત વિસ્તારમાં જયારે NOTAમાં મતદાન કરવાનું અભિયાન ચાલે છે. આવું જ બન્યું છે સુરેન્દ્રનગરના થાનમાં. સુરેન્દ્રનગરના થાનમાં સ્થાનિક લોકો અને ઉદ્યોગકારો રોડ રસ્તા અને પ્રાથમિક સુવિધાથી વંચિત છે જેને લઈને ઉદ્યોગકારોમાં રોષ ફેલાયો છે. થાનમાં ૬ વર્ષથી ચાલી રહેલું ઓવરબ્રિજનું કામ પૂર્ણ ન થતા સીરામીક ઉદ્યોગકારો દ્વારા લોકસભાની ચૂંટણીમાં નોટામાં મતદાન કરવા નિર્ણય લેવાયો છે.

# પ્રેમિકાની બહેનપણીના ઘરે મળવા આવેલા પ્રેમીનું મોત

### ૩ વ્યક્તિએ ભેગા થઈને માર્યો હતો ઢોર માર

સુરત

સુરતમાં વરાછા વિસ્તારમાં આવેલી માધવ પાર્ક સોસાયટીમાં રહેતી પ્રેમિકા તેની બહેનપણીની ઘરે ગઈ હતી. જ્યાં તેણીએ પોતાના પ્રેમીને મળવા માટે બોલાવ્યો હતો. પ્રેમી યુવક પ્રેમિકાને મળવા આવ્યો હોવાની જાણ થતાં જ તેના ભાઈ અને મામા અને તેના દીકરા એમ ૩ જણાએ મળીને યુવકને ઝડપી લઈને ઢોર માર માર્યો હતો. જેથી યુવકનું સારવાર દરમિયાન મોત થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રેમિકાના ભાઈ, મામાનો છોકરો અને મામાએ ગંભીર રીતે પ્રેમીને માર્યો હતો. પ્રેમીને ઢોરમાર મારતા તે ગંભીર ઈજાના કારણે બેભાન થઈ ગયો હતો જેથી પ્રેમીને હોસ્પિટલમાં ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યો હતો. યુવકને ઢોર માર માર્યા બાદ આરોપીઓ નાસી ગયા હતાં. ત્યારબાદ યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડતાં ત્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# ધોરણ ૯ની વિદ્યાર્થિનીએ ઘરમાં ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

સુરત

સુરતમા ધોરણ ૯ની ભટારની વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વિદ્યાર્થિનીએ ક્યાં કારણે પગલું ભર્યું તે મામલે રહસ્ય સર્જાયું છે.પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, મૂળ બિહાર ગોપાલગંજના વતની અને હાલ ભટાર પોલીસ ચોકીની પાછળ રહેતા ચૈનકુમાર મહંતો ધાગા કટિંગનું કામ કરી પોતાના પરીવાર નું ગુજરાન ચલાવે છે.પરિવાર માં પત્ની બે પુત્ર તેમજ એક પુત્રી મિરલ છે.

આપઘાત કરનાર મિરલ સ્થાનિક વિસ્તારમાં આવેલ હિન્દી શાળામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી હતી. તેમને ૪ એપ્રિલે વાર્ષિક પરીક્ષા હતી. રવિવારના રોજ બપોરે ચૈનકુમાર પત્ની અને બે પુત્ર કામ પર ગયા હતા. દરમિયાન મિરલ ઘરે એકલી હતી. તે વખતે બપોરના સમયે મિરલે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ સબંધીને થતા પરિવારને જાણ કરવામાં આવતા ઘરે દોડી આવ્યા હતા. મિરલે ક્યાં કારણે પગલું ભર્યું તે જાણવા ખટોદરા પોલીસે વધુ આગળની તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં બદામના વેપારી સાથે સાત કરોડની છેતરપિંડી



અમદાવાદ,

કહેવાય છે કે બુદ્ધિ વધારવા માટે બદામ ખાવી જોઈએ, પરંતુ અમદાવાદમાં તો બદામના વેપારી સાથે જ લગભગ સાત કરોડની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શનિવારના રોજ એક ઠળિયા વગરની બદામના જથ્થાબંધ વેપારીએ માધવપુરા પોલીસમાં ત્રણ વ્યક્તિઓ પર છેતરપિંડી અને રૂ. ૬.૬૮ કરોડની રકમની ચૂકવણી ન કરવાનો આરોપ મૂક્યો છે. ડફનાળાના એલિટ એપાર્ટમેન્ટ્સમાં રહેતા ૪૫ વર્ષીય મનીષ જૈન, જેઓ ૨૦૦૦ થી માધવપુરા માર્કેટમાંથી પોતાનો વ્યવસાય ચલાવે છે, તેમણે તેની એફઆઈઆરમાં જણાવ્યું છે કે તે બે આરોપીઓ – ચિત્રાંગ શાહ અને તેની પત્ની કૃપાલીને એક દાયકાથી કરતાં વધુસમયથી સોપારી સપ્લાય કરતો હતો.

પાલડીમાં શેત્રુંજય સોસાયટીના રહેવાસીઓએ શરૂઆતમાં જૈનને સમયસર ચૂકવણી કરી અને તેમનો વિશ્વાસ કેળવ્યો. બંનેએ ટૂંક સમયમાં ખરીદેલી સામગ્રી માટે ચૂકવણી કરવાનું બંધ કરી દીધું, એમ તેમણે આક્ષેપ કર્યો હતો.

# થાઈલેન્ડ અને મલેશિયાને સીધી એર કનેક્ટિવિટી તો મસ્કતનો શું વાંક?

અમદાવાદ

ગુજરાતીઓ લગભગ દુનિયાના દરેક ખૂણામાં વસે છે અને તેથી ઈન્ટરનેશનલ એર કનેક્ટિવિટીની વધુ જરૂર પડે છે. અમદાવાદથી થાઈલેન્ડ અને મલેશિયાની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ છે ત્યારે લાંબા સમયથી આ માગણી કરતા મસ્કતવાસીઓએ ફરી પોકાર કરી છે.

મસ્કતમાં લગભગ ૫૦,૦૦૦ કરતા વધારે ગુજરાતીઓ વસે છે, જેમાં કચ્છી માડુઓની સંખ્યા મોટા પ્રમાણમાં છે. અમદાવાદથી મસ્કત અને મસ્કતથી અમદાવાદ જવાની સીધી ફ્લાઈટ ન હોવાથી લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. કોરોના પહેલા અઠવાડિયાની ૧૭ ફ્લાઈટ અમદાવાદથી મસ્કત જતી હતી, પરંતુ ત્યારબાદ બંધ થી તો ફરી શરૂ થતી નથી. મસ્કત ગુજરાતની સમાજના કન્વીનર ડૉ. ચંદ્રકાન્ત છોટાણીએ કેન્દ્ર અને રાજ્ય સ્તરે વારંવાર રજૂઆત કરી છે, પરંતુ હજુ માગણી પૂરી કરાઈ નથી.

# ડાકોર મંદિરની મંગળા આરતીમાં છુટ્ટા હાથની મારામારી : ભગવાનની હાજરીમાં ભક્તો બાખડ્યા

### મંદિરના ઘુમ્મટમાં જ ભક્તો બાખડતા મામલો પોલીસ મથક સુધી લંબાયો

ડાકોર,

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રણછોડજી મંદિરમાં શરમજનક ઘટના બની હતી. સોમવારે વહેલી સવારની મંગળી આરતીમાં જ શ્રદ્ધાળુ ભક્તો બાખડી પડ્યા હતા. વહેલી સવારે મંગળા આરતી દર્શન સમયે ભક્તો દ્વારા મંદિરના ઘુમ્મટમાં જ ભક્તોએ મારામારી કરી હતી. દર્શન કરવાની જગ્યા બાબતમાં રોષે ભરાયેલા ભક્તો એકબીજા પર તૂટી પડ્યા હતા. ત્યારે મારામારીના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. ખેડા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોરમાં આજે વહેલી સવારે મંગળાઆરતી સમયે છુટાહાથની મારામારી થઈ હતી. મંદિરના ઘુમ્મટમાં જ ભક્તો બાખડતા મામલો પોલીસ મથક સુધી લંબાયો છે.

ડાકોર મંદિરમાં આજે સવારે મંગળા આરતી સમયે મંદિરમાં



# અજાણ્યા શખ્સની તરસ બુજાવવી વૃદ્ધાને ભારે પડી

### વૃદ્ધાએ પાણી આપ્યું અને તકનો લાભ લેતા તેઓ સોનાની બે બંગડીઓ ચોરી ગયા

ભરૂચ

કાળજાળ ગરમીમાં પાણી પૂરું પાડી તરસ છીપાવી માનવતાનું ઉદાહરણ છે પરંતુ પાણી આપવું અને તેની તરસ બુજાવી તે એક વૃદ્ધાને ભારે પડી છે. પરસેવે રેપ જેપ આવેલા ગઠીયાઓએ પાણી માંગતા વૃદ્ધાએ પાણી આપ્યું અને તકનો લાભ લેતા તેઓ સોનાની બે બંગડીઓ ચોરી ગયા. હવે આ મામલો પોલીસ મથકે પહોંચી ગયો છે.

ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલ વેજલપુરના ઘાંચીવાડમાં રોડ ટચ મકાન ધરાવતા અનસુયાબેન વખાડીયા પોતાના ઘરે હતા તે દરમિયાન બાઈક પર બે અજાણ્યા વ્યક્તિઓ પરસેવે રેપજેપ થઈ તેમના ઘર પાસે આવ્યા હતા. વૃદ્ધાને જોઇ ગઠીયાએ પાણી માગ્યું હતું. વૃદ્ધાએ પોતાની માનવતા દાખવી ગઠીયાઓને પાણી પીવડાવ્યું હતું. ગઠીયાએ પાવડર માંગ્યો અને પાવડર આપતા જ વૃદ્ધાને હોશ ના રહ્યો. ગઠીયાઓ ભાગી ગયા બાદ વૃદ્ધાના હાથમાં સોનાની બંગડી ન હોવાના કારણે તપાસ કરતા અને હોશમાં આવતા ગઠીયાઓ બંગડીઓ સેરવી ગયા હોય જેના કારણે પરિવાર ચિંતાતુર બન્યો હતો.

# સુરેન્દ્રનગર જિલ્લામાં પાંચ અકસ્માતમાં પૂર્વ કોર્પોરેટર સહિત સાતના મોત

### સાયલા-ચોટીલા હાઇવે પર ૪ અકસ્માતમાં ૬ લોકોના મોત

સુરેન્દ્રનગર

અકસ્માતોની હારમાળા અને લોકોના મોતથી સુરેન્દ્રનગર રક્તરંજિત બન્યું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ૨ દિવસમાં જુદા જુદા ૫ અકસ્માતો થયા છે, જેમાં એક પૂર્વ કોર્પોરેટર સહિત ૭ લોકોના મોત થયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના હાઈવે પર ઓવરલોડ ડમ્પર ચાલકોનો ત્રાસ વધ્યો છે. આજે ૧ એપ્રિલે વઢવાણ – કોઠારિયા રોડ પર ઓવરલોડ ડમ્પરે પૂર્વ કોર્પોરેટર ઈસ્માઈલ વડદરિયાને અડફેટે લીધા હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા હિટ એન્ડ રનની આ ઘટનામાં તેમનું મોત થયું છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા-ચોટીલા હાઈવે પર ૧૫ કિમીના વિસ્તારમાં ૨૪ કલાકમાં જુદા જુદા ચાર અકસ્માતો થવા પામ્યા જેમાં ૬ લોકોના મોત થયા અને ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ૧ એપ્રિલે વહેલી સવારે સાયલા તાલુકાના મોટાસખ પરના રહેવાસી ૫૦ વર્ષીય જીતુબેન ખેંગારભાઈ રાણીંગા હડાળા બોર્ડ પાસે રોડ ક્રોસ કરી રહ્યાં હતા ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારતાં તેમનું કરૂણ મોત થયું છે. ૩૧ માર્ચની સાંજે ધોળકાથી ચોટીલા ચાલીને જઈ રહેલ બે પદયાત્રીને અજાણ્યા વાહને અડફેટે લેતા એકનું મોત થયું હતું અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો હતો. મૃતક મયુરભાઈ નરસશીભાઈ પ્રજાપતિ ધોળકા તાલુકાના લીલાપુર ગામના રહેવાસી ઉંમર ૩૮ વર્ષ ચોટીલા ચાલીને જઈ રહ્યા હતા ત્યારે સાયલા તાલુકાના નવા સુદામડા ગામ પાસે અજાણ્યા વાહને ટક્કર મારી હતી. તેમની સાથે રહેલા મોરબીના જયરાજસિંહ રણજીતસિંહ વાઘેલાને ઈજા થતા સાયલાથી સુરેન્દ્રનગર ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

# પાંચ લાખમાં એક કિલો સોનું! બે ઠગની ધરપકડ

### બે વ્યક્તિઓને નકલી સોનુ પધરાવ્યાની કબૂલાત કરી

અમદાવાદ

સોનાનો ભાવ ૭૦ હજારની સપાટી વટાવી ચુક્યો છે. ત્યારે વલસાડમાં સસ્તુ સોનુ પધરાવવા જઈ રહેલા ૨ ઠગને જીંપ્એ ઝડપી પાડ્યા છે. મૂળ રાજસ્થાનના ઝાલોરના ૨ શખ્સો પાસેથી રૂપિયા ૧ લાખની રોકડ સાથે સોનાના મણકા અને નકલી સોનુ કબજે લઈ પૂછપરછ હાથ ધરી છે.

અમદાવાદ- મુંબઈ નેશનલ હાઈવે પર પારડી નજીક ૨ શંકાસ્પદ શખ્સોને જીંપ્એ પકડી તલાસી લેતા સોનાના ૨૯ મણકા, સોના જેવી પીળી ધાતુની માળા, ચાંદીના જૂના રાણી છાપ સિક્કા અને ૧ લાખ રોકડ મળી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બંને શખ્સોએ બે વ્યક્તિઓને નકલી સોનુ પધરાવ્યાની કબૂલાત કરી હતી. વાપીના એક વ્યક્તિને રૂપિયા ૫ લાખમાં ૧ કિલો નકલી સોનાની માળા તેમજ ભીલાડમાં એક વ્યક્તિને ૫૦ હજારમાં નકલી સોનુ પધરાવ્યુ હતુ.

રાજસ્થાનના ઝાલોરના વતની જીતેન્દ્ર લાલારામ વાઘેલા અને અર્જુન ભીમાજી સોલંકી નામના બંને શખ્સો ફૂલ વેચવાના બહાને બજારમાં ફરીને ભોળવાઈ જાય તેવા વ્યક્તિઓને ફસાવતા હતા.

# રાજકોટની તિજોરી કચેરી દ્વારા માર્ચમાં સર્વાધિક રૂ. ૮૧૪ કરોડનું ચુકવણું કરવામાં આવ્યું : સરકારના ૫૦.૯૦ લાખ બચાવ્યા

રાજકોટ:રાજકોટ શહેરમાં સ્થિત તિજોરી કચેરી દ્વારા વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાની સરકારી ૧૪૦ કચેરીને બિલોનું ચુકવણું કરવામાં આવે છે. આ દરમિયાન કચેરી દ્વારા માર્ચ માસમાં જ સૌથી વધુ રૂપિયા ૮૧૪ કરોડનું ચુકવણું કરવામાં આવ્યું છે, જ્યારે વાર્ષિક રૂ. ૪,૮૧૩ કરોડ ચૂકવાયા છે. જેની સામે તિજોરી કચેરી દ્વારા વાંધાજનક ૮.૪૪ લાખ બિલો અટકાવી પણ દીધા છે. આમ, તિજોરી કચેરીએ સરકારના રૂપિયા ૫૦.૯૦ લાખ બચાવ્યા છે. તિજોરી કચેરી દ્વારા વિકાસકામો ઉપરાંત પગારની સાથે કચેરીના ખર્ચના બિલો પણ મંજૂર કરવામાં આવે છે. માર્ચ એન્ડિંગ હોવાથી છેલ્લા એક અઠવાડિયાથી મોડી રાત સુધી આ કચેરી ધમધમતી રહેતી હતી.રાજકોટની શ્રેયાન તિજોરી કચેરીના બી. જે. મહેતાએ જણાવ્યું હતું કે, માર્ચ માસમાં તિજોરી કચેરી દ્વારા સૌથી વધુ બિલો મંજૂર થયા છે અને નાણાંની ચૂકવણી કરવામાં આવી છે. જેમાં માર્ચ માસમાં આર. ઍન્ડ બી. સિંચાઈ અને વન વિભાગ દ્વારા વિકાસકામો અંગે માર્ચ મહિનામાં ૧૮૧ બિલોના રૂ.૩૨૮.૬૨ કરોડ ચૂકવવામાં આવ્યા છે તો વર્ષમાં ૯૧૭ એડવાઈઝ બિલોના રૂ.૧,૪૨૨.૦૧ કરોડ ચૂકવાયા છે. આ સિવાય ઉપાડ અધિકારીઓ દ્વારા પગાર અને અન્ય કચેરી ખર્ચના ચૂકવણા પર નજર કરીએ તો માર્ચ મહિનામાં ૬,૯૪૨ બિલોના રૂ.૪૮૬.૧૩ કરોડ ચૂકવવામાં આવ્યા છે, જ્યારે વાર્ષિક ૪૫,૨૬૪ બિલોની મંજૂરી થકી રૂ. ૩,૩૯૧.૮૮ કરોડનું ચૂકવણું થયું છે.હવે આર. ઍન્ડ બી. સિંચાઈ અને વન વિભાગ દ્વારા વિકાસ મો તથા ઉપાડ અધિકારીઓ દ્વારા પગાર અને અન્ય કચેરી ખર્ચના ચૂકવણા બંને ખર્ચનો ટોટલ ગણીએ તો માર્ચ માસમાં કુલ ૭,૧૨૩ બિલોના રૂ. ૮૧૪.૭૫ કરોડ ચૂકવવામાં આવ્યા છે. બંને થઈને વાર્ષિક ૪૬,૧૮૧ બિલોના રૂ. ૪,૮૧૩.૮૯ કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે. જોકે, વર્ષ દરમિયાન ૮,૪૪,૭૧૧ બિલ એવાં હતા કે, જે વાંધાજનક હતા એટલે કે તેમાં અમુક રકમ વધારાની માગવામાં આવી હતી પરંતુ, તે બિલો તિજોરી કચેરી દ્વારા અટકાવી દેવામાં આવ્યા હતા અને તેના થકી સરકારના રૂ. ૫૦,૯૦,૬૦૩ની બચત થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# રાજકોટ મનપાના ઈતિહાસમાં સૌથી વધુ ૩૬૫ કરોડની આવક; ૧૭૫ કરોડથી વધુ ઓનલાઈન ભરાયા, કરદાતાઓ પણ વધ્યા




રાજકોટ:

રાજકોટ મનપા દ્વારા ૨૦૨૩-૨૪નાં માર્ચ માસમાં રજાઓમાં પણ કચેરી ખુલ્લી રાખવામાં આવી હતી. જેમાં ગઈકાલે છેલ્લા દિવસે રવિવારની રજા હોવા છતા કચેરી ખુલ્લી રાખવામાં આવતા એક દિવસમાં રૂ.૩.૫૦ કરોડની આવક થઈ હતી. આ રકમ સાથે મહાનગરપાલિકાની કુલ આવક રૂ. ૩૬૫ કરોડ પર પહોંચી હતી. મિલકત વેરા વસૂલાતનાં ઈતિહાસમાં આ એક રેકોર્ડ છે. જોકે રૂ. ૩૭૫ કરોડના લક્ષ્યાંક સામે રૂ.૧૦ કરોડનું છેટું રહી ગયું હતું. સારી વાત એ છે કે, ચાલુ વર્ષમાં કુલ ૧૬ હજાર ૬૩૧ કરદાતાઓ વધ્યા છે. તેમજ રૂ.૧૭૫.૮૫ કરોડ ઓનલાઈન ભરાયા છે.પ્રાપ્ત વિગત મુજબ મનપા દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં મોટા બાકીદારો પાસેથી વસૂલાત માટે આક્રમક કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા દોઢ કરોડનો વેરો ભરપાઈ કરાયો હતો. માર્ગ અને મકાન વિભાગની વિવિધ મિલકતો પૈકી આ વેરાની વસૂલાત થઈ હતી. કચેરી દ્વારા અંતિમ દિવસે મોટી રકમ અદા કરી દેવામાં આવી હતી. આ સહિતનાં છેલ્લા ૨-૩ દિવસમાં જ રૂ.૬ કરોડ જેટલી વસૂલાત થઈ હતી.

અગાઉના વર્ષોમાં વેરા શાખા દ્વારા છેલ્લા ત્રણ-ચાર માસ જ દોડધામ કરવામાં આવતી હતી. તેના બદલે નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે આ વર્ષે પ્રથમથી જ સ્ટાફને વેરા વસૂલાત માટે દોડતો રાખી સીલ મારવાની નોટિસ પાઠવવાની કામગીરી ચાલુ રાખી હતી. જેને લઈ આગલા વર્ષની રૂ.૩૨૧ કરોડની આવક સામે આ વર્ષમાં રૂ.૩૬૫ કરોડની આવક થઈ છે. તો બીજીતરફ ગતવર્ષે મનપામાં ૩ લાખ ૭૯ હજાર ૨૭૦ નાગરિકોએ વેરો ભર્યો હતો. જેની સામે આ વર્ષે ૩ લાખ ૯૫ હજાર ૫૩૧ કરદાતાઓએ વેરો ભરતા કુલ ૧૬ હજાર ૬૩૧ કરદાતાઓનો વધારો નોંધાયો છે.મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના જણાવ્યા મુજબ, રાજકોટ મનપાને ટેક્સની ઐતિહાસિક આવક થઈ છે. જેના માટે રાજકોટિયન્સનો આભારી છું. આ વખતે શરૂઆતથી જ વસુલાતની કામગીરી કરવામાં આવી હોવાથી આ રેકોર્ડ નોંધાયો છે.

જેમાં પણ ઓનલાઈન માધ્યમથી રૂ.૧૭૫.૮૫ કરોડની આવક થઈ એ ખૂબ સારી બાબત છે. આગામી દિવસોમાં પણ લોકો વધુમાં વધુ ઓનલાઈન માધ્યમોનો ઉપયોગ કરે તેવી મારી અપીલ છે. ચાલુ વર્ષે વધુ એક સારી બાબત એ છે કે ૧૬ હજાર ૬૩૧ કરદાતાઓ વધ્યા છે. જોકે રૂ. ૩૭૫ કરોડ રૂપિયાના લક્ષ્યાંક સામે રૂ. ૩૬૫ કરોડ એટલે કે ૯૭% જેટલી વસુલાત થઈ છે.

# વડાળી, તેમજ પડધરીના ગામોમાં પોસ્ટરો લાગ્યા,ભાજપને પ્રચાર માટે પ્રવેશબંધી

રાજકોટ:

રાજકોટ જિલ્લા ભાજપના મહામંત્રી જાડેજાના ગામ વડાળી, તેમજ પડધરીના ગામોમાં રોષ દેખાયો

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા સામે રાજપૂત સમાજમાં દિવસેને દિવસે રોષ વધુ તેજ બની રહ્યો છે. રાજકોટ જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાના ગામ વડાળી સહિતના ગામોમાં ભાજપના પ્રચારકોને પ્રવેશબંધી વાળા પોસ્ટરો લાગી રહ્યા છે.




વડાળી ગામમાં ક્ષાત્રયુવા ગ્રૂપ વડાળીના નામે પોસ્ટલ ફરતા થયા છે. અમે સમસ્ત ક્ષત્રિય રાજપૂત સમાજ વડાળી વિરોધ કરીએ છીએ કે જ્યાં સુધી પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી ભાજપના ઉમેદવાર કે પ્રચારકોને વડાળી ગામમાં આવવું નહીં. આવા જ પોસ્ટર પડધરીના ખાખડાબેલા ગામ, હડમતિયા જંક્શન ગામમાં પણ લાગ્યા છે.

રાજપૂત સમાજના આગેવાનોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, રૂપાલાની ટિકિટ રદ નહીં કરાય તો ભાજપે પરિણામ ભોગવવું પડશે. આગામી દિવસોમાં માત્ર રાજકોટ લોકસભા વિસ્તારના ગામો જ નહીં પરંતુ શહેરી વિસ્તારોમાં પણ ભાજપને પ્રવેશબંધી કરાશે. સોમવારે લોધિકાના રાજપૂત આગેવાનોએ મામલતદારને આવેદન પત્ર આપી ઉગ્ર વિરોધ કર્યો હતો.

# આરટીઈ પ્રવેશ પ્રક્રિયા:જિલ્લામાં ૩૧૧૧ જગ્યા સામે ૨૨,૨૧૩ અરજી આવી

રાજકોટ:રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ખાનગી શાળામાં નિઃશુલ્ક શિક્ષણ આપવામાં આવનાર છે અને ઈ઼ઈમાં પ્રવેશ માટેના ફોર્મ ભરવાની મુદત પણ પૂર્ણ થઈ ગઈ છે. રાજકોટ શહેરમાં અંદાજિત ૧૩,૬૭૮ અને ગ્રામ્યમાં ૮૫૩૫ અરજી રાઈટ ટુ એજ્યુકેશનમાં એડમિશન માટે આવી હોવાનું જાણવા મળ્યું છે. આ વર્ષે શહેરમાં સંભવિત ૨૩૨૮ જગ્યા અને ગ્રામ્યમાં ૭૮૩ સીટ પર પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લાની કુલ ૯૫૦થી વધુ ખાનગી શાળામાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ઈ઼ઈ હેઠળ પ્રવેશ આપવામાં આવશે.ધોરણ ૧માં ખાનગી સ્કૂલોમાં ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને અભ્યાસ કરવા માટે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ૬ વર્ષે ધોરણ ૧માં પ્રવેશ આપવાનો હોવાથી આ વર્ષે રાઈટ ટુ એજ્યુકેશનની બેઠકમાં ઘટાડો થયો છે. આરટીઈ હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો ધોરણ-૮ સુધીનો તમામ ખર્ચ સરકાર ઉઠાવે છે. ધો.૧માં આરટીઈના પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન પ્રક્રિયામાં ૨૬મીએ ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો, પરંતુ રજૂઆતોને પગલે ચૂંટણીને ધ્યાને રાખી ફોર્મ ભરવાની મુદત વધારીને ૩૦મી માર્ચ કરવામાં આવી હતી. ફોર્મ ભરવાની પ્રક્રિયાના અંતે રાજકોટ શહેર અને ગ્રામ્ય એમ બંને થઈને કુલ આશરે ૨૨,૨૧૩ ફોર્મ ભરાયા છે. આરટીઈના ફોર્મ ભરવામાં રજિસ્ટર્ડ ભાડા કરાર માગવામાં આવ્યો હતો.વર્ષ ૨૦૨૪-૨૫માં આરટીઈ હેઠળ શાળા ફેરબદલી કરવા માટેનો કેમ્પ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે તારીખ ૨૦ એપ્રિલ સુધી રાખવામાં આવ્યો છે. ડીઈઓએ કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૪-૨૫માં ઈ઼ઈ અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શાળા ફેરબદલ અને માધ્યમ ફેરબદલ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,આરટીઈ શાખા કરણસિંહજી હાઈસ્કૂલ બિલ્ડિંગ, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વાલીએ સવારે ૧૦.૩૦થી સાંજે ૬ કલાક દરમિયાન શાળા ફેરબદલી માટે રૂબરૂ આવવાનું રહેશે.

# શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશન યોજાયું

## સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ માટે સૌથી વધુ સંખ્યામાં રસીકરણ થતા વર્લ્ડ રેકોર્ડ સર્જાયો



રાજકોટ:અખિલ ભારતીય દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતી આચાર્ય અજેન્દ્રપ્રસાદ મહારાજ તથા સર્વે સ્ત્રીભક્તોના ગુરુપદને શોભાવતા એવા "ગાદીવાળા માતુશ્રી" ના આશીર્વાદથી તથા 'ડૉ. ઉર્વશીકુંવરબા' (બાબારાજાશ્રી)ના સુયોગ્ય માર્ગદર્શનથી અભિસિંચિત "શ્રી લક્ષ્મીનારાયણદેવ મહિલા મંડળ" દ્વારા અનેકવિધ ધાર્મિક, સામાજિક તેમજ મહિલા સશક્તિકરણના કાર્યોની સાથે સાથે જનસેવાના કાર્યો પણ કરવામાં આવે છે. મહીલાઓને કેન્સર મુક્ત ભવિષ્ય આપવાના શુભ સંકલ્પને પૂર્ણ કરવા માટે ડૉ. ઉર્વશીકુંવરબા (બાબારાજાશ્રી)ના માર્ગદર્શન હેઠળ શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ દ્વારા આચાર્ય અજેન્દ્રપ્રસાદ મહારાજના ૭૫મા પ્રાગટ્ય અમૃત મહોત્સવ અંતર્ગત ઉજવાઈ રહ્યો છે. જેના ૧૮ દિવસે ૧૦૬૨ બહેનોને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ માટે વેક્સિનેશન કરાવી મહિલાઓ તથા દીકરીઓને કેન્સર સામે રક્ષણ પૂરું પાડવાનું સુંદર કાર્ય કરવામાં આવ્યું હતું. તારીખ ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ ગાદિવાળા માતુશ્રીના જન્મદિવસના ઉપલક્ષ્યમાં રાજકોટ શહેરના આંગણે ત્રિકોણ બાગમાં આવેલા શાસ્ત્રી મેદાનમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશન યોજાયું હતું. જેમાં ધ ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા બાબારાજા તેમજ શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળને ખૂબ ટૂંકા સમયમાં ૧૦૬૨ બહેનોને સર્વાઈકલ કેન્સર વેક્સિનેશન કરાવવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

# રાજકોટની જનાના હોસ્પિટલમાં અચાનક લિફ્ટ બંધ થતા નર્સિંગના સ્ટુડન્ટસ ફસાયા

રાજકોટ:

રાજકોટનાં સિવિલ હોસ્પિટલ ચોકમાં આવેલી જનાના હોસ્પિટલનું વડાપ્રધાન મોદીનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, લોકાર્પણનાં એકાદ મહિનામાં જ આ હોસ્પિટલમાં પાણીની મુશ્કેલી સહિતની અનેક તકલીફો હોવાનું સામે આવી ચૂક્યું છે. ત્યારે આજે આ હોસ્પિટલ ફરી વિવાદમાં આવી છે. જેમાં જનાના હોસ્પિટલમાં અચાનક લિફ્ટ બંધ થઈ જતા અમુક નર્સિંગ સ્ટુડન્ટસ ફંસાયા હતા. જોકે, આ અંગેની જાણ થતાં તરત લિફ્ટ ટેક્નિશિયનો દોડી આવ્યા હતા અને ગણતરીની મિનિટો બાદ તમામને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યાં હતાં. જેને પગલે સદનસીબે જાનહાનિ ટળી હતી. આ ઘટનાનો વીડિયો સામે આવતા કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.પ્રાપ્ત વિગત મુજબ, આજે જનાના હોસ્પિટલમાં આવેલ ૨ નંબરની લિફ્ટ અધવચ્ચે બંધ થઈ હતી. જેને લઈને તેમાં સવાર અમુક નર્સિંગ સ્ટુડન્ટસ ફંસાઈ ગયા હતાં અને ફોન દ્વારા તંત્રને આ અંગે જાણ કરવામાં આવી હતી. આ અંગેની જાણ થતાં લિફ્ટ ટેક્નિશિયનો અને સ્થાનિક સિક્યુરિટી સ્ટાફ દોડી ગયો હતો અને તમામ સ્ટુડન્ટસને ગણતરીની મિનિટોમાં બહાર કાઢી લેવામાં આવ્યાં હતાં. તેમજ થોડીવારમાં જ લિફ્ટ ફરી કાર્યરત કરવામાં આવી હતી. જોકે, આ ઘટનાને લઈને જનાના હોસ્પિટલનાં સ્ટાફ તેમજ દર્દીઓનાં સગાઓમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો.આ અંગે સિવિલ અધિક્ષક ડો. આર. એસ. ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ટેક્નિકલ કારણોસર માત્ર થોડી મિનિટો માટે જ લિફ્ટ બંધ થઈ હતી. તાત્કાલિક તેને પૂર્વવત કરી દેવામાં આવી છે. લિફ્ટ બંધ થઈ ત્યારે તેમાં નર્સિંગનાં સ્ટુડન્ટસ હતાં, જેને પણ સલામત રીતે બહાર કાઢી લેવામાં આવ્યાં હતાં. ભવિષ્યમાં આવું ન બને તે માટે સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી દેવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, લોકાર્પણ બાદ જનાના હોસ્પિટલમાં સૌપ્રથમ સિટીસ્કેન મશીન નહીં હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ હોસ્પિટલમાં પાણીની લાઈન નહીં હોવાનું પણ ખુલ્યું હતું. તેમજ અગાઉ મેડિકલ વેસ્ટ જનાના હોસ્પિટલનાં પ્રાંગણમાં બે-ત્રણ દિવસ પડી રહ્યો હતો અને અહેવાલ બાદ મેડિકલ વેસ્ટ ત્યાંથી હટાવાયો હતો. તેમજ મિલ્ક બેંક માટેનું એક મશીન હજુ આવ્યું નથી. આ સિવાય પણ એક્સરે, સોનોગ્રાફી જેવા મશીન જુના હોવાનું અને નવા મશીન આવકમાં હોવાનું જણાવાઈ રહ્યું છે. ત્યારે આજે લિફ્ટ બંધ થતાં જનાના હોસ્પિટલનાં નિર્માણમાં ભ્રષ્ટાચાર થયાની ચર્ચાઓ હાલ ચાલી રહી છે.



## હોસ્પિટલનાં નિર્માણમાં ભ્રષ્ટાચાર થયાની ચર્ચા

# રાજકોટ કાલાવડ રોડ પહોળો કરવા અસરગ્રસ્તોને વિશેષ લાભ: રાજ્ય સરકારની લીલીઝંડી

રાજકોટ,

રાજકોટ શહેરના હાર્દસમા કાલાવડ રોડને કોટેચા ચોકથી ન્યારી ડેમ રોડ કોર્નર સુધી પહોળો કરવા જમીન કપાતના અસરગ્રસ્તો્ને જમીન ધારકોએ મનપાને આપવા પડતા એનઓસી નહી આપવું પડે સાથેની જમીન વેચાણની ભરવાની થતી ૧૦ ટકા રકમ ભરવામાંથી પણ મુકિત આપવા સહિતનાં બે નિયમમાં ખાસ કિસ્સો તરીકે વિશેષ છુટછાટ આપવા ભાજપ શાસિત સ્ટેન્ડિં ગ કમીટીએ અને સામાન્ય સભાએ ઠરાવ કરી વહીવટી મંજુરી માટે કમિશનરને મોકલેલ. કમિશનરે આગળની વહીવટી કાર્યવાહી કરતા પૂર્વે સરકારનું માર્ગદર્શન માંગેલ. આ ચર્ચાસ્પ દ પ્રકરણમાં શહેરી વિકાસ વિભાગે સ્ટેન્ડિંગ કમીટીએ અને સામાન્ન સભાએ ઠરાવને મંજુરી અપવામાં આવી હોવાનું મનપા તંત્રના સતાવાર સુત્રોમાંથી જણાવ્યુ હતુ.

રાજકોટના ગૌરવ પથ કાલાવડ રોડ પર કોટેચા ચોકથી છેક ન્યારી ડેમ કોર્નર સુધીના ૩૦ મીટરના બદલે ૪૦ મીટર એટલે કે ૧૫૦ ફુટનો બનાવવા માટે કપાતમાં જતી જમીન અને ૬૪ ખાનગી પ્લોટના માલીકોને બદલામાં પ્લો ટ આપવા એફએસઆઈ, માર્જીન અને પાર્કિંગની જગ્યાદ્નો લાભ આપવાની દરખાસ્તાને ખાસ કિસ્સમાં તાજેતરમાં સ્ટેન્ડીંનગ કમિટિ અને જનરલ બોર્ડમાં મંજુરીની મ્હોર લગાવામાં આવી હતી પરંતુ આ દરખાસ્તક અંગેનો અભિપ્રાય સરકાર પાસેથી માંગવામાં આવ્યોે હતો.

આ દરખાસ્તને સ્ટેન્ડીંગિ કમિટિ અને બોર્ડની મંજુરી આપવા છતાં મામલો ગાંધીનગર પહોંચતા અનેક તર્કવિતર્કો થઈ રહ્યા હતા.આ દરખાસ્ત પુરતા બે નિયમોમાં ફેરફાર કરાયા છે. જેમાં જમીન ધારકે મનપાને આપવા પડતા એનઓસી નહી આપવું પડે સાથેની જમીન વેચાણની ભરવાની થતી ૧૦ ટકા રકમ ભરવામાંથી પણ મુકિત આપવામાં આવશે.

વધુમાં સુત્રોનોં જણાવ્યાી મુજબ સરકાર દ્વારા મ્યુનિ.કોર્પોરેશનને વાંધા અંગે કવેરી પણ પુછવામાં આવી હતી. આ બાદ મનપા તંત્ર દ્વાર કવેરીનો વિસ્તૃજત જવાબ આપવામાં આવ્યોનહતો. આ બાદ સરકાર દ્વારા સ્ટેછન્ડીંતગ કમિટિ અને બોર્ડે કરેલ ઠરાવ માન્ય્ રખાશે તેમ સુત્રોએ જણાવ્યુ હિતુ.

## હિન્દુ/જૈન ધર્મના તહેવારો નિમીતે કતલખાનાઓ બંધ રાખવા રજૂઆત

રાજકોટ:હિન્દુજૈન ધર્મના અતિ પવિત્ર તહેવારો આગામી ૧૦, એપ્રિલ, બુધવારે ચેટીચાંદ, તા.૧૪, એપ્રિલ, રવીવારે ડો. આંબેડકર જયંતી, તા.૧૭, એપ્રિલ, બુધવારે રામનવમી, તા.૨૧, એપ્રિલ, રવીવારે મહાવીર જયંતી, તા. ૨૩, એપ્રિલ મંગળવારે હનુમાન જયંતીના રોજ હોય, દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન,ચીકન,મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા એનીમલ હેલ્પલાઈન દ્વારા ગુજરાતનાં જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મિતલ ખેતાણી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.તંત્ર દ્વારા દર વર્ષ આ અંગેનું જાહેર નામું બહાર પાડવામાં આવે છે. તો આ વર્ષે પણ ગુજરાતનાં દરેક જીલ્લા, શહેર અને ગામમાં સત્વરે જાહેરનામું બહાર પડાવી કાયદેસર અને ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ, માંસની દુકાનો પર પ્રતીબંધીત આદેશ બહાર પડાવવાની રજૂઆત કરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લામાં માર્ચ માસમાં ૧૫૯૧૫ દસ્તાવેજની નોંધણી

રાજકોટ:રાજકોટ શહેર-જિલ્લામાં માર્ચ માસમાં દસ્તાવેજો નોંધણી માટે ભારે ધસારો થતાં ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીમાં ૧૫૯૧૫ દસ્તાવેજ નોંધાયા હતા અને રાજ્ય સરકારને તેના થકી રૂ.૯૮.૫૨ કરોડની આવક થઈ હતી. ફેબ્રુઆરી માસ કરતા માર્ચ માસમાં ૨ હજાર જેટલા વધુ દસ્તાવેજોની નોંધણી થઈ હતી.રાજકોટ જિલ્લાની ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીમાં માર્ચ માસમાં દસ્તાવેજોની નોંધણી માટે ભારે ધસારો થતા નોંધણી સર નિરીક્ષક દ્વારા ૬ સબ રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજો માટે છેલ્લા દિવસોમાં સ્લોટ ટાઈમ દોઢ કલાક વધારી દેવાયો હતો. આમ છતાં છેલ્લા દિવસોમાં પાંચ સબ રજિસ્ટ્રાર કચેરીમાં ૧-૧ દિવસનું વેઈટિંગ ચાલતું હતું.માર્ચ માસમાં ૧૫૯૧૫ દસ્તાવેજ નોંધાયા હતા જેમાં સૌથી વધુ રાજકોટ ઝોન-૨ મોરબી રોડ પર ૧૯૧૦ અને સૌથી ઓછા વીંછિયા સબ રજિસ્ટ્રાર કચેરીમાં ૭૬ દસ્તાવેજ નોંધાયા હતા.સબ રજિસ્ટ્રાર ઝોન-૩માં ૧૧૧૧, ઝોન-૧માં ૯૯૭, ઝોન-૮માં ૮૭૧, ઝોન-૫માં ૯૪૨, જેતપુરમાં ૭૬૮, ઉપલેટામાં ૪૪૨, ઝોન-૨માં ૧૯૧૦, વીંછિયામાં ૭૬, ધોરાજીમાં ૩૬૨, ઝોન-૬માં ૧૬૯૬, ગોંડલમાં ૧૪૫૯, પડધરીમાં ૩૪૫, લોધિકામાં ૧૦૩૫, કોટડાસાંગાણીમાં ૬૧૦, ઝોન-૪માં ૧૦૮૮, જસદણમાં ૫૩૯, જામકંડોરણામાં ૧૨૬ અને ઝોન-૭માં ૧૫૩૮ દસ્તાવેજોની નોંધણી થઈ છે.

# બાળકોને શાળામાંથી જ સ્વચ્છતાના પાઠ ભણાવવા અપીલ

રાજકોટ:રાજકોટ મનપા કમિશનર આનંદ પટેલ દ્વારા કોર્પોરેશન હસ્તકની ૯૩ શાળામાં અધિકારીઓ દ્વારા સ્વચ્છતા અંગેના પેરામીટરની ચકાસણી કરવામાં આવી હતી. તેમજ બાળકોને સ્વચ્છતા અને ભીના-સુકા કચરાના વર્ગીકરણ માટે સમજણ આપવામાં આવી હતી. પૃથ્વીરાજ ચૌહાણ પ્રાથમિક શાળા નં.૪૮ના બાળકોને સ્વચ્છતા અને કચરાના વર્ગીકરણ અંગે મ્યુ. કમિશનરે માર્ગદર્શન આપ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું કે, શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે દરેક વર્ગના નાગરિકોનો સહયોગ જરૂરી છે. બાળકોને શાળામાં સ્વચ્છતા અંગેની માહિતી આપવામાં આવે તો પ્રાથમિક તબક્કાથી જ બાળકમાં સ્વચ્છતા અંગે જાગૃતિ પ્રસરે છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતા, તો સ્વચ્છતા રાખીશું તો આપણે ત્યાં પ્રભુનો વાસ થશે. જેમ આપણે આપણા ઘરે સ્વચ્છતા રાખીએ છીએ તેમ જ રાજકોટ શહેર આપણું ઘર છે તેને ઘરની જેમ જ સ્વચ્છ રાખવાની જરૂર છે.

# રાજકોટ જિલ્લા સંપર્ક કેન્દ્રને ચૂંટણી સબંધી મળેલ ૫૦ ફરિયાદોનો નિકાલ

રાજકોટ,લોકસભા ચૂંટણી જાહેર થયા બાદ તા. ૧૬ માર્ચ, ૨૦૨૪ થી જિલ્લા ચૂંટણી કેન્દ્ર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મળતી ફરિયાદોના સત્વરે નિકાલ માટે એન.જી.એસ.પી. મારફતે કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ અધિક ચૂંટણી અધિકારીશ્રી અને તેમની ટીમ દ્વારા ટોલ ફ્રી નંબર, વોટર હેલ્પ લાઈન – ૧૯૫૦ તેમજ સી.વીજીલ એપ પર આવેલ ઓનલાઈન મળીને ૫૦ જેટલી ફરિયાદ મળી હતી, જે તમામનો નિકાલ કરવામાં આવ્યો છે.

એ.સી. વાઈઝ વિધાનસભા રાજકોટ પૂર્વ (૬૮) વિસ્તારમાં ૪, રાજકોટ પશ્ચિમ (૬૯) વિધાનસભા વિસ્તારની ૧૩, દક્ષીણ વિધાનસભા વિસ્તાર (૭૦) ની ૮, રાજકોટ ગ્રામ્ય વિધાનસભા વિસ્તાર (૭૧) માં ૧૧, જસદણ વિધાનસભા વિસ્તાર (૭૨) માં ૩, ગોંડલ વિધાનસભા વિસ્તાર (૭૩) માં ૭, જેતપુર વિધાનસભા વિસ્તાર હેઠળ (૭૪) માં ૨ , ધોરાજી વિધાનસભા મત વિસ્તાર (૭૫) માં ૧ તેમજ અન્ય એક મળીને કુલ ૫૦ જેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, તેમ એન.જી.એસ.પી.ના નોડલ ઓફિસર શ્રી સ્વામીની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ૨૦૨૪માં ચાર અબજ લોકો ચૂંટણીમાં મતદાન કરશે

ભારત સહિત વિશ્વના મોટાભાગના દેશોમાં ૨૦૨૪ માં ચૂંટણી યોજાઈ રહી છે તેનો અર્થ એવો થાય કે અડધી દુનિયા ના લોકો ચૂંટણીમાં મતદાન કરશે

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં ૨૦૨૪ માં જે ચૂંટણી યોજવાની છે તે વિશ્વ કક્ષાએ સૌથી મોટી ચુંટણી છે ભારતનો જે ચૂંટણીતંત્ર છે તે વિશ્વનો સૌથી મોટો સૌથી વધુ સુનિયોજીત ચૂંટણી તંત્ર છે આવી જ રીતે વિશ્વની સૌથી જૂની લોકશાહી ગણાતી અમેરિકાની ચૂંટણી પણ આ વર્ષમાં જ આવી રહી છે ત્યાં આ વખતે બે મોટા હોય એવું નેતાઓ સામસામે ચૂંટણી લડી રહ્યા છે આ ચૂંટણી મારે રસાકસી વાળી બની જવાની છે ભારત અને અમેરિકાની ચૂંટણીમાં જમીન આસમાન નો તફાવત છે બંનેની સિસ્ટમ જુદી છે આમ છતાં ભારતનો ચૂંટણી તંત્ર વિશ્વની અંદર સૌથી વધુ કાર્યક્ષમ અને સૌથી વધુ તથા ગણવામાં આવે છે વિશ્વના ઘણા દેશો ભારતના ચૂંટણી તંત્રને મોડેલ ગણીને તેનો અભ્યાસ કરે છે અને પોતાની રીતે ચૂંટણી યોજે છે એક સમયે ભારતમાં બેલેટ પેપર પર મતદાન કરવામાં આવતું હતું હવે ઓટોમેટીક ઇલેક્ટ્રોનિક મશીનો આવી ગયા છે જેને કારણે ચૂંટણીમાં ઝડપ આવે છે ભારતે કેવો દેશ છે કે આ બારેમાસ કોઈને કોઈ જગ્યાએ તો ચૂંટણી ચાલ્યા જ કરતી હોય છે લોકસભા થી માંડીને ગામડાની પંચાયતમાં પણ ચૂંટણી થતી હોય છે સહકારી સંસ્થાઓમાં પણ ચૂંટણી થતી હોય છે લોકશાહી દેશનો સૌથી મોટો પરિબળ છે અને તે આપણા માટે ગૌરવ છે

આખી દુનિયા માટે ૨૦૨૪નું વર્ષ વિશાળ પરિવર્તનો આણનારું સાબિત થવાનું છે. આ વર્ષે જે લિપ વર્ષ છે તે દુનિયાની અડધી વસતીનું ભાગ્ય બદલશે. વાત એવી છે કે, ભારતમાં તો લોકસભા ચૂંટણીનું રણશિંગુ ફુંકાઈ ગયું છે અને અમેરિકામાં પણ ચૂંટણી મુદ્દે ગરબડ ગોટાળા ચાલ્યા કરે છે.

રશિયામાં ચૂંટણીના દેખાડા થયા અને ઘીના ઠામમાં ઘી પડે તેમ પુતિન જ સર્વસત્તાધિશ રહ્યા છે. આ બધા ફેરફારો વચ્ચે નોંધનિય બાબત એવી છે કે, ૨૦૨૪નું વર્ષ વૈશ્વિક સ્તરે રાજકીય ઉથલપાથલ અને ચૂંટણીઓનું વર્ષ રહેવાનું છે. આ વર્ષે દુનિયાના ૭૦થી વધારે દેશોમાં ચૂંટણી યોજાવાની છે. જાણકારોના મતે આ વર્ષે ૭૮ દેશોમાં ૮૩ જેટલી ચૂંટણીઓ થશે જેમાં દેશની નવી સરકારો રચાશે. તેમાં પૂનરાવર્તન અને પરિવર્તનના અવિસ્મરણીય પરિણામો જોવા મળી શકે છે. આ વર્ષે ભારત, અમેરિકા અને બ્રિટન જેવી મોટી લોકશાહીમાં ચૂંટણીઓ યોજાવાની છે. તો બીજી તરફ રશિયા, યુક્રેન, બાંગ્લાદેશ, પાકિસ્તાન જેવા દેશોમાં પણ ચૂંટણી થવાની છે. વસતીની દ્રષ્ટીએ જોઈએ તો દુનિયાની સૌથી વધુ વસતી ધરાવતા ભારતમાં ચૂંટણી થવાની છે તો બીજી તરફ માત્ર ૧૧,૩૯૬ની વસતી ધરાવતા નાનકડા દેશ તુવાલુમાં પણ નવી કેન્દ્ર સરકાર રચાશે.

વિશ્વની અડધી વસતી કરશે મતદાન ૨૦૨૪ના વર્ષમાં વૈશ્વિક સ્તરે જે ચૂંટણીઓ યોજાશે તે વર્લ્ડ રેકોર્ડ બની રહેવાનો છે. વિશ્વની અડધી વસતી એટલે કે અંદાજે ૪.૩ અબજ લોકો મતદાન કરશે. આ વખતે અમેરિકા અને ભારત જેવા મોટા દેશોમાં ચૂંટણી છે. તે ઉપરાંત એશિયા, આફ્રિકા અને યુરોપના ઘણા દેશોમાં નવી સરકાર રચાવાની છે. તે સિવાય યુરોપીયન યુનિયનના સભ્ય ૨૭ દેશોની પણ પોતાની ચૂંટણી થવાની છે. જી-૨૦અને જી-૭માં સ્થાન ધરાવતા મહત્ત્વના અને મોટા દેશોમાં આ વર્ષે ચૂંટણી થવાની છે.

# અપંગ અબળા નહીં, દિવ્યાંગ સબળા

અલ્પ ઝલ્પ -ડૉ. મનહર ઠાકર

**બાળવયથી એક પગની અપંગતા હોવા છતાં ખેડૂતની દીકરી કાંખઘોડીના સહારે જિંદગીમાં મજબૂત મન અને કઠણ કાળજાના સથવારે બીજવરને વરે છે. સાસરે જઈને આખા કુટુંબને ઉપયોગી થઈ, બેઠું કરવામાં આગવી સૂઝ દાખવે છે**

ચાર વર્ષની ઉંમરે ખેડૂતની દીકરી અમરતને જમણા પગે ખોટ આવી. ગોઠણથી તે પગના ફણા સુધીનો ભાગ પોલિયોના કારણે સાવ પાતળો પડી ગયો. એ જમાનામાં એનો કોઈ ઈલાજ ન થયો. તેના માબાપ તો મૂંઝાણાં. દીકરીની જાત અને આવી અપંગતા, જન્મારો કેમ કાઢશે ? દીકરીને એક પગે કાંખ ઘોડી કરાવી આપી. તેના આધારે દીકરી આખો દા'ડો કામ સગડ રહેતી. ખેતીવાળું ખોરડું એટલે વાડી , ખેતર અને ઘર વચ્ચે અમરત આંટા ફેરા કર્યા કરતી. ઘરે બે ચાર ઢોરઢાંખર ખરાં. એટલે એનું ય કામ કરે ખરી. ઢોરનું વાસીદું , ફળિયુ વાળવું, રસોઈ બનાવવી અને ક્યારેક તો પાડોસણ ભેળી ગામને કૂવે પાણી ભરવાયે જાતી. આમને આમ દિવસો પસાર થતા ગયા. સમયને જાતા ક્યાં વાર લાગે છે ? તે અઢાર વર્ષની થઈ. ને એની નાતમાં એક ગામડે ખેડૂત એવા બીજવર ને ત્યાં એનું પાણી ગ્રહણ થઈ ગયું. સાસરે આવી પણ ત્યાં તો ટૂંકી ખેતી. આગલા ઘરનાં બે સંતાનો અને સાસુ-સસરા એમ સૌની સેવા કરવા એણે તો કમર કસી લીધી. પોતાના ધણી ભેળી ખેતરે ખેડકામમાં મદદરૂપ થાય. ઘરનું સઘળું કામ કરે. શેરી-બજારને જાતે બનાવેલા ઊભા સાવરણેથી વાળી કરી અને ગામને કૂવેથી દિ' ઊગે ત્યાં તો ચાર પાંચ હેલ પાણી ભરી લે.



ગામ આખાને નવાઈ લાગે કે એક કાંખ ઘોડીને ટેકે અને માથે ભરેલી હેલ લઈને કૂવેથી આ બાઈ ચાર પાંચ ફેરા મારે છે. ઈ કઠણ કાળજાની તો કહેવાય હો ! બે પાંચ વર્ષમાં એને ત્યાં બે સંતાનો થયાં. મોંઘવારી વધતી ગઈ. ઘરખેડમાં કાંઈ ઉપજ નહીં અને આઠ આઠ માણસનું રસોડું, તે ઉપજ વગરનું ખોરડું ડૂલી ગયું. અધૂરાંમાં પૂરું માથે આગલા ઘરની બે દીકરીઓને વળાવવાના પ્રસંગો આવ્યા. ઘરમાં ફૂટી કોડી ન મળે ! ટૂંકી ખેતીની જમીન ધીરધારમાં માંડી દીધી ને સાટે વ્યાજવટે પૈસા લીધાં. હવે આજીવિકાનું સાધન શું !

અમરતે પોતાના પરિવાર સાથે બાપને ઘરે જઈને ખેતીમાં ભાગ રાખ્યો. એનો ધણી કામઢો ખરો તે રાતદી ખેતીના કામ સગડ જ રહે. અમરતે બાપની ખેતીમાં ભાગીદારી કરી. સાસુ-સસરા, પોતાનાં બે સંતાનો અને બે જણાં પોતે, એમ રાત દિવસ જોયા વિના જાત મહેનતે પાંચ વર્ષમાં તો આ ખોરડું બે પાંદડે થઈ ગયું. કરકસર અને કામની ખંતથી ભેગી કરેલી કમાણી, પોતાની જે જમીન વ્યાજે લીધેલાં પૈસામાં માંડી હતી, તે છૂટી થાય એટલા પૈસા ભેગા કરી લીધાં. વતનમાં આવીને જમીન છૂટી કરાવી. બાપના ઘરે ખેતીનો પાકો અનુભવ લીધેલો એટલે પોતાની ટૂંકી જમીનમાં પણ રાત દિવસ જોયા વગર બંને જણાં ખેડવાડમાં મંડી પડ્યાં .

પોતાની ખેતીવાળી જમીનમાં જાતે કૂવો ગાળ્યો. તેમાં બારે મહિના ખૂટે નહીં એટલું સારું પાણી થયું. વર્ષની ત્રણ ઉપજ ; શિયાળું , ઉનાળુ અને ચોમાસું પાક લેવા માંડ્યાં. ઘર માટે દુજણાં ઢોર રાખ્યાં. ખેતી અને પશુપાલનમાં આખું ઘર મથવા લાગ્યું. પરોઢિયે ચૂલો પેટાવીને આખા દિ'ના રોટલા ટીપી નાખતી અમરત દિ' ઊગે ત્યાં ભાતોડિયામાં રોટલી બાંધીને આખા ઘરને ઢોરઢાંખર સહિત વાડી ભેળું કરી દેતી. સૌનું સિરામણ વાડીએ જઈને થાતું. મધ્યાહને સૂરજનારા'ણ માથે આવે ત્યાં લગી આ કુટુંબ ખેડવાડમાં બથોડાં ભરતું અને માલઢોર વાડીના શેઢે ચર્યા કરતાં.

ધોમ ધખતો સૂરજ માથે આવે ત્યારે આખું ઘર વાડીના ઘેઘૂર વડલાના ટાઢા છાંયડે બપોરા કરવા બેસતું. એ છાંયડાના એક છેડે પાણાં ગોઠવીને મંગાળો કરેલો. તેના પર તપેલામાં અમરત ઘરની વાડીમાંથી વીણેલું શાક વઘારે. અર્ધા દિ 'લગી ખેતીકામમાં મહેન કરીને ભૂખ્યાં ડાંસ જેવાં સૌ શાકના વઘારથી જ ધરાઈ જાતાં. ચૂલે સૂકાં રાડાં, ટિટિયા, અડાયાં છાણાંનો તાપ તપેલાની પડખે લબરાકિયાં મારતો શાકને બાફીને છેડવી નાંખવામાં વાર નહોતો લગાડતો. સૌ કૂવેથી વહેતાં પાણીએ હાથપગ ધોઈને સમાનમા થાય ત્યાં તો અમરત રોટલા બાંધેલું ભાતોડિયું કપડું છોડીને દરેકની સામે ગાડાનાં પૈડાં જેવાં બબ્બે બાઢાં મેલી દે. ઈ બાઢાંની વચાળે પડેલા ખાડામાં ફળફળતું શાક અને માટીના દોણામાંથી એક એક છાલિયું જાડી ખજડા જેવી છાશ. આખું કુટુંબ ભેળું બેસીને રોંઢો કરતું જાય અને અલક મલકની વાતો કરતું ધરાઈ ધરાઈને બપોરા કરી લેતું.

માલઢોર પણ ચરાણેથી ધરાઈને બપોરનો વિસામો લેવા અહીં વડલા હેઠે આવી જતાં. વહેતા ધોરિયે પાણી પીધાં પછી શીળી છાંયામાં બેસીને ઢોર ચરેલું બધું વાગોળતાં ત્યારે અમરત પણ તેની સામે જોઈને બેઠી બેઠી પોતાનું જીવન વાગોળતી. કુટુંબના બાકીનાં બધાં એ છાંયડે જ લંબાવતાં.

અમરતનાં છોકરાંઓ મોટાં થયાં. એટલે કામ ધંધે માબાપની પડખે ઊભાં રહી ગયાં. દિવસો વિતતા ગયા. વૃદ્ધાવસ્થાએ પહોંચતા સુધીમાં તો અમરતે પોતાનાં બંને સંતાનોને વરાવી દીધાં.ગામ આખાને અમરતની અમીરાત, તેની અપંગતા સામે મનની અડગતા અને ખોરડાને બે પાંદડે કરવામાં એણે વાપરેલી કોઠાસૂઝના વખાણ કર્યા વિના છૂટકો નહોતો. ભાગ્યે જ કોઈ ઓરતમાં આવી ધગશ, કુટુંબ ભાવના, સ્વાશ્રય અને સ્વાવલંબીપણું જોવા મળે !

અમરતને જીવનમાં ક્યારેય પોતાના દેહની અપંગતા ખટકી નથી. એનું મન મજબૂત છે. એનું કાળજું કઠણ છે. અપંગ હોવા છતાં એને સાસરું મળ્યું એનું કારણ તો એના જેની સાથે લગ્ન થયા એ પુરુષના પહેલાં પત્ની બે નાનેરાં સંતાનો મેલીને અવસાન પામેલાં ને સાસુ-સસરાની ઉંમર ! આવી પરિસ્થિતિમાં ઘરસંસાર ચાલે એમ માનીને અમરતને આ ખોરડે લીધેલી. અહીં આવીને અમરતે તો પોતાની કુનેહથી આ ખોરડાને ઉજળું કરી બતાવ્યું.

# જાપાનની ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની તૈયારી !

## પૃથ્વીથી મંગળ સુધી કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં આવશે !!

જો આવનારા થોડા વર્ષો કે દાયકાઓમાં ચંદ્ર પર મનુષ્યો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવે અને ત્યાંથી અવકાશમાં સંશોધનની ગતિવિધિઓ થવા લાગે તો તેમાં નવાઈ પામવા જેવું નથી. નાસા ચંદ્રનો આધાર તરીકે ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની સંભાવના પર કામ કરી રહી છે. માનવ અવકાશના રહસ્યો જાણવા માટે ઉત્સુક છે. અને તે અવકાશના રહસ્યો જાણવાની ઇચ્છા હતી, જે માણસને ચંદ્ર પર લઈ ગઈ પરંતુ મનુષ્ય ચંદ્ર પર પહોંચી ગયો હોવા છતાં આજે પણ ચંદ્ર પ્રત્યે વૈજ્ઞાનિકોની રુચિ ઓછી થઈ નથી.

ચંદ્ર અવકાશ સંશોધનમાં એટલો ખાસ બનવા જઈ રહ્યો છે કે હવે વૈજ્ઞાનિકો ત્યાં બેઝ બનાવવાની તૈયારી કરી રહ્યા છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ આ માટે સંપૂર્ણ પ્લાન તૈયાર કર્યો છે.બ્રિટીશ અવકાશ વૈજ્ઞાનિક ડો. મેગી એડેરિન-પોકોકે ચંદ્ર પરના આધારના મહત્વ તેમજ નાસાના આર્ટેમિસ પ્રોજેક્ટ અને ચંદ્ર પર બેઝ માટેની યોજનાઓ વિશે વિગતવાર વર્ણન કર્યું છે.

સૌરમંડળમાં પૃથ્વીની સૌથી નજીક જો ચંદ્ર છે. વાસ્તવમાં જો કોઈ મિશનને સૌરમંડળના બીજા ભાગમાં મોકલવાનું હોય તો તેનું અંતર ઘણું વધી જશે, આવી સ્થિતિમાં મિશનની સફળતાની સૌથી સારી આશા એ હશે કે પૃથ્વી પરથી સીધા જવાને બદલે, વચ્ચે એક આધાર હોવો જોઈએ જ્યાંથી મિશન શરૂ કરી શકાય છે. લોન્ચ કરી શકાય છે અને ત્યાં સુરક્ષિત રીતે પરત આવી શકે આ કાર્ય માટે ચંદ્રથી શ્રેષ્ઠ કોઈ સ્થાન નથી. આ જ કારણ છે કે નાસાને ફરી એકવાર ચંદ્રમાં રસ જાગ્યો છે.

નાસા આર્ટેમિસ મિશન દ્વારા ૫૦ વર્ષમાં પ્રથમ વખત ચંદ્ર પર લોકોને મોકલી રહ્યું છે.ડો. મેગી એડરિન પોકોકે જણાવ્યું હતું કે "નાસાનું આર્ટેમિસ મિશન મનુષ્યોને ચંદ્ર પર મોકલી રહ્યું છે, પરંતુ તેનો વાસ્તવિક હેતુ ચંદ્રનો સ્ટેજીંગ પોસ્ટ તરીકે ઉપયોગ કરવાનો છે." નાસાએ પોતે કહ્યું છે કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય એ સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે કે મનુષ્ય પૃથ્વીની બહાર કેવી રીતે રહી શકે છે અને આ વિશાળ વાદળી ગ્રહથી દૂર માનવ વસવાટ કેવી રીતે સ્થાપિત કરી શકાય છે.

કરંટ ટોપિક

"ચંદ્ર પૃથ્વી કરતાં નાનો હોવાથી તેનું ગુરુત્વાકર્ષણ ઓછું છે.આવી સ્થિતિમાં, ચંદ્ર પરથી પ્રક્ષેપણ સરળ બને છે અને તેની સાથે આપણે મંગળ જેવા સ્થળોને જોવાનું શરૂ કરી શકીએ છીએ.

એડરિને વધુમાં કહ્યું, કે"આ ૩૦, ૪૦ કે ૫૦ વર્ષ વિશેની વાત છે. પછી લોકો ચંદ્ર પર માનવ આધાર રાખવા અને વાસ્તવમાં ચંદ્ર પર રોકેટ બનાવવા અને ઓછા ગુરુત્વાકર્ષણને કારણે તેમને ચંદ્ર પરથી લોન્ચ કરવા વિશે વિચારી રહ્યા છે.વૈજ્ઞાનિકો આ દલીલનો ઉપયોગ એવા લોકોને જવાબ આપવા માટે કરે છે જેઓ કહે છે કે ચંદ્ર પર આધાર બનાવવાને બદલે આપણે પૃથ્વીથી સીધા મંગળ પર મિશન મોકલવા જોઈએ.નાસાએ કહ્યું કે આર્ટેમિસ મિશન સાથે, અમે વૈજ્ઞાનિક શોધ અને તકનીકી પ્રગતિ માટે ચંદ્રની શોધ કરી રહ્યા છીએ અને મંગળ પર માનવ મિશનની તૈયારી કરતી વખતે અન્ય વિશ્વમાં કેવી રીતે જીવવું અને કામ કરવું તે શીખીશું.

બીજી તરફ જાપાનના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની યોજના બનાવી છે.સાથે જ તેના નિર્માણ પછી, ચંદ્ર પર માનવ વસાહત સાથે, મંગળ અને પૃથ્વી વચ્ચેની કનેક્ટિવિટી પણ શરૂ થવાની અપેક્ષા છે.ત્યારે વૈજ્ઞાનિકોનું માનવું છે કે તેનો પહેલો પ્રોટોટાઈપ ૨૦૫૦ સુધીમાં તૈયાર થઈ જશે.જ્યારે પૃથ્વી ઉપરથી પ્રથમ માણસે પૃથ્વી છોડી અને ચંદ્ર પર પગ મૂક્યો, ત્યારે તેને માનવતા માટે એક મહાન છલાંગ કહેવામાં આવી છે.આજે એ ઘટનાને ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને હવે માણસ ચંદ્ર પર વસાહત સ્થાપવાની તૈયારી કરી રહ્યો છે.કદાચ ટૂંક સમયમાં એવો દિવસ આવશે જ્યારે ચંદ્ર પર માનવ વસાહત સ્થાપિત થઈ શકશે અને મનુષ્ય ત્યાં રહેવાનું શરૂ કરશે. વૈજ્ઞાનિકો આ આયોજનમાં વ્યસ્ત છે, આ દરમિયાન જાપાનના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પર બુલેટ ટ્રેન દોડાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જાપાનની ક્યોટો યુનિવર્સિટીના સંશોધકોએ ૨૦૨૨ માં જાહેરાત કરી હતી કે તેઓ પૃથ્વીને ચંદ્ર અને મંગળ સાથે જોડતી ટ્રેન બનાવવાની યોજના પર કાજીમા કન્સ્ટ્રક્શન સાથે કામ કરી રહ્યા છે. આ સાથે પૃથ્વીની બહાર લોકોને સ્થાયી કરવા માટે કૃત્રિમ આવાસ બનાવવાની પણ યોજના છે.ત્યારે ચાલો જાણીએ કે પૃથ્વીને બીજા ગ્રહ સાથે જોડતી આ ટ્રેન કેવી રીતે બનાવવામાં આવશે.અને વૈજ્ઞાનિકોએ તેના પર શું કામ શરૂ કર્યું છે.

તો આ બધું વિજ્ઞાનની કલ્પના જેવું લાગે છે પરંતુ સત્ય એ છે કે જાપાનના સંશોધકોએ તેના માટે જીવંત નિવાસ સ્થાનનું આયોજન શરૂ કરી દીધું છે.આ એક શંકુ આકારની ઇમારત હશે જેમાં પૃથ્વીની જેમ ગુરુત્વાકર્ષણ અને વાતાવરણ સર્જાશે.વૈજ્ઞાનિકોએ આ ઈમારતને ગ્લાસ નામ આપ્યું છે, જેનું માળખું માનવ શરીરને ઓછી ગુરુત્વાકર્ષણ અને શૂન્ય ગુરુત્વાકર્ષણ સ્થિતિમાં નબળા પડવાથી બચાવશે.તેમાં કૃત્રિમ ગુરુત્વાકર્ષણની સાથે પૃથ્વી જેવી સુવિધાઓ હશે, જેમાં એક ગ્રહથી બીજા ગ્રહ પર જવા માટે પરિવહન, હરિયાળી અને પાણી પણ હશે. તો કાજીમા કન્સ્ટ્રક્શને આ બિલ્ડિંગનું વર્ચ્યુઅલ બાંધકામ પણ રજૂ કર્યું છે, અને તેની સંપૂર્ણ યોજના દર્શાવી છે.

સરળ શબ્દોમાં કહીએ તો, તે એક ઊંધો શંકુ છે જે પૃથ્વીની જેમ જ સતત ફરતો રહેશે. પરિભ્રમણને કારણે, તેના કેન્દ્રમાં એક ખેંચાણ સર્જાશે, જેના કારણે તેની અંદર પૃથ્વી જેવું ગુરુત્વાકર્ષણ અનુભવાશે.સંશોધકોને આશા છે કે ૨૦૫૦ સુધીમાં ૧૩૦૦ ફૂટ ઉંચો અને ૩૨૮ ફૂટ વ્યાસનો પ્રોટોટાઈપ તૈયાર થઈ જશે.જો કે, તેના અંતિમ પ્રકારને બનાવવામાં અને કાર્યરત થવામાં એક સદી લાગી શકે છે.

# અમેરિકાની સૌથી મોટી પુલ દુર્ઘટના

**અમેરિકામાં એક માલ વાહક જહાજ જેને અમેરિકાનું ગૌરવ કહી શકાય તેવા પુલ સાથે ભયાનક ધડાકા સાથે ટકરાતા પુલ ધરાશાઈ એ થયો હતો**



અમેરિકામાં એક ઐતિહાસિક ગણાય તેવા પુલ સાથે ૯૪૮ ફૂટ લાંબું કંટેનર જહાજ પુલ સાથે ટકરાતા ભયાનક દુર્ઘટના બની હતી જોકે મોરબીના પુલ દુર્ઘટનામાં મૃત્યુ આંક ઊંચો હતો પરંતુ અમેરિકા નો આ પુલ આર્થિક દ્રષ્ટિએ મહત્વનો હોવાથી તેને વિશ્વ કક્ષાએ વધુ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે તે અર્થતંત્ર ઉપર ખૂબ મોટી અસર પાડે તેમ છે આ વર્ષો જૂનો પુલ નિર્માણ કરવામાં વર્ષોના વર્ષો નીકળી જાય તેમ છે આથી આ ઘટનાને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વ આપવામાં આવ્યું છે પુલ સાથે ટકરાવાની ઘણી ઘટનાઓ બની છે પણ આ ઘટના સૌથી વધુ પ્રસિદ્ધ પામી છે

આ બાલ્ટીમોર હાર્બરથી શ્રીલંકાની ૨૭ દિવસની યાત્રાની શરૂઆત હતી. બંદર છોડ્યા બાદ જહાજ આગળ વધ્યું અને તે બાલ્ટીમોરના પ્રતીક એવા ફ્રાંસિસ સ્કોટના બ્રિજ તરફ જઈ રહ્યું હતું. અડધી રાતનો સમય હતો. જહાજની લાઇટો અચાનક બંધ થઈ ગઈ, જેના કારણે ચાલક દળના સભ્યો અંધારામાં જ રહી ગયા. જહાજમાં ઇલેક્ટ્રોનિક્સ સાધનો કામ કરતાં નહોતાં, મશીન ખરાબ થઈ ગયાં હતાં. જહાજ પર હાજર લોકોએ દરેક શક્ય કોશિશ કરી. પણ દુર્ઘટના થતી રોકી ન શકાઈ.જહાજના નાવિકોને સમજાતું નહોતું કે શું કરીએ

અમેરિકાના બાલ્ટીમોર શહેરમાં એક પુલ ધરાશાયી થયા બાદ નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જણાવવામાં આવી રહ્યું છે કે અત્યાર સુધીમાં અમુક લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે. નદીમાં ૫-૭ લોકોની શોધ કરવામાં આવી રહી છે. સિંગાપોરના ધ્વજવાળા કાર્ગો જહાજ તેની સાથે અથડાયા બાદ મંગળવારે વહેલી સવારે પુલ તૂટી પડ્યો હતો.

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગ્રેસ ઓશન દ્વારા નોંધાયેલ ડાલી જહાજ સિનર્જી મરીન દ્વારા સંચાલિત છે. સિનર્જી મરીન કોર્પે જણાવ્યું હતું કે જહાજ ડાલી બ્રિજના થાંભલા સાથે અથડાયું હતું. કંપનીએ કહ્યું કે આ દુર્ઘટનામાં જહાજમા કોઈ જાનહાનિ થઈ નથી અને જહાજમાં સવાર તમામ ક્રૂ મેમ્બર ભારતીય હતા. સમસ્યાનું સમાધાન કરવા અને જહાજ પર નિયંત્રણને પાછું લેવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. ચાલક દળે અનેક પ્રયત્નો કર્યા પછી એલાર્મ વાગવા લાગ્યા.જહાજ પર સવાર એક નાવિકે હેલ્સમેને પરેશાન થઈને ચાલક દળને કહ્યું કે જહાજને બંદર તરફ વાળી દેવામાં આવે અને જહાજને બ્રિજ તરફ વધતું રોકવા માટે તેને લાંગરવામાં આવે.

જોકે માનવામાં આવે છે કે આપાતકાલીન જનરેટર શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ જહાજનું એન્જિન ચાલુ થયુ નહોતુ.પાઇલટો પાસે કોઈ વિકલ્પ નહોતો બચ્યો. સ્થાનિક સમય અનુસાર બપોરે ૧.૩૦ વાગ્યા પહેલાં તેમણે મે ડેનો આખરી કોલ આપ્યો. તેમણે ચેતવણી આપી કે જહાજ અથડાવાનું છે.થોડી વાર પછી મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના એક અધિકારીને રેડિયો ટ્રાફિક પર કહેતા સાંભળી શકાય છે કે, "એક જહાજ આવી રહ્યું છે અને તેણે સુકાન પર નિયંત્રણ ગુમાવી દીધું છે."

બાલ્ટીમોર બ્રિજને લોકો "કી બ્રિજ"ના નામથી ઓળખે છે. વર્ષ ૧૯૭૭માં આ પુલને લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પુલને ૧૯મી સદીમાં થયેલા અમેરિકન કવિ ફ્રાંસિસ સ્કોટનું નામ આપવામા આવ્યું હતું.

કવિ ફ્રાંસિસ સ્કોટ અમેરિકાના રાષ્ટ્ર ગીત "સ્ટાર સ્પૈંગલ્ડ બેનર"ના રચયિતા છે.આ બ્રિજ ૨૬૩૨ મીટર લાંબો હતો જે પટાપ્સકો નદીના બીજા કિનારે આવેલા બાલ્ટીમોર બંદરગાહને જોડતો હતો. અને આ નદી આ સ્થળે સમુદ્રમાં ભળી જાય છે.આ દુર્ઘટનાના વીડિયોમાં જોઈ શકાય છે કે કંટેનર શિપ ડાલી જ્યારે બ્રિજના એક સ્તંભ સાથે અથડાય થાય છે ત્યાર પછી બ્રિજ ધરાશાયી થાય છે. સિંગાપુરમાં નોંધાયેલ આ જહાજ ગ્રીસની કંપની ઓશનબલ્ક માટે દક્ષિણ કોરિયામાં બનાવવામાં આવ્યું છે.આ સમયે આ જહાજને સિનર્જિ ગ્રૂપ ચલાવી રહ્યું છે જે આવા જહાજોને ભાડે લે છે.

શિપિંગ ક્ષેત્રની મોટી કંપની મર્સ્કએ કહ્યું કે આ જહાજમાં તેમના કાર્ગો પણ હતા. આ જહાજ મંગળવારે સવારે બાલ્ટીમોરના સીગર્ટ મરીન ટર્મિનલથી શ્રીલંકા જવા માટે રવાના થયું હતું.

ગવર્નર મૂરે કહ્યું કે બ્રિજ તરફ આગળ વધતા સમયે જહાજની ગતિમાં આવેલી ઝડપને નોંધી શકાય છે. મરીન ટ્રાફિકના ડેટા પ્રમાણે જહાજે જેવું પોતાના માર્ગથી ભટકવાનું શરૂ કર્યું ત્યારે તેની ગતિ ધીમી થવા લાગી. એકદમ તે જ સમયે જહાજની લાઇટ બંધ થઈ ગઈ અને જહાજના ફનેલમાંથી ધુમાડો નીકળવાનો શરૂ થઈ ગયો અને તેની ગતિ પણ ઓછી થઈ ગઈ. ત્યારપછી આ જહાજ પુલ સાથે અથડાયું. આ દુર્ઘટના એન્જિન કે સ્ટીયરિંગ ખરાબ થવાથી અથવા જનરેટર બળી જવાને કારણે થઈ હશે. બાલ્ટીમોરથી મળી રહેલી જાણકારી મુજબ સૂર્યોદય થતાની સાથે જ સ્પષ્ટ થયું કે અકસ્માત કેટલો મોટો હતો.

આ પુલનો કેટલોક ભાગ હજી પણ પાણીમાં ડુબેલો છે. જહાજ પણ હજી ઘટનાસ્થળે હાજર છે અને આ જહાજ પર અલગ-અલગ રંગોના કંટેનર છે. તાપમાન અત્યંત ઓછું હોવાને કારણે બચાવકર્મીઓને પોતાનું કામ કરવામાં પણ ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો. શ્રીલંકા જઈ રહેલા જહાજનું સંચાલન કરનારી કંપની સિનર્જિ મરીન ગ્રૂપે જાણકારી આપી છે જહાજનું ક્રૂ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ જહાજના ચાલક દળમાં ૨૨ લોકો સામેલ છે જે ભારતીય છે. કંપની તરફથી જાહેર કરવામાં આવેલ પ્રેસનોટ પ્રમાણે જહાજમાંથી કોઈપણ પ્રકારનો પ્રદૂષિત પદાર્થ ઢોળાઈ નથી રહ્યો. આ ઘટનાની તપાસ માટે ક્વોલિફાઇડ ઇન્ડિવિજ્યુઅલ ઇન્સીડેન્ટ રિસ્પોન્સ સર્વિસ શરૂ કરવામાં આવી છે.આવેલી સમસ્યાને પહોંચી વળવાના અને વહાણને નિયંત્રણમાં પાછું લાવવાના પ્રયાસો અસફળ રહ્યા. અનેક પ્રયાસો કરવામાં આવ્યા ત્યારે કેટલાક એલાર્મો વગાડવામાં આવ્યા હતા. હોડી પરના એક સ્થાનિક નાવિકસવારે બેચેનીમાં આદેશ આપ્યો. હેલ્મસમેને ક્રૂને જહાજને બંદર તરફ ફેરવવાનું કહ્યું અને જહાજને પુલ તરફ વહી જતું અટકાવવા માટે લંગર છોડવાનું કહ્યું. જોકે, ઇમરજન્સી જનરેટર શરૂ કરવામાં આવ્યું હતું, તેમ છતાં જહાજ તેના એન્જિનની ક્ષમતા પાછી મેળવી શક્યું નથી. પાઇલટો પાસે કોઈ વિકલ્પ ન હતો. સ્થાનિક સમય મુજબ બપોરે દોઢ વાગ્યાના થોડા સમય પહેલાં છેલ્લો કોલ કર્યો. તેમણે ચેતવણી આપી હતી કે જહાજ અથડાવાનું છે.થોડા સમય બાદ મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીના અધિકારી રેડિયો ટ્રાફિક પર એમ કહેતા સાંભળવા મળે છે કે, "એક જહાજ આવી રહ્યું છે અને તેણે નિયંત્રણ ગુમાવ્યું છે."

તેઓ કહી રહ્યા હતા કે જ્યાં સુધી તમે તેને નિયંત્રિત નહીં કરો ત્યાં સુધી આપણે ટ્રાફિક રોકવો પડશે.આ ઇમરજન્સી કોલ હતો જેના કારણે થયેલી ત્વરિત કાર્યવાહીએ અનેક લોકોની જાન બચાવી.

અધિકારીઓ આવેલા ફોન અને જહાજ અથડાય તેની વચ્ચેની બે મિનિટમાં પુલ પર અવરજવર રોકવા માટે સક્ષમ હતા. પુલ પર કામ કરી રહેલા સડકદળના છ લોકોને મૃત માની લેવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયાએ જણાવ્યું હતું કે છ કર્મચારીઓ મેક્સિકો, ગ્વાટેમાલા, હોન્ડુરાસ અને અલ સાલ્વાડોરના નાગરિકો હતા. બીબીસીએ સ્વતંત્રપણે તેની પુષ્ટિ કરી નથી. જહાજના ચાલકદળના તમામ ૨૨ સદસ્યો ભારતીય છે. ભારત વૈશ્વિક સમુદ્રી ઉદ્યોગમાં એક પ્રમુખ ખેલાડી છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા અઠવાડીયે થશે



મુંબઈ,
ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર યોજાનાર છે. આ વખતે ટી ૨૦ વર્લ્ડ કપમાં ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. હાલમાં ભારતમાં આઈપીએલ ખૂબ જ વિસ્ફોટક રીતે રમાઈ રહી છે. ચાહકો દરરોજ રોમાંચક મેચો જોવા મળી રહ્યા છે. ભારતના તમામ ખેલાડીઓ આઈપીએલમાં રમી રહ્યા છે. પરંતુ ટી ૨૦ વર્લ્ડ કપની ટીમની પસંદગી આઈપીએલની મધ્યમાં થવાની છે. આ અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે.

યુ.એસ. અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર આગામી ટી ૨૦ વર્લ્ડ કપ માટે ભારતની ૧૫-સભ્ય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતા છે કારણ કે આઈસીસીની ટીમ સબમિશનની અંતિમ તારીખ ૧ મે છે. ભારતીય ક્રિકેટ બોર્ડના એક સૂત્રએ આ જાણકારી આપી. પરંતુ ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી દરેક ટીમને ૨૫ મે સુધી તેમની શરૂઆતની ટીમમાં ખેલાડીઓ બદલવાની તક મળશે.

બીસીસીઆઈના એક વરિષ્ઠ સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ભારતીય ટીમની પસંદગી એપ્રિલના છેલ્લા સપ્તાહ દરમિયાન કરવામાં આવશે અને આ સમય સુધીમાં ઈન્ડિયન પ્રીમિયર લીગનો પહેલો ભાગ પૂરો થઈ જશે જેના દ્વારા રાષ્ટ્રીય પસંદગી સમિતિ મૂલ્યાંકન કરી શકશે. દાવેદારોનું ફોર્મ અને ફિટનેસ. આમ કરવાની સ્થિતિમાં હશે. સૂત્રએ જણાવ્યું હતું કે આઈપીએલનો લીગ સ્ટેજ ૧૯ મેના રોજ પૂરો થતાં જ ક્રિકેટરોની પ્રથમ બેચ ન્યૂયોર્ક જવા રવાના થશે. જે ખેલાડીઓની ટીમો અંતિમ ચાર માટે ક્વોલિફાય ન થઈ હોય તેઓ પણ ગયા વર્ષે ડબલ્યુટીસી ફાઈનલની જેમ વહેલા જશે.

# કેનેડામાં વર્ષનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ દેખાશે પછી ૨૦ વર્ષ સુધી આવું દશ્ય નહીં દેખાય



ઓટાવા,
કેનેડાનાં ઓન્ટોરિયો રાજ્યના નાયગ્રા વિસ્તારમાં નાયગ્રા ફોલ પાસેના નાયગ્રા શહેરમાં જ ૧૦ લાખથી વધુ લોકો તા. ૮ એપ્રિલે થનારું ખગ્રાસ સૂર્યગ્રહણ જોવા એકઠા થવાના છે અને તે માટે શહેરના મેયર જિમ ડીયોડાટીએ અત્યારથી જ વ્યવસ્થા ગોઠવવી શરૂ કરી દીધી છે. આ પૂર્વે ૧૯૭૯માં આવું સૂર્યગ્રહણ જોવા મળ્યું હતું. બીજી તરફથી 'નેશનલ જયોગ્રોફિક' એના દ્વારા આ સૂર્યગ્રહણનો વીડીયો ઉતારી તે વર્લ્ડ વાઈડ વેબ ઉપર પ્રસારિત કરવા નિર્ણય કર્યો છે.

આ સૂર્યગ્રહણ જોવા લાખ્ખો લોકો કેનેડા અને યુએસમાંથી તો આવશે જ તે ઉપરાંત દુનિયાભરમાંથી પણ લાખ્ખો આવવાના છે તેમ કહેતા મેયર જિન ડીયોડાટોએ પત્રકારોને પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે તે સર્વવિદિત છે કે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે જયારે ચંદ્ર આવે છે ત્યારે ગ્રહણ થાય છે. પરંતુ દર વખતે કંઈ સંપૂર્ણ ખગ્રાસ ગ્રહણ થતું નથી. સૂર્યનો થોડો ભાગ જ ઢંકાય છે તો તેને 'ખંડગ્રાસ' સૂર્યગ્રહણ કહેવામાં આવે છે.

# રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂર દ્વારા મારપીટનો એક રમૂજી કિસ્સો સંભળાવ્યો

મુંબઈ,
ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો ૩૦ માર્ચથી ન્નીકફ્લૈટ પર ૧૯૦ દેશોમાં સ્ટ્રીમ થઈ રહ્યો છે. શોના પહેલા એપિસોડમાં રણબીર કપૂર માતા નીતુ કપૂર અને બહેન રિદ્ધિમા કપૂર સાહની સાથે પહોંચ્યો હતો. આ દરમિયાન સુનીલ ગ્રોવર, કૃષ્ણા અભિષેક અને કીકુ શારદાની કોમેડીએ ચાહકોને હસાવ્યા અને પેટમાં દુઃખાવો કરાવ્યો. દરમિયાન, રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂરને પણ યાદ કર્યા અને દિવાળીની પૂજા દરમિયાન તેને કેવી રીતે માર મારવામાં આવ્યો તે અંગે એક કિસ્સો સંભળાવ્યો.

ઋષિ કપૂરના માત્ર એક જ વાર હિટ થયાની કહાની સંભળાવતા રણબીર કપૂરે કહ્યું કે, મને માત્ર એક જ વાર ખૂબ જ હિટ થયો હતો. આરકે સ્ટુડિયોમાં દિવાળી પૂજા. પપ્પા ખૂબ ધાર્મિક હતા. મને લાગે છે કે જ્યારે હું ચપ્પલ પહેરીને મંદિરની અંદર ગયો ત્યારે હું આઠ કે નવ વર્ષનો હતો. તેથી મારે ડુપાલી પહેરવી પડી. ખૂબ જોરથી.

એનિમલ એક્ટરે મજાકમાં એમ પણ કહ્યું કે તે માતા નીતુ કપૂર હતી જે બાળપણમાં અમને સુધારવા માટે મારતી હતી.

# PhonePeએ UAEની Mashreqના NeoPay સાથે કરી ડીલ

**UAEમાં મુસાફરી કરતા PhonePe વપરાશકર્તાઓ હવે Mashreqના NeoPay ટર્મિનલ પર UPIનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકશે**




યુનાઈટેડ અરબ અમીરાત,
યુનાઈટેડ અરબ અમીરાત (UAE)માં મુસાફરી કરતા PhonePe વપરાશકર્તાઓ હવે Mashreq™k NeoPaઅ ટર્મિનલ પર UPIનો ઉપયોગ કરીને ચુકવણી કરી શકે છે. વોલમાર્ટ ગ્રુપની ડિજિટલ પેમેન્ટ કંપનીએ ગુરુવારે આ જાણકારી આપી હતી. PhonePe એ નિવેદનમાં જણાવ્યું હતું કે યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) દ્વારા વ્યવહારોની સુવિધા આપવામાં આવશે. ખાતામાંથી ડેબિટ ભારતીય રૂપિયામાં થશે, જે ચલણના વિનિમય દરને પ્રતિબિંબિત કરે છે. NEOPAY ટર્મિનલ્સ રિટેલ સ્ટોર્સ, રેસ્ટોરન્ટ્સ તેમજ પ્રવાસી અને વેકેસન મનાવતા સ્થળો પર ઉપલબ્ધ છે. PhonePeના ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ સીઈઓ રિતેશ પાઈએ જણાવ્યું હતું કે, આ ભાગીદારી સાથે, ગ્રાહકો હવે UPI દ્વારા સરળતાથી વ્યવહાર કરી શકશે. ''ડિજિટલ ચૂકવણીને સક્ષમ કરવું એ માત્ર સુવિધા માટે ફોનપેની પ્રતિબદ્ધતાને જ પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ આજના પ્રવાસીઓની વિકસતી જરૂરિયાતોને પણ પૂર્ણ કરે છે.

# શાહીન આફ્રિદી પાકિસ્તાની ટીમનું સુકાની પદ છોડવાનું વિચારી રહ્યો છે

ઈસ્લામાબાદ,
છેલ્લા કેટલાક દિવસોથી પાકિસ્તાન ક્રિકેટમાં સતત ચર્ચા ચાલી રહી છે કે બોર્ડ ફરી એકવાર બાબર આઝમને પાકિસ્તાન ટીમનો કેપ્ટન બનાવી શકે છે. ભારતમાં આયોજિત આઈસીસી વનડે વર્લ્ડ કપમાં ટીમના ખરાબ પ્રદર્શન બાદ બાબરે ટીમની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય લીધો હતો. આ પછી શાહીન શાહ આફ્રિદીને ટી ૨૦ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. પરંતુ તેના નેતૃત્વમાં પાકિસ્તાની ટીમે ખરાબ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ આ વર્ષે જૂનમાં આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપનું આયોજન થવાનું છે તેને ધ્યાનમાં રાખીને બાબરને ફરીથી કેપ્ટન બનાવવાની ચર્ચા ચાલી રહી છે.

જો કે પાકિસ્તાનની ટી ૨૦ ટીમનો વર્તમાન કેપ્ટન આનાથી ખુશ નથી અને ટી ૨૦ ટીમની કેપ્ટનશીપ છોડવાનું વિચારી રહ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ અને ટી-૨૦ કેપ્ટન તરીકે પોતાના ભવિષ્ય સાથે જોડાયેલી ચર્ચાઓમાં સામેલ ન થવાથી નિરાશ ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી સુકાની પદ છોડવાનું વિચારી રહ્યો છે. શાહીનના નજીકના એક જાણકાર સૂત્રએ જણાવ્યું હતું કે બોલર એ વાતથી નારાજ છે.

# બાઈડને તેમના કાર્યકાળ દરમિયાન પ્રથમ વખત પાકિસ્તાનના રાષ્ટ્રપતિને લખ્યો પત્ર



વોશિંગ્ટન,
અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને તેમના કાર્યકાળ દરમિયાન પહેલીવાર પાકિસ્તાનના રાષ્ટ્રપતિને પત્ર લખ્યો છે. ૨૦૧૮માં અધ્યક્ષ બન્યા બાદ બિડેને પાકિસ્તાનના કોઈપણ પીએમ સાથે વાત કરી ન હતી. શાહબાઝ શરીફને લખેલા પોતાના પત્રમાં બિડેને કહ્યું હતું કે અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેની ભાગીદારી આપણા લોકો અને વિશ્વભરના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે. પાકિસ્તાનમાં વધી રહેલા સંકટ પર, અમેરિકી રાષ્ટ્રપતિએ ઈસ્લામાબાદને ખાતરી આપી કે તેઓ આતંકવાદના ખતરાનો સામનો કરવા માટે તેની સાથે અને શહેબાઝ શરીફની આગેવાનીવાળી સરકાર સાથે કામ કરવાનું ચાલુ રાખશે. ઈસ્લામાબાદમાં યુએસ એમ્બેસીના જણાવ્યા અનુસાર, પત્રમાં કહેવામાં આવ્યું છે કે, અમારા લોકો અને વિશ્વભરના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમારા બંને દેશો વચ્ચે કાયમી ભાગીદારી મહત્વપૂર્ણ છે અને યુનાઈટેડ સ્ટેટ્સ વૈશ્વિક અને પ્રાદેશિક પડકારોનો સામનો કરવા માટે પાકિસ્તાનના પ્રયાસો માટે પ્રતિબદ્ધ છે.

# 'મિર્ઝાપુર ૩' જૂન-જુલાઈની આસપાસ રિલીઝ થશે : રિતેશ સિધવાણી

મુંબઈ,
ઓટીટી પ્લેટફોર્મ પ્રાઈમ વિડિયોએ થોડા સમય પહેલા આ વર્ષે રિલીઝ થનારી ઘણી ફિલ્મો અને સિરીઝની યાદી જાહેર કરી હતી. તે યાદીમાં 'મિર્ઝાપુર ૩'નું એક નામ પણ હતું. પહેલાથી જ માનવામાં આવી રહ્યું હતું કે 'મિર્ઝાપુર ૩' વર્ષ ૨૦૨૪માં રિલીઝ થશે. જો કે, જ્યારે લિસ્ટ બહાર આવ્યું ત્યારે તેની પુષ્ટિ થઈ ગઈ અને તે સ્પષ્ટ થઈ ગયું કે આ સિરીઝ આ વર્ષે જ જોવા મળશે. જો કે તે કેટલા સમય માટે દેખાશે તે જણાવવામાં આવ્યું નથી. પરંતુ, હવે નિર્માતા રિતેશ સિધવાનીએ આ અંગે એક મોટી માહિતી શેર કરી છે. એક ઈન્ટરવ્યુમાં રિતેશે કહ્યું, ''તે આપણા હાથમાં નથી, પરંતુ પ્રાઈમ વીડિયોના હાથમાં છે. પરંતુ મને લાગે છે કે તે જૂન-જુલાઈની આસપાસ રિલીઝ થશે. રિતેશની વાત પરથી કોઈ ફાઈનલ ડેટ જાણવા મળી ન હતી, પરંતુ ખબર છે કે 'મિર્ઝાપુર ૩' આગામી ત્રણ-ચાર મહિનામાં જોવા મળી શકે છે. જોકે, હાલમાં સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે. તેની જાહેરાત ક્યારે થશે તે જોવું રહ્યું. જ્યારે પ્રાઈમ વિડિયોએ આગામી ફિલ્મો અને શ્રેણીની યાદી બહાર પાડી ત્યારે 'મિર્ઝાપુર'ની આખી સ્ટાર કાસ્ટ તે કાર્યક્રમમાં હાજર હતી.

# દંગલ : ફોગાટ ફેમિલીને માત્ર ૮૦ લાખ અને આમિરને રૂ.૩૭૫ કરોડની આવક



મુંબઈ
બોલિવૂડની યાદગાર બ્લોક બસ્ટર ફિલ્મોની યાદી 'દંગલ' વગર અધૂરી રહે છે. આમિર ખાનનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મ ફોગાટ સિસ્ટર્સના જીવન આધારિત હતી. ફોગાટ સિસ્ટર્સે કુસ્તીમાં આંતરરાષ્ટ્રીય નામના મેળવી હતી. તેમના જીવન પરથી બનેલી 'દંગલ' ડિસેમ્બર ૨૦૧૬માં રિલીઝ થઈ હતી. ભારતીય બોક્સઓફિસ પર આ ફિલ્મને રૂ.૩૮૭.૩૯ કરોડનું કલેક્શન મળ્યું હતું. તેનું ઓવરસીઝ કલેક્શન રૂ.૧૪૩૫ કરોડ હતું.

એકંદરે રૂ.૧૯૭૦ કરોડનું કલેક્શન મેળવનારી પહેલી બોલિવૂડ ફિલ્મ 'દંગલ' છે. તેના પછી શાહરૂખ ખાનની ફિલ્મ જવાનનો નંબર આવે છે, જેને રૂ.૧૧૬૩ કરોડની આવક મળી હતી.



# અભિનેત્રી સોનારિકા ભદૌરિયા તેના અંગત જીવનના કારણે ચર્ચામાં આવી

## અભિનેત્રી સોનારિકા ભદૌરિયાએ પોસ્ટ શેર કરી : અભિનેત્રીની પોસ્ટ જોઈ ફેન્સ ચોંકી ગયા

મુંબઈ,
ટીવી સીરીયલ 'દેવોં કે દેવ મહાદેવ'ની અભિનેત્રી સોનારિકા ભદૌરિયા, પાર્વતી છેલ્લા કેટલાક દિવસોથી પોતાના અંગત જીવનના કારણે ચર્ચામાં છે. હોળીના દિવસે અભિનેત્રી તેના પતિ વિકાસના ચરણ સ્પર્શ કરીને ગુલાલ લગાવતી જોવા મળી હતી. પછી ચાહકોએ અનુમાન કર્યું કે અભિનેત્રી તેના અંગત જીવનમાં ખુશ છે. પરંતુ સોશિયલ મીડિયા પર દેખાતી દરેક વસ્તુ સાચી નથી હોતી, હવે અભિનેત્રીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કંઈક એવું લખ્યું છે, જેનાથી ફેન્સ ચોંકી ગયા છે. હાલમાં અભિનેત્રીની પોસ્ટની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. સોનારિકાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. અભિનેત્રીએ કહ્યું, 'કંઈ સારું થતું નથી. જે પણ હોય તે તમારે જાતે જ કરવું પડશેપ મારા પર વિશ્વાસ કરો સારી વસ્તુઓ ક્યારેય આસાન નથી આવતી. જરૂરી નથી કે જે વસ્તુઓ સરળતાથી થાય છે તે યોગ્ય જ હોય ??છે.' અભિનેત્રીની આવી પોસ્ટ પછી ફેન્સ પણ ચોંકી ગયા છે.

# ઠિંગુજી જો પર્વતની ટોચે પહોંચે તો પણ ઠિંગુજી જ રહેવાનો' દિગ્ગજ ક્રિકેટરનો પંડ્યા પર કટાક્ષ

મુંબઈ,
તેના કડવા શબ્દમાં સત અભિપ્રાય માટે જાણીતા પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુએ આઈપીએલમાં હિન્દી કોમેન્ટેટર તરીકે પુનરાગમન કર્યું અને આવતા સાથે જ મુંબઈ ઈન્ડિયન્સના રોહિત શર્મા અને કેપ્ટન હાર્દિક પંડ્યા વચ્ચેના કથિત ગજગ્રાહ માટે તેની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે ભારતના વર્તમાન કેપ્ટન અને મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્માને હટાવીને તેના સ્થાને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવાયો છે. તેનાથી રોહિતના ચાહકોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે પણ અંગત રીતે હું માનું છું કે એક સીનીયર ક્રિકેટર જૂનિયર ક્રિકેટરના હાથ નીચે મેનેજમેન્ટની બદલાવની દ્રષ્ટિ સાથે રમે તો તેમાં કોઈ વાંધો ન હોવો જોઈએ. રોહિત શર્મા હાર્દિક પંડ્યાના હાથ નીચે રમે તો પણ તેમાં રોહિત શર્મા ક્રિકેટ વિશ્વમાં એક ખેલાડી અને કેપ્ટન તરીકે કાયમ મહાન જ રહેશે. કોઈ ક્રિકેટર કેપ્ટન બનવાથી ટીમના અન્ય શ્રેષ્ઠ ખેલાડી કરતા મોટો બની જ શકતો નથી. ખેલાડી તેની કારકિર્દી અને પ્રદાનથી યાદ રખાતો હોય છે.

નવજોત સિંહ સિદ્ધુએ ઉમેર્યું કે અમારા જ અરસા દરમિયાન એવું જોવા મળ્યું હતું કે કપિલદેવ, વેંગસરકર, ગાવસ્કર, શ્રીકાંત અને શાસ્ત્રી ભારતની ટીમના કેપ્ટન રહી ચુકેલા પાંચ ખેલાડીઓ એક જ ટીમમાં હતા છતાં સુમેળ જોવા મળતો. આજે તે ખેલાડીઓ કેપ્ટન હતા એટલે નહીં પણ ક્રિકેટની તેમની પ્રતિભા અને પ્રદાનથી યાદ રખાય છે. નવજોત સિદ્ધુએ તે પછી બેધડક કહી દીધું કે જે ઠિંગુજી છે તેને તમે પર્વતની ઉંચાઈએ મુકી દો તો પણ તે ઠિંગુજી જ રહેતો હોય છે અને જે સૂર્ય જેવો તેજસ્વી હોય છે તેને ઉંડી ખીણમાં કે કૂવામાં ધકેલી દો તો પણ તે સૂર્ય જ રહે છે.




# નો એન્ટ્રી 2: ન સલમાન, ન ફરદીન, નવા કલાકારોની ત્રિપુટી સિક્વલમાં જોવા મળશે

મુંબઈ,
૧૯ વર્ષ પછી આખરે નો એન્ટ્રીની સિક્વલ આવી રહી છે. ૨૦૦૫માં રિલીઝ થયેલી ફિલ્મ નો એન્ટ્રીને કલ્ટ ફિલ્મ ગણવામાં આવે છે. ફિલ્મની વાર્તા, સંવાદ, ગીતો અને કાસ્ટિંગ એટલું શાનદાર હતું કે ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. હવે મેકર્સ તેની સિક્વલ લાવવા જઈ રહ્યા છે પરંતુ નવી સ્ટાર કાસ્ટ સાથે. વર્ષ ૨૦૦૫માં, પીઢ ફિલ્મ નિર્માતા અનીસ બઝમી તમિલ ફિલ્મ ચાર્લી ચૅપ્લિન (ચાર્લી ચૅપ્લિન, ૨૦૦૨)ની હિન્દી રિમેક 'નો એન્ટ્રી' લાવ્યા. ભાગ્યે જ કોઈએ અનુમાન કર્યું હશે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ સિસ્ટમને હચમચાવી નાખશે.

અનીસ બઝમી દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં સલમાન ખાન (પ્રેમ), અનિલ કપૂર (કિશન) અને ફરદીન ખાન (સની) એ મહત્વની ભૂમિકાઓ ભજવી હતી . ફિલ્મની વાર્તા આ ત્રણ બેસ્ટ ફ્રેન્ડ પર આધારિત હતી. આ ફિલ્મમાં, બિપાશા બાસુ, એશા દેઓલ, સેલિના જેટલી, લારા દત્તા, બોમન ઈરાની, સમીરા રેડ્ડી અને નીતા શેટ્ટી જેવા ઘણા તેજસ્વી કલાકારોની જોડીએ પ્રેક્ષકોને તેમની રમૂજથી મોટેથી હસાવ્યા હતા.

૨૦૦૫માં 'નો એન્ટ્રી'એ સારો બિઝનેસ કર્યો હતો. તે વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક હતી. આ ફિલ્મની કમાણી લગભગ ૯૫ કરોડ હતી. નો એન્ટ્રીની આવી જબરદસ્ત સફળતા બાદ લોકો સિક્વલ માટે બેતાબ છે. આ ફિલ્મની સિક્વલની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી છે. હવે નિર્માતાઓએ પોતે જ કાસ્ટનો ખુલાસો કર્યો છે.

થોડા મહિના પહેલા સમાચાર આવ્યા હતા કે નો એન્ટ્રી ૨ ની કાસ્ટ બદલવામાં આવી છે. નવી કાસ્ટ સાથે સિક્વલ તૈયાર કરવામાં આવશે. પછી એવી ચર્ચા હતી કે જે સલમાન ખાનનું સ્થાન લેશે તે બીજું કોઈ નહીં પણ 'જુડવા ૨' એક્ટર વરુણ ધવન છે . તે સમયે દિલજીત દોસાંજનું નામ પણ સામે આવ્યું હતું. હવે બોની કપૂરે માત્ર વરુણ અને દિલજીત જ નહીં પરંતુ ત્રીજા નામની પણ પુષ્ટિ કરી છે.

# રાજકોટ ખાતે 'આત્મ નિર્ભર ભારત' અભિગમ દ્વારા સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન : સેમીનાર સંપન્ન

## વિકસિત ભારતનું નરેન્દ્રભાઈનું સપનું આગળ વધારીએ : પરશોતમભાઈ રૂપાલા




રાજકોટ, ગ્લોબલ કનફેડરેશન ઓફ કાઉ બેઝડ ઈન્ડસ્ટ્રી (અને શ્યામ આર્ટ ગ્રુપ ઓફ કંપનીઝ ના સંયુક્તર ઉપક્રમે રાજકોટના સાહસિક બિઝનેસમેન માટે હેમુ ગઢવી હૉલ, ટાગોર રોડ ખાતે જ્ઞાનસભર સેમિનાર નું સફળતાપૂર્વક કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમની શરૂઆત કરતા ડો. વલ્લભભાઈ કથીરિયાએ ઉપસ્થિત રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાનું તેમજ ઉપસ્થિાત સર્વે મહાનુભાવો અને શ્રોતાગણનું શાબ્દિક સ્વાગત કર્યું હતું 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મંનિર્ભર ભારત' જેવી પહેલો દ્વારા તેમનો ઉદ્દેશ્ય? સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, આયાત પર નિર્ભરતા ઘટાડવા અને સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે સ્પકર્ધા કરવા માટે સશક્તદ બનાવવાનો છે.

આ અવસરે જીસીસીઆઈના સ્થાપક ડો.વલ્લભભાઈ કથીરિયા, જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી, હંસરાજભાઈ ગજેરા, રમેશભાઈ ઘેટીયા, રમેશભાઈ રૂપારેલીયા, વિજયભાઈ ડોબરીયા, પ્રભાતભાઈ ડાંગર, એસ.એ.જી.સી.ના શ્રી માવજીભાઈ કથીરીયા, શ્રી જીતેન્દ્રભાઈ કથીરિયા, શ્રી કિરણભાઈ કથીરિયા અને તેમની ટીમ હાર્દિકભાઈ ભંડેરી, પાર્થભાઈ મહેતા, તુષારભાઈ જોશી, સિદ્ધાર્થભાઈ કોઠારી, રવિભાઈ સાંગાણી, સંકેતભાઈ મોવલિયા, નયનભાઈ લાખાણી, સાગરભાઈ વોરા, આ ઉપરાંત, વી.પી. વૈષ્ણીવ (રાજકોટ ચેમ્બડર ઓફ કોમર્સ ॰ ઈન્ડ?સ્ટ્રીક), નરેન્દ્રસિંહ જાડેજા (લોધિકા (ભેટોડા) ઈન્ડ એસોસીએશન), નરેન્દ્ર ભાઈ પાંચાણી (રાજકોટ એન્જીમનિયરીંગ એસોસીએશન), કિશોરભાઈ ટીલાળા (શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રી્અલ એસોસીએશન), જયંતીભાઈ સરધારા (લોઠડા-પીપલાના-પડવલા ઈન્ડી. એસોસીએશન), દિનેશભાઈ હડવાની (હરીપર પાળ ઈન્ડ . એસોસીએશન), વિનુભાઈ અસોદરિયા ( પંપ ક્લબ ), રાઘવજીભાઈ દોશી (રાજકોટ ગ્રેટર ચેમ્બનર્સ ઓફ કોમર્સ અને ઈન્ડડસ્ટ્રી ), પરાગભાઈ સંઘવી (સૌરાષ્ટ્ર પ્લાએસ્ટિ્ક મેન્યુંઈ. એસોસિએશન), મુકેશભાઈ કુંડારિયા (મોરબી વિટ્રિફાઇડ ટાઈલ્સિ એસોસિએશન), હરેશભાઈ બોપલિયા ( મોરબી વોલ ટાઈલ્સ? એસોસિએશન), વિનોદભાઈ ભાળજા (મોરબી ફ?લોર ટાઈલ્સ્ એસોસિએશન), કિરીટભાઈ પટેલ (મોરબી સેનેટરીવેર એસોસિએશન), દિનેશભાઈ પટેલ વગેરે દ્વારા ફૂલહાર વડે સ્વાગિત કરવામાં આવ્યુંઈ હતું.

સેમિનારમાં પરશોતમભાઈ રૂપાલા, મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરિયા, ડૉ. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, કાન્તિંભાઈ અમળતિયા, નિલેશભાઈ જેતપરિયા, ધનસુખભાઈ વોરા, હિરેનભાઈ હાપલિયા, પ્રકાશભાઈ વરમોરા, શૈલેષભાઈ સગપરીયા ઉપસ્થિમત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લાની અનેક શાળાઓમાં "સ્વીપ પ્રવૃતિ" અંતર્ગત મતદાતાઓને મતદાનના મહત્વ અંગે જાગૃત કરતું વિદ્યાર્થી જગત

## ચિત્ર, રંગોળી, મહેંદી, નાટક સહિતની વિવિધ પ્રવૃતિઓ થકી મતદાતાઓને મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરતાં સેન્ટ ગાર્ગી સ્કુલના વિદ્યાર્થીઓ



રાજકોટ, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન તળે લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪માં જિલ્લામાં નોંધાયેલા દરેક મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વમાં જોડાઈ તે માટે "સ્વીપ" પ્રવૃતિ અંતર્ગત "મતદાર જાગૃતિ" સંદર્ભે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

જિલ્લાની અનેક શાળાઓમાં પણ "સ્વીપ પ્રવૃતિ" અંતર્ગત મતદાન જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રવૃતિઓ થકી આગામી યુવાપેઢીમાં પણ મતદાનના મહત્વ અંગે સમજદારી આવે અને લોકોને પણ અચૂક મતદાન કરવાનું પ્રેરણાબળ મળે તે માટે વિદ્યાર્થી જગત વિવિધ પ્રવૃતિઓ થકી મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવી રહ્યું છે.

# રાજકોટમાં ઉડાન દ્વારા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો





રાજકોટ, ઉડાન એજયુકેશન કેમ્પનસ (મોટા મવા - રાજકોટ)ના ધોરણ ૧ થી ૩ના ૨૦ વિદ્યાર્થીઓ તથા ૧૦ શિક્ષકો દ્વારા બહુમાળી ભવન ચોક ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ લોકહિત માટે કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા નાટક રજુ કરવામાં આવેલ અને તેમા હેલમેટ પહેરવી, ડોકયુમેન્ટાનું મહત્વા, ટ્રાફિકની સમસ્યાતનું નિવારણ કેમ કરવું ? તેમજ નિયમોનું પાલન કરવુ વગેરે બાબતોમાં બતાવવામાં આવી હતી. આ ઉપરાંત બેનર દ્વારા પણ સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજકોટ ટ્રાફિક પોલીસમાંથી એસીપી શ્રી ગઢવી મનીષ વસા ઉપસ્થિરત રહયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના ટ્રસ્ટીઓ રસિકભાઇ તાળા, અચ્યુતભાઈ તાળા, ઉન્મા્દભાઇ તાળા તથા શાળાના પ્રિન્સીપાલ ભારતી વણઝારાએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટની પાર્થ વિદ્યાલય રાજકોટ ખાતે મોક ચૂંટણી યોજી વિદ્યાર્થીઓને અપાઈ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની માહિતી

## બાળકો જ બી.એલ.ઓ, ઈ. એલ. ઓ., આર.ઓ., પોલિંગ ઓફિસર બની ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થયા

રાજકોટ,આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને રાજકોટ જિલ્લામાં "સ્વીપ" દ્વારા વિવિધ નવતર પ્રયાસો હાથ ધરી વિદ્યાર્થીઓ, યુવાનો,વડીલો સૌને ચૂંટણીમાં મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજકોટના પાર્થ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને અનોખી રીતે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા વિશે માહિતી આપવામાં આવી હતી.

પાર્થ વિદ્યાલય ખાતે મોક ચૂંટણી યોજી વિદ્યાર્થીઓને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં વિદ્યાર્થીઓ જ બી.એલ.ઓ., આર.ઓ, પોલિંગ ઓફિસરો, ઉમેદવાર અને મતદાતા બન્યા હતા. બાળકો દ્વારા જ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે જાણે સાચી ચૂંટણી હોય તેમ તાદ્રશ્ય થતી હતી. દરેક બાળક પોતાના હોદ્દા અને તેની કામગીરી વિશે વાકેફ હતા તેમજ તેમણે અન્ય બાળકોને પણ તેમની કામગીરી વિશે વિસ્તારપૂર્વક સમજણ પૂરી પાડી હતી.

સમગ્ર મોક ચુંટણી પ્રક્રિયામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં સહભાગી બન્યા હતા. શિક્ષકો અને સ્વીપના કર્મીઓ દ્વારા વિદ્યાર્થીઓને આગોતરી સમજ આપી, તૈયારી કરાવવામાં આવી હતી. જે થકી આ સમગ્ર નવતર પ્રયાસ સફળ રહ્યો હતો તેમ, અધિક કલેક્ટર અને સ્વીપના નોડલ શ્રી જિજ્ઞાસાબેન ગઢવી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# સોમનાથ થી વેરાવળ રૂટ પર સીટી બસ સેવાઓ શરૂ



વેરાવળ, સોમનાથ થી વેરાવળ પહેલા સીટી બસ સેવા ચાલુ હતી પરંતુ ધણા સમયથી આ બસો બંધ થયેલ હતી જેથી ફરજિયાત પ્રભાસ પાટણ સોમનાથ ના લોકો ને ઓટો રિક્ષા મા જવું પડતું હતું પરંતુ આ વિસ્તાથર માંથી વારંવાર નગરપાલિકા અને અન્યણ અધિકારીઓ ને રજુઆત કરવામાં આવી હતી અને નગરપાલિકા દ્વારા બે સીટી બસો ચાલુ કરવામાં આવેલ છે જેથી સ્થા નિક લોકો અને યાત્રીકો ને વ્યા જબી ભાડા થી લાભ મળશે આ બસમાં સોમનાથ થી વેરાવળ જવા માટે નુ ભાડું અનુ ક્રમે ૫,૧૦,૧૫ રાખવામાં આવેલ છે જે દરેક લોકો ને અનુકૂળ આવે તેમ છે આ બસ નો લોકો વધુ મા વધુ લાભ લે આ બસો ચાલુ કરાવવા સામાજિક કાર્યકર યોગેશ સતીકુવર દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી

# રાજકોટ સરગમ પરિવારનું ભાજપ ઉમેદવાર પરસોત્તમભાઇ રૂપાલાની ઉપસ્થિતિમાં સ્નેહમિલન મળ્યું







રાજકોટ, લોકસભાની ચૂંટણીના ભાજપના ઉમેદવાર પરસોત્તમ ભાઇ રૂપાલાની ઉપસ્થિતિમાં ગુણવંતભાઇ ડેલાવાળાના નિવાસે સરગમ પરિવાર દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો. રંજનબેન ડેલાવાળા, ચંદાબેન ડેલાવાળા અને પંકજ ડેલાવાળા વગેરેએ પરસોત્તમભાઇ રૂપાલાનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, સાંસદ મોહનભાઈ કુંડારિયા, રાજયસભાના સભ્ય રામભાઈ મોકરિયા, પ્રદેશ ઉપપ્રમુખ ડો. ભરતભાઈ બોઘરા, શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, ધનસુખભાઈ ભંડેરી, કમલેશભાઈ મીરાણી, પુષ્કારભાઈ પટેલ, કશ્યપભાઈ શુક્લભ, નેહલભાઈ શુક્લ, માધવભાઈ દવે, ઉદ્યોગપતિ બીપીનભાઈ હદવાણી, પ્રફુલભાઈ હદવાણી, મૌલેશભાઈ પટેલ, જગદીશભાઈ ડોબરિયા, સ્મિતભાઈ પટેલ, ખોડીદાસભાઈ પટેલ, રમણભાઈ વરમોરા, પ્રતાપભાઈ પટેલ, નાથાભાઈ કાલરીયા, મુકેશભાઈ શેઠ, અતુલભાઈ શેઠ, મનસુખભાઈ સાવલિયા, કિરીટભાઈ આદ્રોજા, પ્રજ્ઞેશભાઈ પટેલ, ડી.વી. મહેતા, હરેશભાઈ વોરા, કાળુભાઈ કાનગડ, રમેશભાઈ જીવાણી, રાકેશભાઈ પોપટ, અનંતભાઈ ઉનડકટ, શિવલાલભાઈ રામાણી, રોહિતભાઈ બુંદેલા, પ્રતાપભાઈ પટેલ, મિતેનભાઈ મહેતા, અર્જુનભાઈ શિંગાળા, જયેશભાઈ લોટીયા, મનસુખભાઈ ભીમાણી, પ્રવીણભાઈ ડેલાવાળા, નાગદાન ભાઈ ચાવડા, જયસુખભાઈ ડેલાવાળા, તેજસભાઈ ભટ્ટી, મનીષભાઈ ભટ્ટ, ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, રેણુકાબેન યાજ્ઞિક, ચંદ્રિકાબેન ધામેલીયા, જસુમતીબેન વસાણી, અલ્કોબેન કામદાર, ગીતાબેન હિરાણી, છાયાબને દવે, દેવાંશીબેન શેઠ વગેરે ઉપસ્થિ ત રહ્યા હતા.

# વેરાવળમાં પી.આઇ. એચ.આર. ગૌસ્વામીની કાયમી નિમણૂક થતાં રાહત

વેરાવળ, વેરાવળ શહેર માં ઈન્ચાર્જ પી.આઈ ફરજ બજાવતા હતા તેની જગ્યાએ કાયમી ની વરણી કરાયેલ છે જયારે મરીન પોલીસ સ્ટેશન માં પી.એસ.આઈ ને ઈન્ચાર્જ પી.આઈ તરીકે વરણી કરાયેલ છે.

શહેર માં છેલ્લા કેટલાય દિવસોથી ઈન્ચાર્જ પી.આઈ પાસે ચાર્જ હતો તેને આજે જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા એ મરીન પોલીસ સ્ટેશન માં પી.આઈ તરીકે ફરજ બજાવતા એચ.આર.ગૌસ્વામી ની વેરાવળ પોલીસ સ્ટેશન માં કાયમી વરણી કરેલ છે તેમજ મરીન પોલીસ સ્ટેશન માં પી.એસ.આઈ એન.બી.ચૌહાણને ઈન્ચાર્જ પી.આઈ તરીકે વરણી કરવામાં આવેલ છે.

# રાજકોટમાં લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય ખાતે ચુનાવી પાઠશાળા કાર્યક્રમ યોજાયો




રાજકોટ , આગામી લોકસભા ચૂંટણીના અનુસંધાને રાજકોટ જિલ્લામાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે. લોકશાહીના પર્વ ચૂંટણીને દીપાવવા મહત્તમ મતદારો મતાધિકારનો ઉપયોગ કરે, તે જરુરી છે. આથી, મતદારોને મતદાન અંગે જાગૃત કરવા માટે ચુનાવી પાઠશાળા કાર્યક્રમ યોજવામાં આવી રહ્યાં છે.

જેના ભાગરૂપે લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય ખાતે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોએ વિદ્યાર્થીનીઓને લોકશાહી, ચૂંટણી, મતદાન પ્રક્રિયા, મતાધિકાર સહિતના વિષયો વિષે સમજૂતી આપી હતી. તેમજ વિદ્યાર્થીનીઓએ મતદારોને મતદાન માટે પ્રેરિત કરવા જોઈએ, આ બાબત ઉપર વિશેષ ભાર મૂકીને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ઉપરાંત, વિદ્યાર્થીનીઓએ પણ નાટક ભજવીને અન્ય વિદ્યાર્થીનીઓ અને જૈન મહિલાઓને ચુનાવી પાઠશાળા, મતકુટીર સહિતની બાબતો અંગે માહિતી આપી હતી. આમ, ભાવિ નાગરિકો એવી શાળાની વિદ્યાર્થીનીઓએ વર્તમાન નાગરિકોને અચૂક મતદાન કરવાનો સંદેશ આપ્યો હતો.

# રાજકોટ શહેરના સફાઇ કામદારોને કચરાનો નિકાલની પધ્ધતી વિશે તાલીમ અપાઈ





રાજકોટ, સ્વચ્?છ સર્વેક્ષણ ૨૦૨૪ અન્વવયે શહેરના ત્રણેય ઝોનમાં આવેલા ૧૮ વોર્ડમાં તમામ સફાઇ કામદારો માટે સેનીટેશન વર્કર ટ્રેનીંગ હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત સૌરાષ્ટ્ર મેઇન મેજીકઃ કીપીંગ રાજકોટ કિલન તથા ૨. એફીસસીયન્ટથ મેનેજમેન્ટ. ઓફ સોલીડ વેસ્ટ્ મેનેજમેન્ટ ટ્રેનીંગ રાજકોટ મહાનગરપાલિકાના દરેક વોર્ડના સંબંધિત અધિકારીઓ દ્વારા તમામ સફાઇ કામદારોને આપવામાં આવેલ જેમાં કચરાનું વર્ગીકરણ કરવાની રીત તેમજ યોગ્યી રંગની ડસ્ટબીનમાં કચરાને અલગ કરીને ઘન કચરાનો નિકાલ કરવાની પધ્ધરતી વિશે માહિતગાર કરેલ અને તાલીમ આપેલ.

# ધંધાર્થીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા સૂચના

રાજકોટ:શહેરના ત્રણેય ઝોનમાં આવેલા કુલ ૫૮ હોકર્સ ઝોન ખાતે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાં રેકડી ધારકોને ડસ્ટબિન રાખવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવી હતી. તોમીની ટીપરવાનના સુપરવાઈઝર તેમજ હોકર્સ ઝોનની સ્વચ્છતા સમિતિના સભ્યો સાથે મિટિંગ કરી હોકર્સ ઝોનનો કચરો જાહેરમાં ન ફેલાવી મિની ટીપરવાનમાં નાખવા અપીલ પણ કરવામાં આવી હતી. સાથે સાથે હોકર્સ ઝોનમાં જાહેરમાં ગંદકી કરનારને આકરો દંડ કરવાની જોગવાઈ અંગેની સમજણ પણ આપવામાં આવી હતી.

# રાજકોટ મનપાના ૭ અધિકારીઓ-કર્મચારીઓને નિવૃત્તિ વિદાયમાન અપાયું

## નિવૃત્તિનાં દિવસે જ પી.એફ. જમા થયેલી હક્ક રજાના રોકડમાં લાભો અપાયા



રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકામાં માર્ચ-૨૦૨૪માં સ્વૈચ્છિકરીતે નિવૃત થયેલ બે અધિકારીઓ સહાયક કમિશનર વાસંતીબેન એસ. પ્રજાપતિ અને ડાઈરેક્ટર આઈ.ટી. સંજય ગોહિલ તથા અન્ય પાંચ કર્મચારીઓને મ્યુનિ. કમિશનર આનંદ પટેલ દ્વારા દ્વારા પુષ્પગુચ્છ અને શાલ તેમજ મોમેન્ટો અને શુભેચ્છા પત્ર આપી વિદાયમાન આપવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના હાથ-પગ સમા અધિકારીઓ અને કર્મચારીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા થયેલી હક્ક રજાનું રોકડમાં રૂપાંતર જેવા લાભો મળી જાય તે પણ કમિશનર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનર આનંદ પટેલે રાજકોટની વિકાસ પ્રક્રિયામાં પોતાનું યથોચિત યોગદાન આપી ફરજ પરથી નિવૃત થયેલ અધિકારીઓ અને કર્મચારીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવાની સાથે સુખશાંતિમય નિવૃત્તિ જીવન અને તંદુરસ્ત દીર્ઘાયુની શુભકામના પાઠવતા જણાવ્યું હતુંકે, ફરજકાળ દરમ્યાન આપ સૌએ દિવસ રાત જોયા વગર અનેક પ્રકારની જવાબદારીઓ નિભાવી છે.

# માર્કેટ યાર્ડમાં મીની વેકશન ખુલતા વાહનોની લાંબી લાઈન

## ચણા, ઘઉં, મરચાં પુષ્કળ પ્રમાણમાં ઠલવાયા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,
માર્ચ એન્ડિંગના હિસાબ-કિતાબની કાર્યવાહી ચાલતી હોવાથી રાજકોટના મોરબી રોડ પર બેડી ગામ પાસે આવેલ માર્કેટીંગ યાર્ડમાં રજાઓ પુરી થતાં વિવિધ જણસીની આવક શરૂ કરવામા આવી હતી જેમાં સવારથી જ ખેડુતો પોતાની જણસી લઈ આવતા યાર્ડમાં વાહનોના થપ્પા લાગ્યા હતાં અને રસ્તા પર પણ આઠ કિલોમીટર લાંબી લાઈન લાગી હતી ખેડુતોને ટોકન આપી યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.રાજકોટના માર્કેટ યાર્ડમાં ૧૮૦થી વધારે ગામના ખેડુતો દ્વારા પોતાની વિવિધ જણસીઓ લઈ આવવામાં આવતી હોય છે દર વર્ષે નાણાકીય વર્ષમાં યાર્ડમાં ખરીફ પાકોની આવક માર્ચ એન્ડિંગમાં બંધ કરી દઈ હિસાબ-કિતાબ માટી કામગીરી થતી હોય રજાઓ પાડવામાં આવે છે. અને ખેડુતોને પોતાના જણસી નહીં લાવવા સુચના આપવામા આવતી હોય છે.

વહેલી સવારથી જ વિવિધ વાહનોમાં ખેડુતો દ્વારા અલ અલગ જણસીઓ પોતાના વાહનોમાં લઈ આવવામાં આવી હતી. જેથી યાર્ડની અંદર વાહનોના થપ્પા લાગ્યા હતાં. ઉનાળાની સિઝન શરૂ થતાં અને યાર્ડમાં નવા માલની આવક પણ શરૂ થઈ છે અને મસાલાની સિઝન પણ હોય સૌથી વધારે ધાણા, જીરૂ, ઘંઉ, સુકા મરચા સહિતની જણસી ઠલવાઈ હતી જેના માટે યાર્ડના સતાધીશો દ્વારા વિવિધ શેડમાં ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ યાર્ડના ચેરમેન અને ડિરેક્ટરો પણ ઉપસ્થિત રહી અને વ્યવસ્થા કરાઈ હતી.

# મધ્યમ વર્ગના લોકોને કોઈપણ આર્થિક મુશ્કેલી વગર સામાજિક પ્રસંગ પાર પાડવામાં સમુહલગ્નના આયોજનો મહત્વનું માધ્યમ બન્યા છે

### સમાજ પ્રત્યે પોતાનું સામાજિક દાયિત્વ નિભાવવા બદલ આયોજકોને અભિનંદન પાઠવતા : પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ
શહેરના રૈયા ગામથી આગળ જતા કેન્દ્ર સરકારની લાઈટ હાઉસ આવાસ યોજનાની વસાહતના પટાંગણ ખાતે ઓમ શ્રી આશાપુરી પ્રગતિ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ આયોજિત ૧૪માં સર્વજ્ઞાતિય સમુહલગ્ન સમારોહમાં કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા ચૂંટણીના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી પ્રભુતામાં પગલા પાડવા જઈ રહેલ ૯ નવદંપતિઓને આશિર્વાદ પાઠવી શુભેચ્છા પાઠવેલ હતી. આ તકે પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ સમાજમાં સમયાંતરે વિવિધ સામાજિક સંસ્થાઓ, ટ્રસ્ટો, મિત્ર મંડળ ધ્વારા સમુહ લગ્નના આયોજનો થાય છે ત્યારે મધ્યમ વર્ગન લોકોને કોઈપણ આર્થિક મુશ્કેલી વગર સામાજિક પ્રસંગ પાર પાડવામાં સમુહલગ્નના આયોજનો મહત્વનું માધ્યમ બન્યા છે. દિકરીઓને કન્યાદાનમાં વિવિધ ચીજ–વસ્તુઓ અર્પણ કરી દાતાઓ પુણ્યનુ ભાથુ બાંધે છે. ત્યારે મધ્યમવર્ગીય મા–બાપ કોઈપણ આર્થિક પરેશાનીનો સામનો કર્યા વગર રંગે–ચંગે પોતાના સંતાનોના વિવાહના અવસરને માણી ઉજવણી કરે છે. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ભાજપ અગ્રણી મનીશભાઈ ભટ્ટ, વિનોદભાઈ પેઢડીયા, જયેશભાઈ વ્યાસ સહીતના ઉપસ્થિત રહયા હતા. આ સમુહલગ્ન કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મુખ્ય આયોજક ભીખા રામજી, ગોપાલદાસજી કાપડી રાજા, શ્રીમતી શારદા બા કાપડી, સર્વેશ્રી તુલસીદાસ ગોંડલીયા, બાલકદાસ કાપડી, રાજન રામ કાપડી, ગુલાબદાસ બાપુ દેસાણી તેમજ અન્ય કાર્યકર્તાઓ, મહિલા મંડળની બહેનો સહીતના એજહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એસો. પ્રમુખ વી.પી. વૈષ્ણવની દિલ્હીનાં એસોચેમની કમિટિમાં વરણી

### મેનેજીંગ કમિટિમાં સ્થાન મળતા સૌરાષ્ટ્ર-કચ્છનાં વેપાર ઉદ્યોગને ફાયદો

રાજકોટ
રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર-ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૬૯ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. રાજકોટ ચેમ્બર દ્વારા હર હંમેશ વેપાર-ઉદ્યોગના તેમજ આમ પ્રજાના પ્રશ્ર્નોનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં એક સેતુ બની રજુઆતો કરી ઉદ્ભવતા પ્રશ્ર્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દિલ્હી સ્થિત (એસોચેમ)માં સભ્યપદ ધરાવે છે. જેમાં પ્રમુખ વી.પી. વૈષ્ણવની મેનેજીંગ કમિટીમાં બિનહરિફ ચૂંટાઇ આવેલ છે. એસોચેમની



મેનેજીંગ કમિટિમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોના પ્રશ્ર્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે.

વી.પી. વૈષ્ણવ હાલ ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ચેરમેન તરીકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તરીકે, નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ન્યુ દિલ્હીમાં કારોબારી સભ્ય તરીકે, મુંબઇ સ્થિત આઈએમસી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કારોબારી સભ્ય તરીકે તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં રીજીઓનલ કારોબારી સભ્ય તરીકે અને (એસોચેમ)માં મેનેજીંગ કમિટિમાં કાર્યરત છે. આમ ઈતિહાસમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ૬ જેટલી મહત્વની ઉચ્ચ લેવલની સંસ્થાઓનું પ્રમુખ વી.પી.વૈષ્ણવ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

# જેતપુરમા વિઠલભાઈ રાદડીયાની પુણ્ય સ્મૃતીમા સર્વજ્ઞાતીય સમુહલગ્નોત્સવ "જાનકી વિવાહ"



જેતપુર શહેર ખાતે જેસીઆઈ જેતપુર ટ્રસ્ટ આયોજીત વિઠલભાઈ રાદડીયાની પુણ્ય સ્મૃતીમા સર્વજ્ઞાતીય સમુહલગ્નોત્સવ "જાનકી વિવાહ"પ્રસંગે પોરબંદર લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી મનસુખ માંડવીયા પધારતા તેમનુ સ્વાગત સન્માન કરીને દાતાશ્રીઓનુ સન્માન તેમજ ૭૦ દીકરીઓને કન્યાદાન કરવાનો પવિત્ર અવસર પ્રાપ્ત થયો.

# ગીર સોમનાથ જીલ્લામા ગૃહવિભાગના ઠરાવથી એકતા સમિતીની રચના કરાઈ

### જીલ્લા કલેક્ટર, ડે.કલેક્ટર, સાસંદ , ધારાસભ્યો , પત્રકાર મિતેષ પરમાર સહીતની જીલ્લાકક્ષાએ નિમણૂક કરાઈ

ગીર સોમનાથ
રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા જળવાઈ રહે અને કોમવાદ , જાતિવાદ , પ્રાદેશીકતાવાદ જેવા અનિષ્ટોને દુર કરવા ભારત સરકાર દ્રારા રાષ્ટ્રીય એકતા પરિષદની રચના કરવામા આવે છે .તેજ રીતે રાજયકક્ષાએ પણ રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા સંવર્ધન, સમગ્ર રાજયમા શાંતિ એકતા અને સદભાવના જાળવી રાખવાના હેતુસર રાજ્ય એકતા સમિતી ની રચના થયેલ છે અને ગૃહવિભાગના ઠરાવથી ગીરસોમનાથ જીલ્લામા પણ જીલ્લા એકતા સમિતીની રચના કરવામા આવી છે .જેમા અધ્યક્ષ



તરીકે જીલ્લા કલેક્ટર ડી.ડી.જાડેજા , ડીડીઓ, અધિક કલેક્ટર,જીલ્લા શિક્ષણ અધિકારી , સાસંદ રાજેશ ચુડાસમા , તાલાલાના ધારાસભ્ય ભગવાન બારડ, કોડીનાર ના ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા, ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા પંચાયત ના પ્રમુખ મંજુલાબહેન મુછાર,જીલ્લા પત્રકાર સંઘ (છમ્જીજી) ના પ્રમુખ મિતેષ પરમાર, જીલ્લા કોળીસેનાના પ્રમુખ દીપાબેન બાંભણીયા, માલધારી સમાજના ભૂપત કોડીયાતર , સાધુસમાજના ધર્મેન્દ્ર નિમાવત, આ સહીતની નિમણૂક કરવામા આવી છે .

# ૨જી એપ્રિલ વર્લ્ડ ઓટીઝમ ડે, ઓટીસ્ટીક બાળક સામાન્ય બની શકે છે, દવાની સાથે ડાયેટ, કસરત પણ મહત્વનો ભાગ ભજવે છે




રાજકોટ,
૨૦,૦૦૦ થી વધુ દેશ-વિદેશના બાળકોની સારવાર કરી તેમાંથી ૭૦% બાળકોને મેઈન સ્ટ્રીમમાં લાવ્યા છે. ઓટીઝમ સારવારમાં દેશમાં મહત્વનો ભાગ ભજવનારા અમદાવાદના ડો. કેતન પટેલ જણાવે છે કે, હોમિયોપેથી થકી ૧૨૦ દિવસની સારવારમાં બાળકમાં સુધારો જોવા મળે છે ત્યારબાદ દર ૩૩ દિવસમાં સુધારા થતો જોવા મળે છે જે માટે ધીરજ સાથે બાળકને ૨૪ થી ૩૬ મહિનાની સારવાર આપવામાં આવે છે. આ પૈકી જે બાળકોમાં સુધારો જોવા ન મળ્યો હોય તેવા બાળકોમાં જિનેટિક અને મેટાબોલિઝ્મ રિપોર્ટ કરાવવાનુ કહેવામાં આવે થે. તેમાં જીનેટીક અને મેટાબોલિક છમ્નોર્મલીટી જોવા મળી ને તેના માટે જવાબદાર જીન-રંગસુત્રાને ઓળખી તેના લક્ષણો પ્રમાણે સારવારની સાથે જીનેટીશિયન તબીબ જુથ સાથે તેમનું કાઉન્સિલિંગ કરાવવામાં આવે છે. અને તેમની બીમારી વિશે વિગતવાર માહિતગાર કરાય છે.જે ખાસ જરૂરી છે. હોમિયોપેથીક સારવાર આ બીમારીમાં અસરકારક છે જેમ કે બાળકના મગજનો વિકાસ અટકી ગયો હોય તેને દૂર કરી મગજનો વિકાસ કરે છે સાથે સંકળાયેલી બીમારી જેમ કે લીકિગટ સિન્ડ્રોમ,લાઈમ ડીસીઝ, મગજનો સોજો, હેવી મેટલ તેમજ હોર્મોન ઈમ્ બેલેન્સ ને સરખું કરી મગજનો વિકાસ કરે છે. એટલુંજ નહીં સ્પેશિયાલીટી હોમિયોપેથના ડો. કેતન પટેલ જણાવે છે કે, દુનિયાના ડોક્ટરો જો પોતાનું બાળક ઓટિઝમથી પીડિત હોય તો તેને હોમિયોપેથી સારવાર આપવાનું પહેલા પસંદ કરે છે.ભારત દેશમાં દર ૧૫૦ માંથી એક બાળકને ઓટીઝમ જોવા મળે છે. લક્ષણોમાં બોલતું ન હોય, નજર ના મિલાવે, ચીસ પાડી ઊઠે ,અવાજ વધુ સાંભળે, હાથ વધુ હલાવે છે તે માટે ચાઈલ્ડહુડ ઑટિઝમ રેટિંગ સ્કેલ ( CARS) ટેસ્ટ કરાવવો, જે બાળકોના ડોક્ટર કે સાયકોલોજિસ્ટ ની સલાહથી કરવામાં આવતા હોય છે. જો આ રિપોર્ટ પોઝિટિવ આવે તો GLUTEN ગ્લુટેનન ફ્રી, GFCF જીએફસીએફ ડાયેટ તેમજ સુગર ફ્રી ડાયટ જેમ કે, ઘઉં કે જવની વસ્તુ ન આપો, તેવા બાળકની દૂધની બનાવટ એટલે કે પ્રાણીજન્ય મિલ્કની બનાવટ ન આપો, સાથે સાથે રોજ સવાર સાંજ ૬૦ મિનિટ દોડાવવું ચલાવવું કે સાયકલિંગ કરવાથી પરિસ્થિતિમાં સુધારો જોવા મળશે. છેલ્લા ૩૨ વર્ષથી તેમની તબીબી સારવારમાં છેલ્લા ૨૧ વર્ષથી તેઓ ઓટિઝમ પર રિસર્ચ સાથે સાથે ઓટીઝમ ધરાવતા અને જીનેટીક ખામી ધરાવતાં બાળકની સારવાર કરે છે ભારતભરમાં સાત મોટા શહેરોમાં ઓટિઝમ અને ચાઈલ્ડ ન્યુરોલોજી ડિસઓર્ડર અંગે સેવા આપે છે, હોમિયોપેથીક તબીબ હોવા છતાં મેડિકલ રિસર્ચ પર ભાર મૂકવાની કારણે તેમના પાંચથી વધારે રિસર્ચ પેપર દુનિયાની અગ્રણી મેડિકલ જનરલમાં પ્રકાશિત થયા છે.ઓટીઝમ સારવારમાં રિસર્ચમાં આ પ્રકારનું કામએ ભારત માટે ગૌરવપ્રદ બાબત છે.

# વેદાંતાનું દેવું ડિમર્જ કંપનીઓમાં સંપત્તિના ગુણોત્તરમાં ફાળવવામાં આવશે

રાજકોટ,
માઈનિંગ કંપની વેદાંતા તેના એલ્યુમિનિયમ સહિત મુખ્ય વ્યવસાયોના ડિમર્જર પ્રક્રિયા માટે આગળ વધી રહી છે. જેને અલગ લિસ્ટેડ કંપનીઓ તરીકે જાહેર કરી ગ્રુપનું દેવુ ડિમર્જ કંપનીઓની સંપત્તિના ગુણોત્તરમાં ફાળવવામાં આવશે. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું. વેદાંતા આ મામલે તેના લેણદારો સાથે જોડાણના એડવાન્સ તબક્કામાં છે, અને પ્રક્રિયા સરળતાથી આગળ વધી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડિમર્જર બાદ કંપનીઓમાં દેવાની ફાળવણી અંગે સ્પષ્ટતા કરતાં કંપનીના વરિષ્ઠ અધિકારીએ હાલમાં યોજાયેલી ઈવેન્સ્ટર ઈવેન્ટના સમાપન દરમિયાન જણાવ્યું હતું કે, માન્ય નીતિ-નિયમો અનુસાર, ડિમર્જ કંપનીઓની સંપત્તિના ગુણોત્તરમાં દેવાની ફાળવણી કરવામાં આવશે.

વેદાંતા એલ્યુમિનિયમનું ઉદાહરણ આપતાં વધુમાં જણાવ્યું હતું કે, કંપનીમાં દેવાની ફાળવણી સંપત્તિની બુક વેલ્યૂના સીધા પ્રમાણમાં રહેશે. તેમજ આ ટ્રાન્જેક્શન ટેક્સ-ન્યૂટ્રલ રહે તેની ખાતરી કરવામાં આવશે.

વેદાંતાએ તેની ડિમર્જરની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, “ડિમર્જર સોવરિન વેલ્થ ફંડ્સ, રિટેલ રોકાણકારો અને વ્યૂહાત્મક રોકાણકારો સહિત વૈશ્વિક રોકાણકારોને સમર્પિત કંપનીઓમાં પારદર્શી ધોરણે સીધુ રોકાણ કરવાની તકો આપશે. લિસ્ટેડ ઈક્વિટી અને સ્વંય સંચાલિત મેનેજમેન્ટ ટીમ સાથે ડિમર્જ કંપનીને વ્યૂહાત્મક યોજનાઓ ઘડવા તેમજ તેના ગ્રાહકો, ઈન્વેસ્ટમેન્ટ સાયકલ, અને એન્ડ માર્કેટ સાથે જોડાણો કરવા સ્વતંત્રતા આપશે.”

# પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ સ્થિત ઝાંપોદડ પાટીદાર સમાજ ધ્વારા સ્નેહમિલન યોજાયું

### સંયુકત કુટુંબમાં મળતી લાગણી, હુંફ, પ્રેમ અને સ્નેહ વ્યકિતના જીવનને તરબતર બનાવે છે : પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ
કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા ચૂંટણીના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં શહેરના સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે રાજકોટ સ્થિત ઝાંપોદડ પાટીદાર સમાજ ધ્વારા સ્નેહિમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ, શહેર ભાજપ મહીલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, ભાજપ મહિલા મોરચાના આગેવાન જયોતિબેન ટીલવા તેમજ પ્રવીણભાઈ ટીલવા, હરસુખભાઈ ટીલવા, સંદીપભાઈ ડેડાણીયા, વસંતભાઈ કટારીયા સહીતના ઉપસ્થિત રહયા હતા.આ તકે પરશોતમભાઈ રૂપાલાએ સંયુકત કુંટુબમાં રહેવાના ફાયદા વિશે જણાવેલ કે






ભારતમાં પ્રાચિન કાળથી સંયુકત કુટુંબની વ્યવસ્થા ચાલી રહી છે, એકજ છત હેઠળ એક કરતા વધુ પેઢીના સભ્યો જેમાં દાદા–દાદી, માતા–પિતા, કાકા–કાકી, ભાઈ–ભાભી અને બાળકો એકબીજાના સાનિધ્યમાં પ્રેમ અને હુંફની લાગણી અનુભવે છે. સંયુકત કુટુંબમાં પરિવારના સભ્યો એક ટીમની તરીકે કામ કરે છે. આર્થિક અને સામાજિક જવાબદારી વહેંચાઈ જાય છે, કોઈપણ સમસ્યાનો સામનો પરિવાર સાથે રહીને કરે છે, પરિણામે પરિવારનો કોઈપણ સભ્ય કયારેય તણાવ કે ટેન્શનનો અનુભવ કરતો નથી. કોઈપણ સંતાન માટે દાદા–દાદીના ખોળામાં ઉછરેલા બાળપણમાં મળેલી હુંફથી સંસ્કારોના સિંચનની સાથોસાથ ઘડતર થાય છે. આમ સંયુકત કુટુંબમાં મળતી લાગણી, હુંફ, પ્રેમ અને સ્નેહ જીવનને તરબતર બનાવે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ઝાંપોદડ યુવા ગ્રુપના ઉદય ભૂત, મયુર ટીલવા, નયનભાઈ શેખાત, રાકેશ જાવિયા સહીતનાએ જહેમત ઉઠાવી હતી.

# છોટા ઉદેપુરના શિક્ષકે નર્સ સાથે લગ્નની લાલચે દુષ્કર્મ આચર્યું



રાજકોટ:રાજકોટમાં હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી મૂળ જસદણ પંથકની યુવતીએ તેના જ ગામના યુવાન સામે ૧૮ મહિના સુધી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યા બાદ મોબાઈલ બ્લોક કરી દઈ પોતાને તરછોડી દેતા મામલો એ ડિવિઝન પોલીસમાં પહોંચ્યો છે.૩૨ વર્ષીય યુવતીની ફરિયાદ મુજબ, અઢી વર્ષ પહેલાં સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાના ગામનો સુરેશ ધનજી આંધાણીના સંપર્કમાં આવી હતી. બંનેએ મોબાઈલ નંબરની આપલે કર્યા બાદ બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. દરમિયાન તા.૨૭-૫-૨૦૨૨ના સુરેશ ધર્મેન્દ્ર રોડ પર આવેલી હોટેલમાં લઈ ગયો હતો. ત્યાં તેણે ભગવાનના ફોટા સામે પોતાને મંગળસૂત્ર પહેરાવી, માથામાં સિંદૂર પૂરી કહ્યું, આપણે હવે બંને પતિ-પત્ની છીએ. સમાજમાં પણ આપણે લગ્ન કરી લઈશું તેવી મીઠી મીઠી વાત કરી પોતાની સાથે પહેલી વખત શરીરસંબંધ બાંધ્યો હતો. ત્યાર બાદ ગત વર્ષની ફેબ્રુઆરી મહિનામાં પાવી જેતપુર બોલાવી હતી. ત્યાં બે દિવસ રોકાઈ પરત સુરેશ સાથે રાજકોટ આવી હતી. બાદમાં સુરેશ મળવાના બહાને પોતાને બોલાવી હોટેલમાં લઈ જઈને દુષ્કર્મ આચરતો હતો. ત્યાર બાદ વતન જતી હતી ત્યારે સુરેશે જસદણ બોલાવી તેની ગાડીમાં બંને અમારા ગામ પહોંચ્યા હતા. જ્યાં તેને તેના નવા મકાનમાં દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં જાણવા મળ્યું કે, સુરેશ છોટા ઉદેપુરના માલુ ગામે શિક્ષક તરીકે નોકરી કરે છે અને તે ત્યાં જતો રહ્યો છે. એટલું જ નહિ સુરેશને અન્ય યુવતી સાથે પણ પ્રેમસંબંધ હોવાની ખબર પડી હતી. જેથી પોતે છોટા ઉદેપુર ગઈ હતી. ત્યાં સુરેશને મળતાં તેને લગ્નની વાત કરતા લગ્નની હા પાડી પોતાને અમદાવાદ થઈ રાજકોટ ઘરે ઉતારી ગયો હતો. ત્યાર બાદ સુરેશનો સંપર્ક કરતા તેને પોતાના મોબાઈલ નંબર બ્લોક કરી દીધા હતા. લગ્નની લાલચ આપી અનેક વખત દુષ્કર્મ આચર્યા બાદ લગ્ન નહિ કરતા એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પીઆઈ આર.જી.બારોટ સહિતના સ્ટાફે શિક્ષક સુરેશને સકંજામાં લેવા તજવીજ હાથ ધરી છે.

# ઓફિસમાં બેસી ક્રિકેટ સટ્ટાની કપાત લેતો શખ્સ ઝડપાયો

રાજકોટ:શહેરના મવડી મેઈન રોડ, વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલા કોપર હાઈટ્સ નામના બિલ્ડિંગના પહેલા માળે ૧૦૯ નંબરની ઓફિસ ધરાવતો ભરત આયદાન વાંક નામનો શખ્સ ક્રિકેટ સટ્ટાની કપાત કરી જુગાર રમાડતો હોવાની ક્રાઈમ બ્રાંચને માહિતી મળી હતી. જે માહિતીના આધારે પોલીસ ટીમે દરોડો પાડી મવડી મેઈન રોડ, શ્રીનાથજી સોસાયટી-૧માં રહેતો ભરત આયદાન વાંકને ઝડપી લીધો હતો. પોલીસે ભરતના મોબાઈલ ચેક કરતા તે આઈપીએલના દિલ્હી અને ચેન્નઈ વચ્ચેના મેચ પર મોબાઈલના માધ્યમથી ગ્રાહકો પાસેથી હારજીત સહિતના સોદાઓ લઈ રૂપિયાની કપાત કરતો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ભરતનો મોબાઈલ કબજે લઈ ધરપકડ કરી છે.જયારે કોઠારિયા ગામ પાસે કામખિયાધામ ગૌશાળા પાસે જાહેરમાં હૈદરાબાદ અને ગુજરાત વચ્ચેના મેચ પર સટ્ટો રમાડતા રણુજા હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરના જયેશ ભાઈલાલ ચૌહાણને મોબાઈલ સાથે પકડી પાડ્યો હતો. પૂછપરછમાં તે જયેશ ડાંગર પાસે કપાત કરાવતો હોવાની કબૂલાત આપતા પોલીસે બંને સામે ગુનો નોંધી જયેશ ડાંગરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.ઉલ્લેખનિય છે કે, શહેરમાં મેચ પર સટ્ટો રમાડતા શખ્સોને ઝડપી લેવા પોલીસે કમરકસી છે અને આવા શખ્સોને કાયદાનો પાઠ ભણાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

# યુવકનો કારખાનામાં ગળેફાંસો ખાઈ આપઘાત, કારણ અકબંધ

રાજકોટ:રાજકોટ શહેરના સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલા એક કારખાનામાં યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ?યાપી જવા પામી છે. સમ્રાટ ઈન?ડસ?ટ્રીઝ એરીયામાં શેરી નં.૧૫ માં આવેલા શીવમ વાયર પ્રોડકટ નામના કારખાનામાં દિપક રામજીભાઈ ચૌહાણ (ઉ.વ.૨૨)એ ગળાફાંસો ખાઈ લીધો હતો. કારખાનાના કર્મચારીએ યુવાનને લટકતી હાલતમાં જોઈ જતા દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. બાદ કોઈએ જાણ કરતા ૧૦૮ની ટીમે સ?થળ પર પહોંચી ભકિતનગર પોલીસને જાણ કરી હતી. જે બાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને આપઘાતનું સાચું કારણ જાણવા પરિવારજનોની પૂછપરછ હાથ ધરી છે.

**જિંદગીથી કંટાળી યુવકનો આપઘાતનો પ્રયાસ**

રાજકોટ નજીક નવાગામમાં રહેતા અને ન્યારા પેટ્રોલ પંપની સામે ડીપીએ ગોડાઉન ધરાવતા લાલો ઉર્ફે આનનદ સુલતાન પલારીયા (ઉ.વ.૨૧)એ ગોડાઉનમાં જ કોઈ ઝેરી દવા પી જતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આનંદ બે ભાઈમાં મોટો છે અને પોતે ટ્રાન્સપોર્ટનું ગોડાઉન ધરાવે છે. જિંદગીથી કંટાળી જતા આ પગલું ભરી લીધું હતું. જો કે, ત્યાં માણસોએ જોઈ જતા તેમને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયો હતો. આ બનાવ અંગે કુવાડવા પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મંદિરના મહંતનો ગળેફાંસો ખાધેલ શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

## મહંતનો મોબાઈલ, પર્સ અને પૈસા ગાયબ, હત્યા કે આત્મહત્યા તે અંગે પોલીસ દ્વારા તપાસ

જસદણ :જસદણના દેવપરા ગામની વીડીમાં પાંડવોએ જે મહાદેવની સ્થાપના કરી હતી. તેવા બીલીયા મહાદેવ મંદિરના મહંતની મંદિરના પટાંગણમાં આવેલ બીલીના વૃક્ષ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા સેવકગણોમાં શોક ફરી વળ્યો હતો. જો કે તપાસ દરમિયાન મંદિરના મહંતનો મોબાઈલ, પર્સ અને પૈસા જોવા નહી મળતાતપાસ હાથ ધરાઈ છે. હાલ જસદણ પોલીસે હત્યા કરાઈ છે કે પછી મહંતે અગમ્ય કારણોસર આત્મહત્યા કરી છે તેનું સાચું કારણ જાણવા માટે વિવિધ દિશામાં આગળની તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગત મુજબ, જસદણ તાલુકાના દેવપરા ગામની વીડીમાં આવેલ ઐતિહાસિક બીલીયા મહાદેવની જગ્યામાં આશરે ૩૦ વર્ષથી રહેતા અને સેવાપૂજા કરતા ગણેશગીરીબાપુની મંદિરના પટાંગણમાં આવેલ બીલીના વૃક્ષ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. જો કે લટકતી લાશની નીચે એક પ્લાસ્ટિકની ખુરશી પણ આડી પડેલી જોવા મળી હતી. આ બનાવમાં વહેલી સવારે મંદિરે દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓએ મહંતને લટકતા જોઈને તેમણે તાત્કાલિક ગામના સરપંચ શિલ્પાબેન સદાદીયાના પતિ વિનુભાઈને જાણ કરતા વિનુભાઈ તેમજ ગામના લોકો તાત્કાલિક મંદિરે દોડી ગયા હતા. અને આ ઘટનાની જાણ જસદણ પોલીસને કરતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી જઈ મહંતના મૃતદેહને પી.એમ.અર્થે જસદણની સરકારી હોસ્પીટલે ખસેડી આગળની તજવીજ હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે, અંદાજે ૩૦ વર્ષ થયા મહાદેવની સેવા પૂજા કરતા ગણેશગીરીબાપુ વિનમ્ર અને સરળ સ્વભાવના હતા. આજુબાજુના ગામના લોકોના જણાવ્યા મુજબ ગણેશગીરીબાપુએ કયારેય કોઈની પાસે હાથ લાંબો કર્યો ન હતો. તેઓ કયારેક કોઈની પાસે કશું માંગતા નહીં અને મહાદેવના દર્શને આવતા સેવકગણ ભેટ-પૂજા કરતા હોય તેમાંથી તેમનો જીવન નિર્વાહ ચલાવતા હતા.મંદિરની આજુબાજુ બહુ બધા બીલીના ઝાડ હોય મંદિરનું નામ જ બીલીયા મહાદેવ પડી ગયું છે. હાલ બીલીયા મહાદેવ મંદિરના મહંતના મૃતદેહને મંદિરના પટાંગણમાં જ ગ્રામજનો અને સેવકગણ દ્વારા શોક્ત વિધિ સાથે સમાધી આપવામાં આવી છે.

# પરસ્ત્રી સાથેની મિત્રતાથી નારાજ પરિણીતાને પતિએ માર માર્યો

રાજકોટ: શહેરના બંસીધર ચોક પાસે ગિરનાર સોસાયટી-૨માં છેલ્લા છ મહિનાથી પુત્ર સાથે રહેતી ભારતીબેન નામની પરિણીતાએ પતિ રમેશ સવજીભાઈ ડાભી સામે મહિલા પોલીસમાં ફરિયાદનોંધાવી છે.ફરિયાદ મુજબ, મૂળ ભાયાવદરના રમેશ સાથે ૨૫ વર્ષ પહેલાં લગ્ન થયા છે. સંતાનમાં બે દીકરી, એક દીકરો છે. ૨૦૦૦માં પોતે પતિ સાથે રાજકોટ રહેવા આવી હતી. રાજકોટ આવ્યા બાદ પતિ સામાન્ય બાબતોએ ત્રાસ આપતા હોય ૨૦૧૧માં પતિ સામે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં પતિ સાથે સમાધાન કરી પતિ સાથે રહેવા આવી ગઈ હતી. બંને દીકરીઓને પરણાવી દીધા બાદ પતિને બે મહિલા સાથે મિત્રતા હોવાનું પોતાની જાણમાં આવ્યું હતું. જે અંગે ઝઘડો કરી પતિ પોતાને અને ૧૯ વર્ષના પુત્રને તરછોડીને ઘરેથી નીકળી ગયા હતા. છ મહિનાથી અલગ રહેતા પતિ ક્યાં છે તે અંગેની પોતાને કોઈ જાણ ન હતી. દરમિયાન પતિ ગુરુપ્રસાદ ચોક પાસે મકાન લે-વેચની ઓફિસ ધરાવતા નિલેશભાઈ યાદવને ત્યાં બેસતા હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન પોતાને સરકારી આવાસમાં ક્વાર્ટર લેવું હોય તેના ફોર્મમાં રેશનકાર્ડ જોડવાનું હોવાથી સોમવારે સવારે આઠ વાગ્યે પોતે પતિને મળવા માટે ગઈ હતી. ઓફિસે પતિ મળી જતા તેમને બધી વાત કરતા તેમને તેના વાહનમાંથી રેશનકાર્ડ કાઢી આપ્યું હતું. બાદમાં પોતાને ધક્કો મારી પછાડી દઈ માર માર્યો હતો. અને પતિએ હવે જો આ બાજુ જોવા મળી તો જાનથી મારી નાંખીશની ધમકી આપી હતી.

# કુવાડવા પાસેથી હત્યા કરાયેલી યુવાનની લાશ મળી

રાજકોટ:શહેરની ભાગોળે કુવાડવા ગામ નજીકથી સોમવારે સવારે યુવાનની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી છે. બનાવની જાણ થતા કુવાડવા રોડ પોલીસ મથકનાં પીઆઈ વી.આર.રાઠોડ સહિતનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો.પ્રાથમિક તપાસમાં સ્થળ પરથી એક રેંકડી મળી આવી હતી. અને તેની બાજુમાંથી યુવાનની લાશ મળી હતી. જેને માથામાં કોઈ બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યાનું જાણવા મળ્યું હતું. હત્યાના બનાવની જાણ થતાં ડીસીપી ક્રાઈમ ગોહિલ સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ દોડી ગયા હતા. મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી મૃતકની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. ત્યારે મૃતક મૂળ મધ્યપ્રદેશના વાટા ગામનો અને કુવાડવાના મઘરવાડા ગામે નથુભાઈની વાડીમાં ખેતમજૂરી કરતો પાકિયા ઉર્ફે વિનોદ પાડવીભાઈ ગેદરિયા (ઉ.વ.૩૬) હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક ખેતમજૂરી ઉપરાંત તે સેન્ટ્રીંગ અને ભંગારની ફેરી કરીને ગુજરાન ચલાવતો હતો. એક મહિના પહેલાં વતન ગયા બાદ ૧૫ દિવસ પહેલાં જ વતનથી પરત ફર્યો હતો. અને બે દિવસ પહેલાં મિત્રને પોતે કામ માટે બહાર જતો હોવાનું કહીને મઘરવાડાથી નીકળ્યા બાદ આજે તેનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળ્યો છે. જોડિયાના આણંદા ગામે ખેતમજૂરી કરતાં મૃતકના ભાઈ ધુળજીભાઈ ગેદરિયાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે હત્યાનો ગુનો પોલીસે નોંધ્યો છે. માથામાં લાકડાંના ધોકાના ઘા ઝીંકી હત્યા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યા બાદ યુવાનની હત્યાનું કારણ જાણવા પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. જોકે, મૃતક પાસે એવી કોઈ કિંમતી ચીજવસ્તુઓ કે વધુ રૂપિયા ન હોય લૂંટના ઈરાદે હત્યા થઈ હોય તેવી સંભાવના નહિવત હોવાનું પીઆઈ રાઠોડે જણાવ્યું છે. તેમ છતાં મઘરવાડા આસપાસ હ્યુમન સોર્સિસથી યુવાનની હત્યાનો ભેદ ઉકેલવા પોલીસે મથામણ શરૂ કરી છે. મૃતકની પત્ની સંતાનો સાથે વતનમાં રહેતી હોવાનું પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું છે.

# 'તું અને તારી મા વીડિયો ઉતારી અમને બદનામ કરે છે' કહી યુવાન ઉપર હુમલો



જેતપુર : જેતપુરમાં એક યુવાન પર હીંચકારો હુમલો કરાયાની ઘટના સામે આવી છે. 'તું અને તારી માઁ વિડીયો ઉતારીને અમને બદનામ કરે છેદ તેવું કહી યુવાન પર ત્રણ મહિલા સહીત ૮ શખ્સોએ હુમલો કરતાં ગુન્હો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.જેતપુરના નવાગઢ વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષીય યુવાન કેતન ચંદુભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તેઓ રાત્રે આશરે પોણા અગિયાર વાગ્યાંના અરસામાં પોતાની મહિલા મિત્રને મુકવા જતો હતો તે દરમિયાન દેરડીધારના માર્ગે નાથીબેન વેગડા તથા તેની સાથે રવિ ઉર્ફે ગેંગો અને તુષાર ઉર્ફે ભુરીયો રાજપૂતે મામાદેવના મંદિરથી આગળ મોટરસાયકલ ઉભું રખાવી 'તું અને તારી માઁ અમારા વિડીયો બનાવો છો અને અમને તથા મારા ફઈ શારદાબેન ઉર્ફે કાળીબેન હમીરભાઈ વેગડાને બદનામ કરો છોદ તેવું કહી બેઝબોલના ધોકા વડે હુમલો કરેલ હતો.તુષાર ઉર્ફે ભુરીયો અને રવિ ઉર્ફે ગેંગાએ યુવાનને પકડી રાખ્યો હતો અને નાથીબેનએ બેઝબોલના ધોકા વડે માથાના ભાગે ઈજા પહોંચાડેલ હતી. ઈજાગ્રસ્ત હાલતમાં યુવાન ગમે તેમ આ ત્રણેય ઈસમોની ચૂંગાલમાંથી છૂટી ગંજપીરની દરગાહ બાજુ દોડી જતાં ત્યાં અગાઉથી હાજર રહેલ રેખાબેન ઉર્ફે ઢફૂ લલિતભાઈ વેગડા અને તેની બહેન કાજલ તથા કાજલ અને શાહરુખ તરખેશા કાર પાસે ઉભા હતા. ત્રણે લોકોએ યુવાનને પકડી રાખ્યો હતો અને ઢફૂએ બેઝબોઝના ધોકા વડે ઘા માર્યા હતા. તેમજ કાજલે લાકડાના ધોકા વડે ઘા ફટકાર્યા હતા. આરોપીઓએ માર મારતા યુવાન જમીન પર ઢળી પડયો હતો. જે બાદ રબારીકાનો ભાભલુ બુલેટ લઈને આવ્યો હતો અને બુલેટના આગળના ટાયરથી વાસાના ભાગે ભટકાડી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ રેખા ઉર્ફે ઢફુંએ કોઈક નંબર પર ફોન કરી કહ્યું હતું કે, 'કાળીફુઈ અમે કેન્યાને મારું મારીને તોડી નાખેલ છે પણ તેની માઁ આવેલ નથી. બીજી વાર કેન્યાની માઁને જોઈ લેશું'. જે બાદ આ શખ્સો સ્થળ પરથી નાસી જતાં કોઈક અજાણ્યા વ્યક્તિએ ૧૦૮ મારફત જેતપુર તથા બાદમાં રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યો છે. મામલામાં પોલીસે કુલ ૮ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ આદરી છે.

# ઢોરની ઢીકથી યુવાનનાં મોત માટે રાજકોટ મનપા જવાબદાર, રૂ.૧૩.૭૦ લાખ વળતર ચૂકવવા અદાલતનો આદેશ

## મૃતકના પત્નીએ કરેલા દાવામાં વકીલની દલીલ અને સુપ્રીમના ચુકાદાના આધારે મનપા વિરુદ્ધ હુકમ



રાજકોટ:રાજકોટની સિનિયર સિવિલ કોર્ટે રાજકોટ મહાનગરપાલિકા વિરુદ્ધ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. રાજકોટમાં ૨૦૧૮ની સાલમાં રેઢિયાળ ઢોરની ઢીકથી બાઈકચાલક યુવાનનાં મોત નીપજવાના બનાવમાં અદાલતે રાજકોટ મહાનગરપાલિકાને જવાબદાર ઠેરવી મૃતકના વારસદારોને રૂ.૧૩.૭૦ લાખ વળતર વ્યાજ સહિત ચૂકવવા હુકમ કર્યો છે.આ કેસની વિગત એવી છે કે, રાજકોટના ગંજીવાડા વિસ્તારમાં રહેતો મુકેશ મોહનભાઈ રાઠોડ (ઉ.વ.૪૦) નામનો યુવાન ગત તા.૧૭-૦૮-૨૦૧૮ના રોજ પોતાના મોટરસાઈકલ ઉપર રાત્રીના ૯ વાગ્યે મહાકાળી ચોકમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે માર્ગમાં રખડતી ગાયે ઢીક મારતા સર્જાયેલા અકસ્માતમાં રસ્તા પર પટકાવવાથી મુકેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.આ ઘટના બાદ મૃતકના વિધવા પત્ની મીનાબેન મુકેશભાઈ તથા તેમના બે સગીર સંતાનોએ રાજકોટ મહાનગરપાલિકા, પોલીસ કમિશનર, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગૃહ સચિવ અને સરકારને કાયદેસરની નોટિસ આપી આ તમામ સત્તાવાળાઓની કાયદેસરની ફરજો બજાવવામાં નિષ્ફળતા બદલ અને મહાનગરપાલિકાની ઘોર બેદરકારી બદલ તેઓની વિરુદ્ધ રૂ. ૧૫,૦૦,૦૦૦નું નુકસાન વળતર મેળવવા રાજકોટની સિનિયર સિવિલ કોર્ટ સમક્ષ દીવાની દાવો દાખલ કર્યો હતો.આ કેસ અદાલતમાં ચાલી જતા ફરિયાદીના વકીલે એવી દલીલ કરી હતી કે, આ બનાવ બન્યો ત્યારે થોરાળા પોલીસ સ્ટેશનમાં ખરેખર રાજકોટ મહાનગરપાલિકાની ઢોર પકડ પાર્ટી અને સરકારી તંત્રની આવા રખડતા ઢોરોને પકડવામાં બેદરકારી અને નિષ્કાળજી રાખવા બદલ ગુનો દાખલ કરવાને બદલે મોટરસાઈકલના ચાલક મુકેશભાઈ વિરુદ્ધ આઈપીસીની કલમ ૨૪૯, ૩૦૪-એ વગેરે મુજબ ગુનો દાખલ કરી મૃતક વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી.ખરેખર મૃત વ્યક્તિની વિરુદ્ધ કોઈ ગુનો દાખલ થાય જ નહીં તેમ છતાં મહાનગરપાલિકાની બેદરકારીને છાવરવા માટે પોલીસે આવું કૃત્ય કર્યું હતું. મહાનગરપાલિકાના સંબંધિત ઢોર પકડ પાર્ટીની બેદરકારી અને નિષ્કાળજીના લીધે રસ્તામાં રખડતી ગાય આડી ઉતરતા મુકેશભાઈ રાઠોડનું મૃત્યુ થયું છે. મૃતક તેમના પરિવારના ભરણપોષણ કરવા માટેનો એકમાત્ર આધાર હતા.તેથી તેના વારસદાર હોય ઉપરોક્ત દીવાની દાવો દાખલ કરી નુકસાન વળતર મેળવવાની માગણી કરી છે.આ દાવામાં સિનિયર સિવિલ કોર્ટે વાદીઓ તરફથી વકીલ કે.બી. રાઠોડે સુપ્રીમ કોર્ટ તથા દિલ્હી હાઈકોર્ટ તેમજ પંજાબ હરિયાણા હાઈકોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકી દલીલ કરેલ હતી. સિનિયર સિવિલ કોર્ટે તેઓની દલીલ ગ્રાહ્ય રાખી વાદીની તરફેણમાં ચુકાદો આપેલ છે. રાજકોટની એડિશનલ સિનિયર સિવિલ જજ આઈ. એમ. શેખની કોર્ટે મૃતક મુકેશભાઈના વારસદારોને દાવો મંજૂર કરી રૂપિયા ૧૩,૭૦,૦૦૦નું નુકસાન વળતર વ્યાજ સહિત ચૂકવવાનો હુકમ કરેલ છે.

# સ્વામિનારાયણ મંદિરમાં ભાજપની સભા અંગે પ્રાંતનો કલેક્ટરને રિપોર્ટ

## કોંગ્રેસ દ્વારા સી-વિજિલ પોર્ટલમાં આચારસંહિતા ભંગની ફરિયાદ કરાઈ હતી



રાજકોટ:રાજકોટની લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાની તરફેણમાં કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિરના હોલમાં ભાજપના કાર્યકરોની તાલીમ-સભા યોજવા મુદ્દે કોંગ્રેસ દ્વારા સી-વિજિલમાં આચારસંહિતા ભંગની ફરિયાદ કરવામાં આવી હતી જે પ્રકરણમાં પ્રાંત અધિકારી નિશા ચૌધરી દ્વારા તપાસ કરી સોમવારે જિલ્લા કલેક્ટરને રિપોર્ટ સોંપી દેવામાં આવ્યો છે.કોંગ્રેસ દ્વારા સી-વિજિલમાં એવી ફરિયાદ કરવામાં આવી હતી કે, સ્વામિનારાયણ મંદિર ધાર્મિક સ્થળ છે અને ત્યાં તાલીમ કે સભા કરી શકાય નહીં. ભાજપ દ્વારા સ્વામિનારાયણ મંદિરમાં સભા અને તાલીમ યોજવામાં આવી છે જે અંગે કોઈ મંજૂરી લેવામાં આવી નથી. જે ફરિયાદના પગલે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ અંગેની તપાસ પ્રાંત અધિકારી નિશા ચૌધરીને સોંપવામાં આવી હતી. આ તપાસ પૂર્ણ થઈ જતા પ્રાંત અધિકારી ચૌધરીએ કલેક્ટરને તપાસ રિપોર્ટ આપી દીધો છે અને હવે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને રિપોર્ટ કરાશે.રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા દ્વારા પરસાણાનગરના એક કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ વિશે કરાયેલા નિવેદન બાદ મોટો વિવાદ સર્જાયો છે અને ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ થતાં રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીને તપાસના આદેશ કરવામાં આવ્યા હતા.રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીએ આ તપાસ પ્રાંત અધિકારી નિશા ચૌધરી અને મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર સ્વપ્નિલ ખરેને સોંપી હતી. જેમાં હવે એકાદ-બે દિવસમાં રિપોર્ટ કરી દેવાશે તેમ પ્રાંત અધિકારી નિશા ચૌધરીએ જણાવ્યું હતું. આ મુદ્દે સ્વપ્નિલ ખરે સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, એઆરઓને તપાસની કામગીરી સોંપી છે અને તેઓ રિપોર્ટ આપશે ત્યારબાદ જિલ્લા ચૂંટણી અધિકારીને રિપોર્ટ કરાશે.

# પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ: રાજકોટના યુનિવર્સિટી રોડ ઉપર આવેલા ગાયત્રી પાર્કમાં રહેતી જલ્પાબેન મેહુલભાઈ સાવલિયા નામની ૩૪ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી. ત્યારે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે જાણ થતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી પરિણીતાના મૃતદેહને પોસમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક જલ્પાબેન લોધિકા માવતર ધરાવે છે અને જલ્પાબેન સાવલિયાને સંતાનમાં એક પુત્ર છે. કોરોના કાળ સમયે નાના ભાઈનું અવસાન થયું હતું જેના વિયોગમાં જલ્પાબેન સાવલિયાએ ગળેફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# જે કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશની મનાઈ ત્યાં એડમિશન!

## ભૂલથી નામ ચડાવાઈ ગયાનો કુલસચિવ રમેશ પરમારનો લૂલો બચાવ

રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલિન કુલપતિ ગિરીશ ભીમાણીના સમયગાળામાં રાષ્ટ્રીય શાળામાં કાર્યરત નેશનલ સ્કૂલ ફોર ઈન્ટિરિયર ડિઝાઈન નામની કોલેજની જર્જરિત બિલ્ડિંગ, અધ્યાપકો વિના ચાલતી કોલેજ મામલે મીડિયાએ અહેવાલો પ્રસિદ્ધ કરતા આ કોલેજમાં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ ન ફાળવવા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, આજથી GCAS પોર્ટલ પર જયારે સ્નાતક કોર્સમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ તો તેમાં અગાઉ જોડાણ ન થયેલી કોલેજ અને તેના કોર્સની માહિતી દર્શાવવામાં આવી હતી અને તેમાં વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન પણ થયું. આ મામલે કોંગ્રેસના પૂર્વ સિન્ડિકેટ સભ્ય ધરમ કાંબલીયાએ કુલપતિ અને કુલસચિવ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો લગાવ્યા છે. જોકે, આ મામલે કુલસચિવ રમેશ પરમારને પૂછતા તેમણે ભૂલથી નામ ચડાવાઈ ગયાનો લૂલો બચાવ કર્યો હતો.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કોંગ્રેસના પૂર્વ સિન્ડિકેટ સભ્ય ધરમ કાંબલિયાએ જણાવ્યુ હતું કે, આજથી ગુજરાત કોમન એડમિશન સર્વિસ મારફત સ્નાતકના અલગ-અલગ કોર્સમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની ઓનલાઈન પ્રક્રિયા ય્ઝછજી પોર્ટલ પર શરૂ થઈ ચૂકી છે. આજે આ પોર્ટલ પર બે વર્ષ પહેલાં જે કોલેજનું જોડાણ રદ થઈ ગયું, તે નેશનલ સ્કુલ ફોર ઈન્ટીરિયર ડિઝાઈન કોલેજમાં પ્રવેશ માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ પોર્ટલમાં પ્રવેશ માટેની કાર્યવાહી સફળતાપૂર્વક પૂર્ણ પણ થઈ ગઈ. રાજકોટની રાષ્ટ્રીય શાળામાં ચાલતી BAID - બેચલર્સ ઈન ઈન્ટીરીયર ડિઝાઈનની કોલેજ અંગે પ્રસિદ્ધ થયેલા અહેવાલો, અધ્યાપકોની ભરતીમાં થયેલ લાલિયાવાડીને કારણે તત્કાલીન કુલપતિ ગીરીશ ભીમાણી અને સિન્ડીકેટે આ કોલેજનું જોડાણ તાત્કાલિક અસરથી રદ કરી રાજય સરકારને જાણ કરવામાં આવી હતી. આ કોલેજમાં ગત વર્ષે કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

# બામણબોર પંથકમાં ફફડાટ ફેલાવનાર દીપડો પાંજરે પૂરાયો

રાજકોટ:રાજકોટ જિલ્લાનાં બામણબોર પાસેનાં ગુંદાળા નજીક છેલ્લા પંદર દિવસથી ફફડાટ મચાવનાર અને ચારથી પાંચ પશુઓનાં મારણ કરનાર ખુંખાર દીપડો આજે વન વિભાગના પાંજરે પુરાયો હતો. બામણબોર ગામે રહેતા કલાભાઈ રઘુભાઈ ભરવાડે પોતાની વાડીની બાજુમાં છેલ્લા ૧૫થી ૧૬ દિવસથી દીપડાના ધામા હોવાની જાણ વન વિભાગને કરી હતી. જેને લઈને રાજકોટ રેન્જના અધિકારીઓ દ્વારા ગુંદાળા ગામમાં છેલ્લા ૧૫ દિવસથી પિંજરું મુકવામાં આવ્યું હતું. મોડીરાત્રે આ દીપડો પાંજરે પુરાઈ ગયો હતો. સવારે આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા ફોરેસ્ટ વિભાગના અધિકારી વિશાલભાઈ ડાંગર અને એની ટીમ દ્વારા દીપડાને સલામત સ્થળે ખસેડવા તજવીજ હાથ ધરાઈ છે.